નીતિ તરંગિણી

અથવા

બોધદાયક ગઝલ શતક.

લેખક

મહાસુખભાઈ ચુનીલાલ.

गुजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती साहित्य विभाग]

अनुक्रमांक ૨૪૮૭૨ निमत ૦

ग्रंथनाम ગીત ગોવિંદ

वर्गांक ૯ : ૬

નીતિ તરંગિણી

અથવા

બોધદાયક ગઝલ શતક.

લેખક

મહાસુખભાઇ ચુનીલાલ.

અનવરકાવ્ય, સચિત્ર કાવ્યસરિતા, અમૃતસરિતા નવલકથાના બે ગ્રંથ, વિસનગર અને વડોદરારાજ્યનો ટુંક ઇતિહાસ, કમનસીબ કુમારીકાનો નાટ્યપ્રયોગ વિગેરેના કર્તા.

વિસનગર.

VIRTUE HAS ITS OWN REWARD.
VICE ITS OWN PUNISHMENT.

વિક્રમાર્ક ૧૯૯૫. સન ૧૯૩૯

પ્રથમ આવૃત્તિ. પ્રત ૩૦૦૦

અમદાવાદ—ધી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ સુરેશચંદ્ર પોપટલાલે છાપ્યું. સલાપોસ રોડ.

કીંમત રૂ. ૦-૮-૦

આ પુસ્તક નીચેને ઠેકાણેથી મળશે—

વિસનગર— લેખક : મહાસુખભાઇ ચુનીલાલ શેઠ.

મુંબઇ— બુકસેલર એન. એમ. ઠક્કરની કંપની. ઠે. પ્રીન્સેસ સ્ટ્રીટ.

વડોદરા— પુસ્તકાલય સહાયક સહકારી મંડળ. ઠે. રાવપુરા.

અમદાવાદ— બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે ઠે. ત્રણ દરવાજા.

~~ગુજરાતના [illegible] સંગ્રહ~~

આ પુસ્તકના સર્વ હક્ક લેખકે સ્વાધીન રાખ્યા છે.

Printed at the Diamond Jubilee Printing Press
by Sureshchandra Popatlal Parikh.
Salapose Road – Ahmedabad.
and
Published by Mahasukhbhai Chunilal Sheth.
Raj Ratna and late member of the
Legislative Council – Baroda State.
Visnagar. (N. Gujarat)



સ્વર્ગસ્થ સૌ૦ શાન્તાબાઈ મહાસુખભાઈ.

જન્મ-વિક્રમાર્ક ૧૯૪૫ના આસો સુદ ૬.

અવસાન ૧૯૯૨ના દ્વિતીય ભાદરવા સુદ ૧૦.

તા. ૨૬-૯-૧૯૩૬ શનિવાર રાત્રી સમય.

॥ ૐ ॥

સ્વર્ગસ્થ ધર્મપત્ની સૌ૦ શાન્તા !

હૃદયના સ્નેહના સ્મારક
તરીકે હે જીવનસાથી !
સમર્પણુ આ કરૂં પુસ્તક
તને સ્નેહાંજલિ સાથે.

સદાનો વિયોગી

સ્નેહાર્દ્ર સહવાસી મહાસુખ.

Consolation.

Weep no more, nor sigh, nor groan,
Sorrow calls no time that's gone;
Violets plucked, the sweetest rain
Makes not fresh nor grow again;
Trim thy locks, look cheerfully;
Fates hidden ends eyes cannot see:
Joys as winged dreams fly fast
Why should sadness longer last?

— (Samuel Fletcher.)

Can storied urn, or animated bust,
Back to its mansion call the fleeting breath?
Can Honour's voice provoke the silent dust?
Or flattery soothe the dull cold ear of Death?

— (Thomas Gray.)

જીવનસાથી સદ્‌ગત સૌ૦ શાન્તાને
હૃદયસ્નેહાંજલિ—૧ *

(ગઝલ)

સ્મરણુમાંથી નથી ખસતી, હૃદયથી તે નથી ખસતી,
જિગર બળતું રહે હરદમ, સ્મરણુમાંથી નથી ખસતી.

ઘડી પ્હેલાં પૂૅરે પૂરી હતી આનંદી જે મૂર્ત્તિ,
હૃદય હા ! બંધ પડવાથી પલકમાં તે ઉડી ચાલી !

બની પૂરે પૂૅરી શાન્તા, હવે બોલાવી નવ બોલે,
પુછું શું પ્રશ્ન શાન્તાને ? હવે ઉત્તર મળે કયાંથી ?

જીવનસાથી ! શું સંભારૂં ? પ્રસંગો યાદ લાવું શું ?
હૃદય ઉભરાય ઉદ્વેગે, હૃદયને કળ નથી પડતી.

બન્યો સહવાસ જીવનનો ખરેખર સ્વપ્નવત્ આખર,
હવે સંભારી રડવાનું, ફરી તે મૂર્ત્તિ કયાં દેખું ?

જીવનના સાથીને શાન્તા ! મુકી રડતો ઉડી ચાલી,
જીવનનું જે મહા સુખ તે લઇ સાથે ઉડી ચાલી.

---

* મારી પત્નીના અવસાન વખતે મારૂં "સચિત્ર કાવ્યસરિતા" નામનું પુસ્તક છપાતું હતું તેમાં તેના વૈરાગ્યતરંગની શરૂઆતમાં આ કાવ્ય અંજલિ તરીકે પ્રકટ કરેલું છે તેને અત્ર સ્થાન આપી બાકીનાં અંજલિકાવ્યો—જુદા જુદા પ્રસંગોનાં દશ્યોથી ઉદ્‌ભવેલાં સ્મરણકાવ્યો—અશ્રમય ભીની કલમે અને સખેદ હૃદયે લખેલાં તે અત્રે આ સાથે મુકયાં છે.

સ્નેહાંજલિ—૨

ફરી બોલવાની શું નહીં ?

(ગઝલ અગર હરિગીતની રાહ.)

દેખું અહા આ શું અહીં ? બેભાન કે છું સ્વપ્નમાં ?
આ મૂર્ત્તિ શું ઉડી ગઇ ? ફરી બોલવાની શું નહીં ?

થોડા સમય ઉપર હસી જે બોલતી આનંદથી !
નથી તે હવે જરી બોલતી ! ફરી બોલવાની શું નહીં ?

ઘડી એકમાં આ શું બન્યું ? આ ખોટું કે સાચું દિસે ?
પળ પળ અરે પલટાય મન ! ફરી બોલવાની શું નહીં ?

મિંચી દઇ એ આંખને શું ઉંઘમાં આવી ગઇ ?
જાગૃત કરૂં જાગે નહીં ! ફરી બોલવાની શું નહીં ?

ભ્રાન્તિ મહીં ભૂલો પડી શંકા મહીં અથડાઉં છું !
નિદ્રા શું આ અવસાનની ? ફરી બોલવાની શું નહીં ?

નવ શ્વાસ ચાલે મુખથી ! નાડી ન ચાલે હાથની !
બસ હૃદય બંધ પડી ગયું ! ફરી બોલવાની શું નહીં ?

હે હૃદય ! તારી આ કૃતિ ? મુંઝાવીને ધડકી લીધું !
ધડકી લઇ પડયું બંધ શું ? ફરી બોલવાની શું નહીં ?

સ્નેહી ! અરે તુજ સંગમાં મારૂં મહા સુખ સૌ ગયું !
ઉડી ગઇ તું આમ શું ? ફરી બોલવાની શું નહીં ?

સ્નેહાંજલિ—૩

ઘા આ કેમ રૂઝાય ?

રાગ ધનાશ્રી.

("આંખ ભરે શું થાય ?" એ રાહ.)

ઘા આ કેમ રૂઝાય ? મુસાફર !
ઘા આ કેમ રૂઝાય ? એ ટેક.

ઘા બહુ કારી અંતરપટ પર !
મારૂં મન મુંઝાય ! મુસાફર ! ઘા આ કેમ રૂઝાય ?

તારી સાથે મુસાફરી કીધી,
પંથ નહીં વિસરાય ! મુસાફર ! ઘા આ કેમ રૂઝાય ?

પંથે વિધ વિધ આશ્રમ જોયા,
આશ્રમ નવ ભૂલાય ! મુસાફર ! ઘા આ કેમ રૂઝાય ?

આશ્રમનાં તે દશ્યો અંતર
નિરંતર ઉભરાય ! મુસાફર ! ઘા આ કેમ રૂઝાય ?

દશ્યોમાં જે શાન્તિ જોતો
તે જોતાં દુઃખ થાય ! મુસાફર ! ઘા આ કેમ રૂઝાય ?

પર્વત શિખર પરના રંગો
હાલ જુદા દેખાય ! મુસાફર ! ઘા આ કેમ રૂઝાય ?

દરિયા કાંઠાની શીત લહરી,
જાણે ઉઠી લ્હાય ! મુસાફર ! ઘા આ કેમ રૂઝાય ?

નૌકા ને સાગરના રંગો,
દુઃખમય સર્વ જણાય! મુસાફર! ઘા આ કેમ રૂઝાય?

દશ્યો વિધ વિધ સ્મરણુ કરાવે!
તે તે નવ સ્હેવાય! મુસાફર! ઘા આ કેમ રૂઝાય?

જીવન સ્વપ્નાં ઉડી ચાલ્યાં!
શું શું યાદ કરાય? મુસાફર! ઘા આ કેમ રૂઝાય?

કંપી ઉઠે છે હૃદય સ્મરણુથી!
હૃદય વિશેષ ઘવાય! મુસાફર! ઘા આ કેમ રૂઝાય?

શસ્ત્ર તણો ઘા ઔષધ રૂઝવે,
આની દવા ન કળાય! મુસાફર! ઘા આ કેમ રૂઝાય?

તારા વિના ચેન પડે નહીં!
તેનો શો ઉપાય? મુસાફર! ઘા આ કેમ રૂઝાય?

પૂરી મુસાફરી કેમ ન કીધી?
છોડીને શું જવાય? મુસાફર! ઘા આ કેમ રૂઝાય?

કોઈ દવા ભુલવાની બતાવે
તો આ ઘા રૂઝાય, મુસાફર! ઘા આ કેમ રૂઝાય?

મારૂં મહા સુખ છીનવી લીધું!
અંતર બળ બળ થાય! મુસાફર! ઘા આ કેમ રૂઝાય?

સ્નેહાંજલિ– ૪

આનંદ ક્યાં ઉડી ગયો? (પર્વતસ્મરણ.)

(ગઝલ અગર હરિગીતની રાહ.)

ગિરિશૃંગ પર ઉભો રહી આજે નિહાળું શું અહીં ?
છે હૃદય તે ને તેજ પણ આનંદ ક્યાં ઉડી ગયો ?

દૂર પૃથ્વી પર વ્હેતી સરિતા ચળકતી રવિકિરણથી,
દેખાય છે તે રંગ પણ આનંદ ક્યાં ઉડી ગયો ?

વિશ્રામસ્થાને બેસતાં જે શિતળ લહરી આવતી,
તે લહરી આવે આજ પણ આનંદ ક્યાં ઉડી ગયો ?

કોયલ અરે ટહુકારતી, પંખી મધુરાં બોલતાં,
ગાયન કરે છે સર્વ પણ આનંદ ક્યાં ઉડી ગયો ?

કૈં વૃક્ષનાં ફૂલો મહીંથી વાસ મનહર આવતી,
આવે સુગંધિ તેજ પણ આનંદ ક્યાં ઉડી ગયો ?

કુદરતની રચના તેજ છે પણ એકની ખામી દિસે,
તેના વિના સૌ શૂન્ય છે ! આનંદ ક્યાં ઉડી ગયો ?

મુજ જીવનસાથી તે સમે સાથે હતો રસ આપતો,
સાથીની સાથે સૌ ગયું ! આનંદ ક્યાં ઉડી ગયો ?

ગિરિનું મહા સુખ શું સ્મરૂં ? જિગર અરે ચીરાય છે !
ઘાથી રહે ઝરતું જિગર ! આનંદ ક્યાં ઉડી ગયો ?

સ્નેહાંજલિ– ૫

ઉડી ગયો ક્યાં રંગ ? (સરિતાસ્મરણ.)

રાગ ધનાશ્રી.

(આંખ ભરે શું થાય ? એ રાહ)

ઉડી ગયો ક્યાં રંગ ? સરિતા !
ઉડી ગયો ક્યાં રંગ ? એ ટેક.

સંધ્યા સમયે આવી કિનારે,
નિરખતો તુજ અંગ, સરિતા ! ઉડી ગયો ક્યાં રંગ ?
અંગની રચના આજ નિરખતાં,
કેમ ન ઉર ઉમંગ ? સરિતા ! ઉડી ગયો ક્યાં રંગ !
ઉછળી તરંગો લોચન હરતાં,
આજ હરે ન તરંગ ! સરિતા ! ઉડી ગયો ક્યાં રંગ ?
તુજ સખી લહરી મુજ મન હરતી,
આજ કરે મન ભંગ ! સરિતા ! ઉડી ગયો ક્યાં રંગ !
પતિપત્નીનો સંગ હું કરતો,
આજ ગમે ન પ્રસંગ ! સરિતા ! ઉડી ગયો ક્યાં રંગ ?
તું તો તે ને તેજ સરિતા !
સાથી નહીં મુજ સંગ ! સરિતા ! ઉડી ગયો ક્યાં રંગ ?
સાથી મહા સુખ લઈને ચાલ્યો,
વિપરિત આજ પ્રસંગ ! સરિતા ! ઉડી ગયો ક્યાં રંગ ?

 ૨૧૮૪૨

સ્નેહાંજલિ— ૬

ચેન કૈં પડતું નથી! (ઉપવનસ્મરણ.)

(ગઝલ અગર હરિગીતની રાહ,)

સુંદર ખીલેલો બાગ છે, આનંદદાયક સ્થાન છે,
રચના મનોહર સર્વ છે, પણ ચેન કૈં પડતું નથી!
કુદરત ખીલી રહી ઉપવને, હસીને હસાવે ભાવથી,
પણ મુખ પર હસવું ન આવે, ચેન કૈં પડતું નથી!
અભિનયકલા તેની વિલોકી મોહ જે થાતો હતો,
તે મોહ ઊડી ક્યાં ગયો? હા! ચેન કૈં પડતું નથી!
વર્શી વૃક્ષના કૈં કુંજમાં બુલબુલ મધુરૂં ગાય છે,
પણ આજ તે ગમતું નથી ને ચેન કૈં પડતું નથી!
આ વૃક્ષ ને આ વેલનાં આલિંગનો નિહાળીને,
જાગી ઉઠે સાથી સ્મરણમાં! ચેન કૈં પડતું નથી!
પુષ્પો પરે બેસી ભ્રમર ચુંબન કરી રસને ગ્રહે,
વ્યાકુળ બને મન તે નિહાળી! ચેન કૈં પડતું નથી!
સંસાર સાથીસંગનો સૌ સ્મરણમાં આવી ચડી,
ધડકાવી મૂકે હૃદયને, ને ચેન કૈં પડતું નથી!
વિહાર કરી સાથીની સંગે જે મહા સુખ માણતો,
તે આજ પલટાઇ ગયું, ને ચેન કૈં પડતું નથી!

સ્નેહાંજલિ— ૭

રસ હ્રદયેથી સુકાય. (ચંદ્રિકાસ્મરણ.)

રાગ ધનાશ્રી—("આંખ ભરે શું થાય ?" એ રાહ.)

રસ હ્રદયેથી સુકાય, વિયોગે, રસ હ્રદયેથી સુકાય.
ચંદ્રિકા આ કેવી ઝગે છે ?
પણ નવ રસ ઉભરાય, વિયોગે, રસ હ્રદયેથી સુકાય.
ચંદા ! આજે તું શું બાળે ?
કાય અરે પીડાય, વિયોગે, રસ હ્રદયેથી સુકાય.
તારી સખી નત્ર સંગે મારી,
તેથી શું રીસાય ? વિયોગે, રસ હ્રદયેથી સુકાય.
બળતાને તું શિદને બાળે ?
નિર્દય આમ શું થાય ? વિયોગે, રસ હ્રદયેથી સુકાય.
એક સમે તું અમ બંનેની
રસમય કરતી કાય ! વિયોગે, રસ હ્રદયેથી સુકાય.
તે રસ માંહે મગ્ન થતાં બે !
તે તે કેમ ભુલાય ? વિયોગે, રસ હ્રદયેથી સુકાય.
ચંદા ! શાંતિની તું મૂર્ત્તિ,
પણ વરસાવે લ્હાય ! વિયોગે, રસ હ્રદયેથી સુકાય.
વિપરિત આમ તું કામ કરે છે !
દિલથી મહા સુખ જાય, વિયોગે, રસ હ્રદયેથી સુકાય.

સ્નેહાંજલિ– ૮

મનને નહીં આરામ છે. (દરિયાકિનારાસ્મરણ.)

(ગઝલ અગર હરિગીતની રાહ.)

દરિયાકિનારે બેસીને આરામ લેતાં પ્રેમથી,
થાતાં સ્મરણ તે પ્રેમનું મનને નહીં આરામ છે.

પતિ પત્ની ને સ્ત્રી પુરૂષને ફરતાં અમે નિહાળતાં,
તે દેખી આજે દૃશ્યને મનને નહીં આરામ છે.

માશૂક આશકની અમે છુપી વાત કરતાં તે સમે,
કોનાથી તે ચર્ચા કરૂં ? મનને નહીં આરામ છે.

તેવાં નિહાળી યુગલને આનંદ થાતો તે સમે,
પણ આજ દેખી મન બળે, મનને નહીં આરામ છે.

છૂપી ભીતરની વાત કરવાનું નહીં જ્યાં સ્થાન છે,
તે સ્થાન વિના વિશ્વમાં મનને નહીં આરામ છે.

વાતો કરૂં છું અન્યથી પણ છૂટ તેવી કયાં મળે ?
વિવેકના પડદાજ ત્યાં મનને નહીં આરામ છે.

દરિયાકિનારો તેજ છે, આરામસ્થાનો તેજ છે,
પણ સાથીની સોબત વિના મનને નહીં આરામ છે.

ફરતો ફરૂં આરામ માટે, પણ નહીં આરામ છે,
કયાંથી મહા સુખ મેળવું ? મનને નહીં આરામ છે.

સ્નેહાંજલિ—૯

શાન્તિ અરે ચાલી ગઇ !

(ગઝલ અગર હરિગીતની રાહ.)

ગત સ્મરણના આવેશથી સ્મરણાવળી ગુંથાય છે,
મુંઝાવી નાખે હૃદયને, શાન્તિ અરે ચાલી ગઇ !

વિચાર સાગરની મહીં પૂરે પૅરો ડૂબી રહ્યો !
રૂંધાઉં છું ! અકળાઉં છું ! શાન્તિ અરે ચાલી ગઇ !

નવ અન્ય વિચારો પ્રવેશે, આમ મુંઝવણ થાય છે,
ઉપાય નવ સુઝે મને, શાન્તિ અરે ચાલી ગઇ !

વિનોદ કરૂં છું અન્યથી, પણ ચિત્ત તો ત્યાં ત્યાં વસે !
ત્યાંથી જરા પણ નવ ખસે, શાન્તિ અરે ચાલી ગઇ !

ફરવા અહા હું જાઉં છું, પણ ચેન કૈં પડતું નથી;
ભૂલી જવાતું તે નથી, શાન્તિ અરે ચાલી ગઇ !

દૈવી દવા જે ભૂલવાની કોઇ નથી બતલાવતું,
લાગે દિલાસો દુઃખ સમ, શાન્તિ અરે ચાલી ગઇ !

દિલની કરૂં આ વાત તો પાગલ મને દુનિયા ગણે,
સાથી વિના સ્થિતિ આ બની! શાન્તિ અરે ચાલી ગઈ!

સાથીવિરહની વેદના બાળે મહા સુખ હૃદયનું,
બળતું હૃદય હર દમ રહે ! શાન્તિ અરે ચાલી ગઇ !

———

સ્નેહાંજલિ– ૧૦

પડ્યો હું એકલો છૂટો.

કવાલિ.

જીવનના સ્નેહીની સંગે જીવનદામ્પત્યનું સ્નેહે
ગુજાર્યું, હા હવે અંતે પડ્યો હું એકલો છૂટો.
જીવનભર બે અહો રાત્રી લીધો આનંદ જોડાઇ,
ઉડી ગયું એક તેમાંથી, પડ્યો હું એકલો છૂટો.
પરસ્પર એક બીજાનાં હૃદય ખાલી થતાં સ્નેહે,
હવે તે વાત ક્યાં કરવી ? પડ્યો હું એકલો છૂટો.
પડી ખામી વિના તેના, પળે પળ યાદ આવે છે,
જગત સૌ શૂન્ય લાગે છે, પડ્યો હું એકલો છૂટો.
જીવનરથચક્ર બે ફરતાં હતાં સંસારના માર્ગે,
તુટી ગયું એક તેમાંથી, પડ્યો હું એકલો છૂટો.
જીવનરથ એક ચક્રે હા ! ચલાવ્યો શી રીતે ચાલે ?
વિપત્તિ માર્ગમાં આવી ! પડ્યો હું એકલો છૂટો,
મુસાફરી કેરી મુશ્કેલી પડી પૂરેપૂરી માથે !
હૃદય શિદ તે સહન કરશે ? પડ્યો હું એકલો છૂટો.
હતી સંસારના પંથે મુસાફરી સુખમય મારી,
મહા સુખ તે ઉડી ચાલ્યું ! પડ્યો હું એકલો છૂટો.

સ્નેહાંજલિ—૧૧

દવા ભુલવાની બતલાવે.

કવાલિ.

હકીમ ડૉકટર અને વૈદ્યો હજારો દુનિયામાં છે,
જડે નવ એક એવો જે દવા ભુલવાની બતલાવે.
દવા વિધ વિધ રોગોની પડે છે સેંકડો નજરે,
ન કોઈ ગ્રંથ માંહેથી દવા ભુલવાની બતલાવે.
ન જ્યાં નિદાન વ્યાધિનું, ચિકિત્સા શી પછી કરવી ?
ફરૂં જ્યાં ત્યાં નહીં કોઇ દવા ભુલવાની બતલાવે.
દવા જો તેની માગું તો હસે ડૉકટર ગણી પાગલ,
દિલાસો દે, નહીં કિન્તું દવા ભુલવાની બતલાવે.
વહે પૂર વેગથી સ્મરણો, હૃદયને બાળી મૂકે છે,
ગઇ શાન્તિ, નહીં કોઈ દવા ભુલવાની બતલાવે.
કર્યો શું સ્નેહ આ માટે ? હવે તે સ્નેહ સાલે છે,
નહીં આ દર્દીને કોઇ દવા ભુલવાની બતલાવે.
પ્રીતિ જ્યાં જેટલી બાંધી, પીડા ત્યાં તેટલી નિશ્ચે,
પીડાતા પ્રેમીને નવ કો દવા ભુલવાની બતલાવે.
વિસાર્યું કૈં નહીં વિસરે, મહાસુખને નહીં શાન્તિ,
નહીં ધન્વન્તરી કોઇ દવા ભુલવાની બતલાવે.

સ્નેહાંજલિ—૧૨

હવે એ સ્નેહ સાલે છે.

કવાલિ.

ભિજાવી સ્નેહથી તન મન બનાવ્યાં એક બંનેનાં,
છુટાં થાતાં ચિરાયે છે, હવે એ સ્નેહ સાલે છે.

સજડ જ્યાં સ્નેહ જામ્યો ત્યાં ચિરાતાં ઘા પડે કારી,
વહે રૂધિર તેમાંથી, હવે એ સ્નેહ સાલે છે.

પરસ્પર સ્નેહના યોગે લીધેલાં સુખ આનંદો,
ચિતારો તે દુભાવે છે, હવે એ સ્નેહ સાલે છે.

ચિતારો તે ચડી ચિત્તે, નહીં ઘાને રૂઝાવા દે,
રહે ઝરતું હૃદય હર દમ, હવે એ સ્નેહ સાલે છે.

કૃતિ આ સ્નેહની કેવી! કરે છે કામ દુશ્મનનું,
સદા જે શાન્તિને દેતો હવે એ સ્નેહ સાલે છે.

સદા સંસારનાં કામો સરસ જે લાગતાં નજરે,
હવે નિઃરસ જણાયે છે, હવે એ સ્નેહ સાલે છે.

પરસ્પર સ્નેહ સંધાઇ કરે રસમય અરે કુદરત,
પરંતુ આ વિયોગે સા હવે એ સ્નેહ સાલે છે.

લીલા આ કેવી કુદરતની! હસાવીને રડાવે છે,
મહા સુખ આપતો હૃદયે હવે એ સ્નેહ સાલે છે.

"*When I am gone.*"

" When I am gone from this mortal view
The skies will wear their wonted blue;
The clouds distil the summer rain
On leafy wood and grassy plain;
And flowers will smile through morning dew.
The birds I loved will still be true
To their old haunts, flutter through
The boughs, nor alter one sweet strain
When I am gone.
The silent moon will wax and wane
Heedless that I ne'er come again;
Cold stars roll round in order due;
But hearts–warm hearts–perchance a few
With loving tears some cheeks will stain
When I am gone."

(School Final E. 1897.)

આ ફાની દુનિયામાંથી અદશ્ય થયા પછી આ વિશ્વમાં માત્ર સ્નેહાર્દ્ર સ્નેહીના હૃદય શિવાય કોઇ સ્થળે કુદરતના હમેશના કાર્યક્રમમાં લેશમાત્ર ફેરફાર દષ્ટિગોચર થતો નથી તે સંબંધી એક અંગ્રેજ કવિ ઉપર પ્રમાણે પોતાના ઉદ્દગારો વ્યકત કરે છે. આ કાવ્ય મારા " અનવર કાવ્ય " નામના પુસ્તકમાં મારા સ્વર્ગસ્થ વડીલ બંધુને આપેલી અંજલિના કાવ્ય સાથે પ્રકટ કરવામાં આવેલું છે.

પ્રસ્તાવના.

મારી પત્નીના અકાળ અને અચાનક અવસાનથી ઉદ્ભવેલી મારી મનોદશાના પરિણામે આ કાવ્યોનો જન્મ થયો છે. તેના મૃત્યુથી મારા હૃદય ઉપર થયેલા આઘાતથી મારૂં મન અસ્વસ્થ બની રહ્યું. આવી માનસિક વ્યથાના યોગે શારીરિક વ્યાધિએ પગપેસારો કર્યો. હૃદય નબળું પડ્યું અને લોહીનું દબાણ (blood pressure-systolic) બસો સુધી રહેવા લાગ્યું. સ્નેહી ડૉક્ટરોએ કોઇ પણ પ્રકારનો શારીરિક કે માનસિક પરિશ્રમ નહીં લેવાની અને માત્ર શાંતિપૂર્વક આરામમાં પડી રહેવાની સલાહ આપી અને મને સ્પષ્ટ શબ્દોમાં આગ્રહભરી રીતે પરંતુ લાગણીપૂર્વક સંભળાવી દીધું કે "જો તમે તેમ નહીં કરો તો તમારી પત્નીની માફક તમારૂં હૃદય પણ ક્ષણુવારમાં બંધ થઇ જશે. તમે જીવો છો એજ અમારી દૃષ્ટિએ નવાઇ લાગે છે."

આવી એમની સ્નેહભરી સલાહ પ્રમાણે શાંત પડી રહેવાથી વિચારસાગરના વમળમાં પડી જવાનો મનને સંપૂર્ણ અવકાશ મળ્યો, જેના પરિણામે માનસિક વ્યથામાં વૃદ્ધિ થવા લાગી. મન ગત સ્મરણમાં ઉતરવાથી હૃદયની ગતિ તીવ્ર–જોશ ભરેલી થઇ પડી. આવી પરિસ્થિતિ ઉપસ્થિત થવાથી વિચારના પ્રવાહને બદલાવવા માટે મુસાફરીએ જવાનું પસંદ કર્યું.

શરૂઆતમાં મારા સ્નેહી બાળમિત્રની સાથે કાઠીઆવાડમાં જામનગર, દ્વારકા, ઓખા, મોરબી, તે પછી અજમેર, ન્યુ દીલ્હી, જયપુર વીગેરે શહેરોમાં જઇ આવી કેટલોક વખત મુંબઇમાં ગાળ્યો. ત્યાંથી આવી અત્રે વિસનગરમાં મળેલી વડોદરા રાજ્ય પ્રજામંડળની

પરિષદ્‌માં ભાગ લઈ બે માસ પછી ઉનાળામાં હવા ફેર કરવા માટે આબુ ગયો. ત્યાં આઠ દસ દિવસ રહ્યો પણ કોણ જાણે મન એવા વિચારના વમળમાં પડી ગયું કે હૃદયને બિલકુલ ચેન પડ્યું નહીં. તેથી ત્યાં વધારે દિવસ નહીં રોકાતાં તરત પાછો વિસનગર આવ્યો અને બીજા જ દિવસે રાત્રે, મારી પત્ની જેવી રીતે હૃદયમાં ગભરામણ થવાથી માત્ર વીસ મીનીટમાંજ હૃદય બંધ પડવાથી અવસાન પામી હતી તેવીજ રીતનાં તમામ ચિહ્નો મને અચાનક રીતે થવા લાગ્યાં. મારી પત્નીની અંતિમ અવસ્થા મેં જોયેલી હતી એટલે મને તરતજ સમજાયું કે હવે એ રીતે મારી પણ અંતિમ અવસ્થા નજીક આવે છે. ડૉક્ટરોને બોલાવ્યા. તે આવતા સુધીમાં તો હું ઠંડો થઈ ગયો, ખુબ પસીનો છુટવા લાગ્યો, ડૉક્ટરોએ આવીને મને તપાસ્યો, હૃદય અનિયમિત થઈ ગયું હતું, બંધ થવા જેવી સ્થિતિ ઉપર આવ્યું, નાડિનો કોઈ કોઈ મંદ ધબકારો જણાતો, આથી ડૉક્ટરોએ આશા મુકી, મારા જૈનધર્માનુસાર અંતિમ સ્મરણ કરવાની ક્રિયા પણ મારી શુદ્ધિમાં થવા લાગી. ડૉક્ટરો જો કે નિરાશ થયા હતા પરંતુ હું કોઈ કોઈ વખત ભાનમાં આવી ધીમો પણ સમજીને જવાબ આપતો હોવાથી તેમને હિંમત રહેવાથી હૃદયને બળ (tone) આપવા ઈન્જેક્શન અને દવા આપવાના પ્રયોગો કરતા રહ્યા, અને ચાર પાંચ કલાક પછી હૃદય ઠેકાણે આવ્યું અને ચાલવા લાગ્યું. પંદર દિવસે શરીર મૂળ સ્થિતિ ઉપર આવ્યું પણ ગત સ્મરણના આવેશથી માનસિક અસ્વાસ્થ્ય તો તેવું ને તેવુંજ કાયમ રહ્યું. લોહીનું દબાણ દિન પ્રતિ દિન વધવા લાગ્યું.

મને વિચાર થયો કે ગત વસ્તુ વિસારે પાડવા માટે મુસાફરીમાં જુદાં જુદાં દૃશ્યોનું અવલોકન કરવામાં અને જો તે સાથે કાવ્યો લખવામાં મનને વાળવા પ્રયત્ન કરવામાં આવે તો હૃદયને શાંતિ વળશે, તેથી ભાવનગર અને પાલીતાણાની યાત્રાએ જઈ આવી,

મારવાડમાં જોધપુર, ઉદયપુર અને રીખવદેવની યાત્રા કરી આવ્યો. તે સમયમાં મારી ધારણા પ્રમાણે કાવ્યો લખવાનો ઉદ્દેશ કેટલાક અંશે બર આવ્યો અને મનને નવીનતા સાથે વિશ્રાંતિ (recreation) મળવાથી કાંઈક ઠીક લાગ્યું; તેથી ગુર્જર સાહિત્ય પરિષદ્‌નો પ્રસંગ સાધી સિંધ પ્રદેશમાં કરાંચીની જુદી જુદી સભાઓમાં ભાગ લઈ હૈદ્રાબાદ વીગેરે શહેરો જોઈ આવ્યો. તે પછી કેટલોક વખત મુંબઈમાં ગાળી હિંદી મહાસભા (national congress) ની બેઠક જોવા હરિપુરા ગયો અને ત્યાંથી નવસારી થઈ અત્રે આવ્યો.

આમ મુસાફરીનો પ્રયોગ કેટલાક અંશે મને ફાયદાકારક લાગવાથી હિંદના સ્વીટ્ઝરલેંડ સમાન ગણાતા **કાશ્મીર**ના રમણીય પ્રદેશના પ્રવાસે નીકળ્યો. રેલ્વે માર્ગે જમ્મુ સ્ટેશને ઉતરી તે શહેર જોઈ ત્યાંથી મોટર કારમાં (કાશ્મીરમાં કોઈ સ્થળે રેલ્વે નહીં હોવાથી) શ્રીનગરના બસો માઇલ લંબાઈના પહાડી પ્રદેશના રસ્તે જવા નીકળ્યો. કેટલોક માર્ગ કાપ્યા પછી સૃષ્ટિસૌન્દર્યનાં દર્શન થવા લાગ્યાં. સર્પાકારે વહેતી અને કોઈ કોઈ સ્થળે હિમાલય પર્વતોની ઉંડી ખીણમાં સમાઈ જઈ જાણે મુગ્ધાની માફક લજ્જાથી શરમાતી હોય તેમ તદ્દન સંકુચિત સ્વરૂપમાં, અને કોઈ કોઈ સ્થળે પ્રગલ્ભાની માફક લજ્જાનું અનાવરણ કરી વિશાળપટમાં દસ્યમાન થઈ પ્રૌઢ સ્વરૂપમાં જણાતી **ચીનાબ** નદીનાં આકર્ષક દસ્યો જોતો જોતો સંધ્યાસમય થવાથી પર્વત ઉપર આવેલા એક નાના ગામમાં આવી ડાક બંગલામાં મુકામ કર્યો.

પ્રાતઃકાળ થતાં મુસાફરી શરૂ કરી. હવે પચાસ માઈલ બાકી હતા. ઉંચા પર્વતોના જોખમ ભરેલા ઢાળની બાજુ પર બનાવેલા રસ્તે અમારી મોટર દોડવા લાગી. અરધા ધૂમસથી ઘેરાયેલા વાતાવરણમાં કેટલાક માઇલ કાપ્યા બાદ નવ હજાર ફીટની ઉંચાઈએ બે ફરલાંગ લાંબી એક ટનલમાં અમારી મોટર પસાર થઈ અને પર્વતની બીજી બાજુના રસ્તે અમારી મોટર નીચે ઉતરવા લાગી. કારણ કે

શ્રીનગર ઉંચા હિમાલય પર્વતોની ફૉલ્લેબંધી વચ્ચે સાડા પાંચ હજાર ફીટની ઉંચાઇએ વિશાળ સપાટ ફળદ્રુપ ખીણુમાં હોવાથી અમારે સાડા ત્રણ હજાર ફીટ હવે નીચે ઉતરવાનું હતું. મોટર ડ્રાઇવરની દરકાર, ચાલાકી અને કુશળતા ઉપર અમારી સહીસલામતી અવલંબીને રહેલી હતી. આવો વિકટ ગણાતો પહાડી રસ્તો પણ સુંદર, રમણિક અને આનંદદાયક લાગતો હતો અને સાથે સાથે ઉપરથી ઠેઠ નીચે ઉંડી ખીણોમાં નજર કરતાં જોખમ ભરેલી પરિસ્થિતિનો વિચાર થતાં ઘડીભર હૃદય ધડકતું, પરંતુ અમારી દૃષ્ટિ આગળ રમી રહેલા ગિરિશૃંગોના, શિખરોથી અથડાતાં વાદળાંના, તેમાં પ્રકાશ મારતાં સૂર્યકિરણોના, ધૂમસના પલટાતા રંગોના, મનોહર દેખાતી વનસ્પતિ વીગેરેના આકર્ષક અનેક કુદરતી વિધ વિધ દેખાવોથી હૃદયની ધડકતી પરિસ્થિતિ પલટાઈ અદૃશ્ય થઈ જતી અને તેને બદલે આનંદ વ્યાપી રહેતો હતો.

થોડાક વખત પછી દૂરથી કાસ્મીરની રાજધાની શ્રીનગર શહેરનો પ્રદેશ દૃષ્ટિગોચર થવા લાગ્યો. વચ્ચે રસ્તામાં બાજુએ **ઝેલમ** નદીના મૂળ રૂપ ગણાતા ચસ્માવેરીનાગની ભૂમિકાની પ્રાચીનતા અને કુદરતી મોટા ઉંડા ઝરાની અને કુંડોની ભવ્ય રચના જોઇ તથા બાજુમાં સુંદર પુષ્પોથી ખીલેલા બાગ તથા તે સાથે પ્રાચીન વખતના રાજાઓના મહેલનાં ખંડેરોનું અવલોકન કરી શ્રીનગર તરફનો રસ્તો લીધો. સપાટ જમીન ઉપર આવતાં સડકની બંને બાજુએ સીધી લાઇનમાં એક સરખાં ઉંચાં ગગનચુંબી પોપલર તેમજ સુનારનાં વૃક્ષો દૃષ્ટિગોચર થવા લાગ્યાં. આ પ્રમાણે કુદરતી દૃશ્યો જોતો જોતો શ્રીનગર પહોંચ્યો. મુકામ કર્યા બાદ ત્યાંના પ્રખ્યાત ચસ્મેશાહી, નિશાદબાગ, અને સાલેમાર બાગ કે જેમાં ઉડતા ફુવારા અને રંગી બેરંગી ફૂલ ઝાડોની રમણીય રચના આનંદાશ્ચર્ય પમાડે છે તે જોઈ આવી, શીકારામાં (નાના મછવામાં) બેશી ડાલ લેક (ડાલ સરોવર)ની સહેલગાહે નીકળ્યો. ઝેલમ

નદી સાથે જોડાયેલા આ વિશાળ સરોવરમાં પ્રવેશ કર્યો. નદીમાં અને સરોવરમાં સેંકડો નાની મોટી હાઉસ બોટ (નૌકાનિવાસ ગૃહ) પડેલી હતી. મુસાફરો રહેવા માટે આનો ઉપયોગ કરે છે, હું પણ તેમાં ત્રણ દિવસ રહ્યો હતો. આ હાઉસ બોટની સાથે રસોડા માટે જુદો મછવો તથા કિનારે ફરવા શીકારા આપવામાં આવે છે. દરેકમાં પાંચથી દસ ઓરડા હોય છે તેમાં દરેક પ્રકારનું ફર્નીચર અને કોઇ કોઇમાં વીજળીની બત્તીઓ હોય છે. કેટલીક તો એવી સુંદર હોય છે કે તેને હાઉસ બોટને બદલે ટ્રેવેલીંગ બંગલો કહીએ તો ચાલી શકે.

આ સરોવરમાં આશ્ચર્યજનક ફ્લોટીંગ ગાર્ડન (તરતી વાડીઓ) જોવામાં આવી. ઘાસના વિશાળ ત્રાપા બાંધી ઉપર માટી નાખી તેમાં ભાજી ઉગાડી ફળદ્રુપ ખેતર જેવું બનાવેલું હોય છે. આ ખેતરોને ખસેડીને એક સ્થળેથી બીજા સ્થળે લઇ જવાય છે. જાણે માટી ઉપર વાડી ખીલી રહી હોય તેવો આબેહુબ દેખાવ જણાય છે. જો આનો ભેદ ખુલ્લો કરવામાં ન આવે તો મુસાફરો તેને જમીન ઉપરનાં ખેતરોજ સમજે. તેની નીચે પાણી છે તેનો જરા પણ ખ્યાલ આવેજ નહીં.

ઝેલમ નદી શહેર વચ્ચે હોવાથી જવા આવવા માટે લાકડાના સાત પૂલ બાંધેલા છે જે 'સેવન બ્રીજ' તરીકે ઓળખાય છે. નદીની બીજી પાંચ સાત નહેરો શહેરમાં હોવાથી તેના ઉપર પણ તેવા નાના પૂલો બાંધેલા છે, તેથી જાણે નદી અને નહેરો, મુખ્ય સડક અને મહોલ્લાના રસ્તા હોય તેવો દેખાવ લાગે છે. ગાડીના બદલે શીકારા (મછવા) ફરે છે, આ સેવન બ્રીજની સફર કરી આવવાથી શહેરના બંને કિનારાનાં જુનાં પુરાણાં ઘરોનો અને નદીનો ખ્યાલ આવે છે.

એ રીતે શહેરનું અવલોકન કરી રાજ્ય કચેરીઓ, વિદ્યાલયો, હોસ્પીટલ, મોટી મસ્જીદ, ક્ષીરભવાનીનું મંદિર કે જ્યાં મુસદ્દી વર્ગમાં

જાણવાનું મળી આવે છે ત્યાં, તથા જોવા લાયક કારખાનાં, મકાનો વીગેરે જોઈ આવી કાસ્મીરનાં હવાખાવાના રમ્ય પ્રદેશો જોવા નીકળ્યો.

દક્ષિણમાં જેમ માથેરાન, લાનોલી, દેવલાલી, પંચગની, મહાબળેશ્વર વીગેરે છે તેમ કાસ્મીરમાં શ્રીનગરથી સાઠ માઇલ દૂર પહેલગામ હવાનું સ્થાન છે તે તરફ મુસાફરી શરૂ કરી. વચ્ચે મટન (માર્તંડ)માં ત્યાંના પંડિતોનું માર્તંડેશ્વરનું મંદિર તથા પાણીના ઝરાવાળો મોટો કુંડ, અચ્છાબલનો સુશોભિત બાગ અને પાણીના ઉડતા સુંદર ફુવારા તથા કુંડો, અને અનંતનાગના ગંધકના ઝરા જોઇ પહેલગામ પહોંચ્યો. તે ૭૨૦૦ ફીટની ઉંચાઈએ હોવાથી ઠંડી રહે છે. સેંકડો હવાખાવાના સહેલાણીઓ આ પહાડી પ્રદેશ ઉપર તંબુ ઠોકીને રહે છે.

પહેલગામથી હિમાલયના અમરનાથની યાત્રાએ જવાય છે. તે ત્યાંથી ૨૭ માઇલ દૂર છે. ચડાવ ઘણોજ હોવાથી તેમજ પર્વત ઉપર ચડવાનો સાંકડો, વિકટ અને જોખમ ભરેલો રસ્તો હોવાથી ઘોડા ઉપર કે ડોળીમાં બેશીને મુસ્કેલીથી જવાય છે. અમરનાથ સત્તર હજાર ફીટની ઉંચાઈએ આવેલું છે તેથી ત્યાં બરફ જામેલો રહે છે; ત્રણ ચાર માઇલ તો બરફ ઉપર થઈને જવાનું હોય છે. ત્યાં એક મોટી ગુફા છે તેમાં શિવ, પાર્વતી અને ગણપતિની મૂર્ત્તિના આકાર બરફના બનેલા છે. જતાં આવતાં પાંચ દિવસ લાગે છે. આ વખતે ત્યાં શ્રાવણ માસના મેળાનો પ્રસંગ હોવાથી મારી સાથેની મંડળી ત્યાંની યાત્રાએ જતી હતી તેથી તેમની સાથે જોડાવા મને આગ્રહ કર્યો પરંતુ ત્યાંની અસહ્ય ઠંડી અને વિકટ પહાડી રસ્તાની મુસ્કેલીઓ, લોહીના દબાણવાળી અને નબળા પડી ગયેલા હૃદયવાળી મારી શારીરિક સ્થિતિને તદન પ્રતિકૂળ હોવાથી હું તેમની સાથે જોડાયો નહીં. જો કે તે ઠંડા પ્રદેશનું પહાડી સૃષ્ટિસૌન્દર્ય જોવાની પ્રબળ ઇચ્છા તો થઈ હતી છતાં તે ઇચ્છા ઉપર અંકુશ મુકી તેમની સાથે અમરનાથની યાત્રાએ નહીં જતાં પાછો શ્રીનગર તરફ ચાલ્યો.

પહેલગામથી પાછા ફરતાં રસ્તાની સડકની સાથે પાણીનો એક મોટો ઝરો ૨૧ માઇલ સુધી પથ્થર સાથે અથડાતો, મોજાં ઉછાળતો, પાણી પર ફીણ ફેલાવતો ચાલી રહ્યો હતો. આ ઝરો મોટો હોવાથી તે લીદાર નદી તરીકે ઓળખાય છે. આ દેખાવ ઘણોજ ભવ્ય અને ચક્ષુને તલ્લીન કરનાર લાગે છે. તેમાં પહાડી જંગલમાંથી કાપેલાં ઇમારતી લાકડાંના મોટા હજારો કડકા (ગોળવા) તરતા અને ઉછ-ળતા તણાતા જતા દૃષ્ટિગોચર થાય છે.

આ પ્રમાણે પહેલગામ તરફ ફરી આવી ગુલમર્ગના હવાના સ્થળ તરફ ગયો. ચડાવ વધારે હોવાથી ઘોડાની સ્વારી ચાર માઇલ સુધી કરવી પડી. આ પહાડી પ્રદેશમાં છુટા છુટા નાના નાના બંગ-લાઓમાં મુસાફરો રહે છે. એ રીતે હવાખાવાના કાસ્મીરના રમણીય પ્રદેશમાં ફરી આવી રાવલપીંડીના માર્ગે પાછો વળ્યો.

જેવી રીતે જામુના રસ્તે ચીનાબ નદી આકર્ષણ કરતી હતી તેવી રીતે આ રસ્તે ઝેલમ નદી દસ્યમાન થતી હતી. કેટલાક માઇલો સુધી તો તે જાણે અમારી સાથે દોડવામાં હરીફાઈ કરતી હોય તેમ પૂર વેગથી ચાલતી હતી અને કોઈ કોઈ સ્થળે તો પર્વતોની ઉંડી ખીણોમાં એવી સમાઈ જતી હતી કે તે જાદુ ભરેલી રીતે અદસ્ય થઇ જતી હતી.

આ રસ્તો પણ બસો માઇલનો હોવાથી રાત્રે મરીમાં મુકામ કરી રાત્રે તે હવા ખાવાનું સુંદર પહાડી શહેર (hill station) જોઇ ત્યાંથી સવારે નીકળી રાવળપીંડી પહોંચ્યો. ત્યાંથી રેલ્વે માર્ગે પંજાબમાં લાહોર શહેરમાં ઉતરી ત્યાંના મકબરા, કીલ્લો, શાહી-મસજીદ, શીખોનું મંદિર, લોરેન્સ ગાર્ડન વીગેરે સ્થળો જોઇ ત્યાંથી અમૃતસર જઇ ત્યાંનાં શીખોનું મોટું મંદિર જે "ગોલ્ડન ટેમ્પલ" તરીકે ઓળખાય છે, તેની પાસે આવેલા જલીઆનવાળા બાગનું ઐતિહાસિક સ્થળ વીગેરેનું નિરીક્ષણ કરી ત્યાંથી અંબાલા, દીલ્હી વીગેરે શહેરોમાં ફરી ત્યાંનાં જોવા લાયક સ્થળોનું અવલોકન કરી

અજમેર અને આબુ થઈ અત્રે આવ્યો. આ મુસાફરીથી મારૂં લોહીનું દબાણુ જે બહુ વધી ગયું હતું તે કમી થયું.

તે પછી થોડોક વખત વડોદરામાં અને મુંબઈ ગાળી આવ્યો. ત્યાર બાદ બ્રહ્મદેશની મુસાફરીએ જવાનો વિચાર કર્યો, પણ અનુકૂળ સંયોગો નહીં હોવાથી અને દસ વર્ષ ઉપર બ્રહ્મદેશના રંગુન, માંડલે, એસીન, મોલમીન, ટાંગુ, પેગુ વીગેરે મુખ્ય શહેરોમાં અને વળતાં કલકત્તામાં ફરી આવેલો હોવાથી ત્યાં નહીં જતાં દક્ષિણમાં બેન્ગલોર ગયો. ત્યાંની હોસ્પીટલ, સેક્રેટરીએટ, કબનપાર્ક, લાલબાગ, ટેકનીકલ ઇન્સ્ટીટયુટ, બુલટેમ્પલ વીગેરે જોવા લાયક પ્રસિદ્ધ સ્થળો જોઇ ત્યાંથી ખાસ કરી મૈસોરની કાવેરી નદીની કુદરતી અને કૃત્રિમ કૃતિ જે કાસ્મીરના રમ્ય દેખાવોથી ઘણા દરજ્જે ચડીઆતી લાગે છે ત્યાં મુસાફરી કરી ત્યાંથી પાંસઠ માઇલ દૂર આવેલા શ્રવણ બેલગોલા નામના ગામમાં દિગંબરી જૈનોની સીત્તેર ફીટ ઉંચી બાહુબલ સ્વામીની પાષાણની ઉભી ભવ્ય મૂર્ત્તિનું યાત્રાનું મોટું ધામ છે ત્યાં જઇ આવ્યો. ત્યાર બાદ મૈસોરમાં ચામુંડા હીલ ઉપર શ્રી ચામુંડેશ્વરી દેવીનું ઉંચું ભવ્ય દેવાલય, રાજમહેલ, સત્તર ફીટ લાંબો નંદી, રેશમ અને સુખડના તેલની ફેક્ટરીઓ, આર્ટસ ગૅલેરી વીગેરે પ્રખ્યાત સ્થળો જોઈ બેંગલોર આવી ત્યાંથી મદ્રાસ જઈ ત્યાંનું પ્રખ્યાત એકવેરિયમ (aquarium માછલાંને રાખવાનાં કાચનાં જલાશયો), દરિયાકિનારો, થીઓસૉફીકલ લાયબ્રેરી, વિશાળ માર્કેટ આદિ જોવા લાયક સ્થળો જોઈ ત્યાંથી નીકળી થોડોક વખત મુંબઈમાં રહી અત્રે આવ્યો.

મારવાડની માફક કાશ્મીર અને આ સ્થળોમાં પણ પ્રસંગે પ્રસંગે કાવ્ય લખવા તરફ વલણ થવા લાગ્યું. પ્રથમ વાંચવાની કે લખવાની જે સહેજ રૂચિ થતી હતી તેમાં હવે વૃદ્ધિ થવા લાગી અને તે તરફ તેટલા અંશે મન દોરાવા લાગ્યું. જેમ જેમ તે દિશા તરફ વિચારો સ્ફુરાયમાન થવા લાગ્યા તેમ તેમ વિશેષ કાવ્યો લખતો ગયો.

એ રીતે બે અઢી વરસથી લખાયેલાં કાવ્યો વડોદરાના "નવ-ગુજરાત" સાપ્તાહિક પત્રના તંત્રી ઉપર મોકલતો રહ્યો. તંત્રી શ્રી દર અઠવાડીએ મારી સુચનાનુસાર "નીતિતરંગિણી" એ શીર્ષક નીચે તે કાવ્ય પ્રસિદ્ધ કરતા રહ્યા. એ રીતે તેની પ્રસિદ્ધિની શરૂઆત તે પત્રના તા. ૬-૯-૩૭ના અંકથી થયેલી છે. તે માટે આ સ્થળે "નવ ગુજરાતના" તંત્રી શ્રી ચીમનલાલ મગનલાલ ડૉકટર એમ. એ. એલ એલ. બી. નો ઉપકાર માનું છું. હાલમાં તેનાં ૧૦૦ સો કાવ્યો પૂરાં થયાં છે તે આ પુસ્તક રૂપે "નીતિતરંગિણી અથવા બોધદાયક ગઝલ શતક" એ નામ આપી પ્રકટ કરૂં છું.

મારી પત્નીના અવસાનથી જો કે અંતઃકરણ સખેદ રહે છે છતાં ઉદ્વેગના શ્યામ અંધકારના વાતાવરણમાં શાંતિનું એક શ્વેત કિરણ જે સહેજ દિલાસા રૂપ હૃદયપટમાં પ્રકાશ મારે છે અને જે હૃદય ઉપર થયેલા આઘાતના ઘાને રૂઝવનાર મલમ સમાન અનુભવવામાં આવે છે તે એ કે હું મારા અવસાનના ડરથી નિર્ભય થયો હોઉં એમ મને લાગે છે. પોતાના અવસાન પછી જેની ચિંતા અંતઃકરણના પટમાં સમાયેલી છે તે પોતાના પહેલાં દેવગત થવાથી તેના સંબંધી ચિંતા દૂર થાય છે, એટલે તેટલા પૂરતી શાંતિ તે વિચારો સાથે અનુભવવામાં આવે છે. આવી પરિસ્થિતિનો અનુભવ ઉપર જણાવેલી મારી છવલેણ ગંભીર માંદગીના સમયે હું લઈ શકયો હતો. અને તેજ કારણથી હું તે વખતે શાંત અને નિશ્ચિંત હતો, ચિત્ત તદન સ્વસ્થ હતું.

મારી અંતિમ અવસ્થાનું તે વાદળ વિખરાઈ ગયા પછી બે દિવસે મારા નીકટના સ્નેહી ડૉકટર, જે આધ્યાત્મિક જ્ઞાનમાં સારો રસ લે છે અને તેના અભ્યાસી છે, તેમણે મારૂં હૃદય, ફેફસાં, શ્વાસ, વીગેરે તપાસી તે સારી સ્થિતિમાં જોઈ મિત્રભાવે સાફ દિલથી તે મને કહેવા લાગ્યા—

" રાજા, મહારાજા, શ્રીમંત, રંક, રોગી, નિરોગી, આદિ તમામ મોડા વહેલા એક દિવસે મરણ શરણ થવાના છે. મૃત્યુ દરેકને નિર્માણ થયેલું છે; ત્યારે કેવા પ્રકારનું મરણ થાય તો સારૂં તે માટે અનુભવી શાસ્ત્રજ્ઞ મહાપુરૂષો કહે છે કે આખર અવસ્થાએ મરનારનું ચિત્ત તદન સ્વસ્થ અને માયા રહિત રહેવું જોઈએ."

એમ જણાવી એક શ્લોક સંભળાવી તેનો ભાવાર્થ સમજાવી કહેવા લાગ્યા—

" એ પ્રમાણે સ્વાસ્થ્યનાં તમામ ચિહ્નો હું તમારામાં જોઈ શક્યો હતો. ઘણાંના અંતિમ સમય મેં જોયા છે પરંતુ આખર વખતે 'Doctor ! I die happily (ડૉક્ટર ! હું સુખથી મરૂં છું.) જેની મને ચિંતા હતી તે તો મારા પહેલાં ગયેલી છે એટલે હું નિશ્ચિંત છું, કશામાં મારો જીવ નથી' એવા સમજપૂર્વક અંતિમ વખતે ઉદ્દગાર કાઢનાર તમારા જેવા દરદીને મેં જોયો નથી."

એમ હકીકત કહી હૃદયમાં જરા પણ સંકોચ રાખ્યા શિવાય મને તેમણે અંગ્રેજીમાં જણાવ્યું—

" You lost the opportunity. (તમે તક ગુમાવી) "

આ શબ્દો સાંભળી મારા બિછાનાની પાસે બેઠેલા મારા સ્નેહીએ તરતજ અંગ્રેજીમાં પ્રશ્ન કર્યો—

" Then why did you try to save him? (ત્યારે તમે તેને બચાવવા શા માટે પ્રયત્ન કર્યો ?)"

આ સાંભળી ડૉક્ટરે ટુંકામાં જવાબ આપ્યો—

" એ એક જુદી વાત છે. તે તો એક સ્નેહીની ફરજ છે અને તે તેણે બજાવવી જોઈએ."

એ પ્રમાણે અવસાનની તૈયારીના સમયનો ઘણા અંશે સ્વાનુભવ થયો. આ પુદ્દગલમાંથી–શરીરમાંથી આત્મા કઈ ક્ષણે ઉડી

જશે, તે મારી પત્નીના અવસાનથી અને તેવા જ પ્રકારની મારા પર આવેલી અચાનક માંદગીના પ્રાણઘાતક હુમલાથી મને બરાબર સમજવામાં આવ્યું અને ક્ષણભંગુર દેહનો પરિપૂર્ણ રીતે ખ્યાલ આવ્યો. તે સમયને હું એક રીતે વધાવી લઉં છું. તે પ્રસંગથી જાણે મને પોતાનાં કર્તવ્ય કર્મો બજાવી અવસાન માટે તૈયારી કરવાની કુદરત તરફથી ચેતવણી મળી હોય એમ હું માનું છું. આવા સ્વરૂપનું હાલના મારા મનોરાજ્યનું વિચિત્રતા ભરેલું તંત્ર ચાલી રહ્યું છે. આ મારૂં પુસ્તક તે મારા હૃદયના વિચારોનો-તરંગોનો પ્રવાહ છે અને તેજ કારણથી તેનું નામ "નીતિતરંગિણી" રાખ્યું છે. મેં આ મારી માનસિક હકીકત જણાવી. હું હવે જરા કાવ્યો સંબંધી થોડી હકીકત દર્શાવું છું.

હાલમાં આમ વર્ગમાં ગઝલો ગાવાની અને સાંભળવાની અભિરૂચિ વધતી જાય છે, અને જેમ તુળસીદાસના દુહા-દોહરા ગાઈ સંભળાવી સંગીતદ્વારાએ બોધ આપવામાં આવે છે તેમ હાલમાં ગઝલનાં ચરણો ઘણાક સ્થળે બોલવામાં આવે છે. ગાયનના જલસામાં પણ જોઈએ છીએ તો રાગ રાગણીનું રહસ્ય સમજનાર ઘણા ઓછા હોવાથી સંગીતકાર શ્રોતાજનો ઉપર નજર નાખી જુદા જુદા રાગોની સાથે સાખી તરીકે ગઝલોનો આશ્રય લઈ શ્રોતાનાં મન રંજન કરી તે દ્વારાએ જે ઉપદેશ આપવો હોય તે આપી સચોટ અસર કરાવી શકે છે. આ કારણથી મેં પણ આમવર્ગને ઉપયોગી થઇ પડે તે હેતુ ધ્યાનમાં રાખી પાદપૂર્તિનાં કાવ્યો બે પ્રકારની ગઝલોમાં લખી નીતિ સંબંધી બોધદાયક અને કેટલાક આધ્યાત્મિક વિચારો દર્શાવ્યા છે. આવા પ્રકારની ગઝલોને સંગીતકારો જુદા જુદા રાગોમાં સારી રીતે ગાઈ શકે છે.

આ બે પ્રકારની ગઝલો પિંગળશાસ્ત્રાનુસાર લખવાની અને સંગીતશાસ્ત્રાનુસાર ગાવાની ટુંકામાં સમજુતી આપી હોય તો વાચ-

કોને તે ઉપયોગી થઈ પડશે એમ સમજી પુસ્તકના અંતે જુદા લેખથી ગઝલ સંબંધી સંક્ષિપ્ત સમજુત આપી શબ્દરચના અને સ્વરરચના (notation) બતાવવામાં આવી છે તેમજ તાલ સંબંધી પણ હકીકત આપી છે તે વાંચવાથી સમજાશે.

જેના અવસાનથી આ કાવ્યો ઉદ્‌ભવ્યાં છે તેનેજ તેના સ્નેહસ્મારક તરીકે સ્નેહાંજલિ સાથે મેં આ પુસ્તક અર્પણ કર્યું છે, તેજ તેનો અધિકારી હોઈ શકે એમ હું માનું છું.

આવા પ્રકારની મારી મનોદશાનું ચિત્ર આલેખનારી પ્રસ્તાવના કદાચ કોઇને વિચિત્ર સ્વરૂપની લાગશે, પણ મેં મારા હૃદયની પરિવર્તન પામેલી ખરી પરિસ્થિતિ વાચકો આગળ દસ્યમાન કરી છે તો વાચકો મને માફ કરશે.

વિસનગર.
સંવત્ ૧૯૯૫ શરદ્‌પૂર્ણિમા.

મહાસુખભાઈ ચુનીલાલ.

અનુક્રમણિકા.

નીતિ તરંગિણી

અથવા

બોધદાયક ગઝલ શતક.

The Exercise of Virtue.

I have here only considered the necessity of a man's being virtuous, that he may have something to do; but if we consider further, that the exercise of virtue is not only an amusement for the time it lasts, but that its influence extends to those parts of our existence which lie beyond the grave, and that our whole eternity is to take its colour from those hours which we here employ in virtue or in vice, the argument redoubles upon us, for putting in practice this method of passing away our time.

—(*Addition.*)

તરંગ ૧

નીતિ એ ધર્મ દુનિયાનો.

ગઝલ કવાલિ.

તમે હો સ્માર્ત કે વૈષ્ણવ, ભલે ઈસ્લામી કે ખ્રીસ્તી,
 નીતિને માન સૌ આપે, નીતિ એ ધર્મ દુનિયાનો. ૧
ભલે હો બૌધ કે જૈની, ગમે તે ધર્મના હો સૌ,
 નીતિને સૌ સ્વીકારે છે, નીતિ એ ધર્મ દુનિયાનો. ૨
જુઠું નવ બોલવું કદીએ, જુઠાને સૌ તિરસ્કારે,
 ચહે છે સત્ય સૌ ધર્મો, નીતિ એ ધર્મ દુનિયાનો. ૩
વ્યસનથી વેગળા રહેવા વ્યસનને સર્વ ધિક્કારે,
 ચહે આરોગ્ય એ રીતે, નીતિ એ ધર્મ દુનિયાનો. ૪
દુરાચારો વ્યભિચારો તજાવા શાસ્ત્ર ઉપદેશે,
 ચહે ચારિત્રની શુદ્ધિ, નીતિ એ ધર્મ દુનિયાનો. ૫
ચહે છે કોણ નિર્દયતા ? વિચારોને હૃદય માંહે,
 દયાનો બોધ સૌ આપે, નીતિ એ ધર્મ દુનિયાનો. ૬
નહીં અભિમાનને ચાહે સદા દુઃખદાયી તે માની,
 ચહે સૌ નમ્રતા દિલમાં, નીતિ એ ધર્મ દુનિયાનો. ૭
નહીં કુસંપને ઈચ્છે કરાવે કલેશ જે નિત્યે,
 ચહે બંધુત્વ સૌ ધર્મો, નીતિ એ ધર્મ દુનિયાનો. ૮
લડાઇ કોઇ નવ માગે, ચહે સૌ જગતની શાંતિ,
 મહા સુખ સૌ નીતિ માંહે, નીતિ એ ધર્મ દુનિયાનો. ૯

તરંગ ૨

થયા ધનવાન તેથી શું ?

ગઝલ કવાલ.

બનો ધનવાન, કિન્તુ જો ધનિકના ધર્મ નવ સમજો,
અફળ સૌ જીંદગી જાશે, થયા ધનવાન તેથી શું ? ૧
વસાવી લાડી ને ગાડી, વસાવી વાડી ફરવાને,
દિસે પરમાર્થ તેમાં ક્યાં ? થયા ધનવાન તેથી શું ? ૨
ગગનચુંબી ચણાવો છો મનોહર મ્હેલ વસવાને,
ગરીબને તે શું ઉપયોગી ? થયા ધનવાન તેથી શું ? ૩
સદા સુવર્ણના પાત્રે જમો મિષ્ટાન મન ગમતાં,
ગરીબની ભૂખ નવ ભાગી, થયા ધનવાન તેથી શું ? ૪
શ્રવણ કરી કંચનીઓને રહો ગુલતાન ગાયનમાં,
ન સૂણી દાદ દુઃખીઆની, થયા ધનવાન તેથી શું ? ૫
હજારો દામ અશ્વોની શરત માંહે ઉડાવો છો,
નિરાશ્રિતને ન આપો તો, થયા ધનવાન તેથી શું ? ૬
નિહાળી દેશ પરદેશો થયા સૌન્દર્યથી રાજી,
ન જોયાં ઘર ગરીબોનાં, થયા ધનવાન તેથી શું ? ૭
ઘણા નોકર જનો રાખ્યા સદા સેવા ઉઠાવાને,
નહીં કરી કોઈની સેવા, થયા ધનવાન તેથી શું ? ૮
ભલે મ્હાલો મહા સુખે નીતિ સદ્ભાવના છોડી,
નહીં સંભારશે દુનિયા, થયા ધનવાન તેથી શું ? ૯

તરંગ ૩

થયા વિદ્વાન તેથી શું ?

ગઝલ કવાલિ.

મહાવિદ્યાલયો માંહે ભણી ઘણું મેળવી પદવી,
ન દીધું દાન વિદ્યાનું, થયા વિદ્વાન તેથી શું ? ૧
ભણ્યા છો તો ભણાવોને ચહે છે જેહ ભણવાને,
નિરક્ષરતા ન જો ટાળો, થયા વિદ્વાન તેથી શું ? ૨
લખાવા અર્જ કો આવે, સલાહ પૂછે કદાપિ જો,
તમે ઉત્તર ન આપો તો, થયા વિદ્વાન તેથી શું ? ૩
નહીં વિદ્યાનો કિંમત છે, નદી સમ વ્હેતી રાખોને,
નહીં તૃષા મટાડો તો, થયા વિદ્વાન તેથી શું ? ૪
વકીલ ડૉકટર તણા ધંધે, તમારૂં જ્ઞાન વેચો છો,
નહીં ઉદાર થાશો તો, થયા વિદ્વાન તેથી શું ? ૫
દવા કે કેસ લડવામાં બનો દાતાર દીન પ્રત્યે,
દયાળુ જો નહીં થાશો, થયા વિદ્વાન તેથી શું ? ૬
પૂરી વિદ્યા પચાવોને, અજીરણ નવ થવા દોને,
નહીં તો જીંદગી બગડે, થયા વિદ્વાન તેથી શું ! ૭
અભણ સૌ અન્યને માની બન્યા કદી જો અભિમાની,
અધોગતિની નિશાની એ, થયા વિદ્વાન તેથી શું ? ૮
ચડી અભિમાનમાં પૂરા, લડી શાસ્ત્રાર્થ કરવામાં,
મહા સુખ શાંતિ છેદો તો, થયા વિદ્વાન તેથી શું ? ૯

તરંગ ૪

થયા બળવાન તેથી શું ?

ગઝલ કવાલિ.

કરી વ્યાયામ ને કસરત બન્યા બળવાન બહુ અંગે,
ન નિર્બળને મદદ કીધી, થયા બળવાન તેથી શું ? ૧
ઉપાડી જાય સ્ત્રીઓને સિતમગર જોર જુલમથી,
ન અબળાને બચાવો તો થયા બળવાન તેથી શું ? ૨
બળાત્કારો કરે જુલ્મી બનીને ઘાતકી નિર્દય,
નહીં બદલો ચખાડો તો થયા બળવાન તેથી શું ? ૩
લુંટારા લુંટવા આવે, લુંટી લે માલ મારીને,
કરો નહિ સામનો ત્યારે થયા બળવાન તેથી શું ? ૪
સજોડે નીકળ્યા ફરવા, અડપલું દુશ્મને કીધું,
સહન કરી ચાલવા માંડ્યું, થયા બળવાન તેથી શું ? ૫
સહી અપમાન એ રીતે નહીં દુશ્મન હઠાવો તો,
કહો શા કામનું બળ છે ? થયા બળવાન તેથી શું ? ૬
બિચારાં પત્ની બાળક પર તમારૂં જોર અજમાવો,
તમારી બ્હાદુરી આ શું ? થયા બળવાન તેથી શું ? ૭
થતાં તકરાર ઘર માંહે ચડીને ભાઈ પર આવો,
બતાવો ભાઈને બળ શું ? થયા બળવાન તેથી શું ? ૮
ભૂમિ માતાની રક્ષાર્થે મહા સુખે ચડો યુદ્ધે,
કરી જો પાછી પાની તો થયા બળવાન તેથી શું ? ૯

તરંગ ૫

થયા દિવાન તેથી શું ?

ગઝલ કવાલિ.

ચલાવા રાજ્યતંત્રોને નીમે રાજા દિવાનોને,
સીધાં તંત્રો ન ચાલે તો થયા દિવાન તેથી શું ? ૧
અભણ જો હોય રાજા તો ભણાવી કેળવો તેને,
અબુધ જો રાખી મૂકો તો થયા દિવાન તેથી શું ? ૨
રહી વિલાસમાં ચકચુર ઉડાવે દામ જો રાજા,
નહીં અંકુશ મૂકો તો થયા દિવાન તેથી શું ? ૩
મૂકીને ન્યાય કોરાણે જહાંગીરી પુરી ચાલે,
નહીં ઇનસાફ દરબારે, થયા દિવાન તેથી શું ? ૪
નીચેથી તે ઉપર સુધી બદી રૂશ્વતની ફેલાઈ,
બને હેરાન રૈયત તો થયા દિવાન તેથી શું ? ૫
ગરીબ નરનાર શ્રમજીવી પીડાયે વેઠમાં હરદમ,
મળે નહિ અન્ન ખાવા તો થયા દિવાન તેથી શું ? ૬
ખીલેલી કીર્તિ રાજાની કલંકિત થાય જેનાથી,
કરો સૌ દૂર તે, નહિ તો થયા દિવાન તેથી શું ? ૭
તજી નીતિ અનીતિમાં પ્રવેશે જો કદી રાજા,
ન સમજાવે નીતિને તો થયા દિવાન તેથી શું ? ૮
સિતમની ચક્કીમાં રૈયત પીલાઈ જ્યાં મરે છે ત્યાં
મહા સુખ જો ન આપો તો થયા દિવાન તેથી શું ? ૯

તરંગ ૬

થયા ભૂપાળ તેથી શું?

ગઝલ કવાલિ.

ધરાવે શસ્ત્ર ને લશ્કર પૂરી છે યુદ્ધસામગ્રી,
પ્રજા દુઃખે રડે છે તો, થયા ભૂપાળ તેથી શું? ૧

ખૂની લોકો કરે ખૂનો, લુંટારા માલ લે લુંટી,
નહીં રક્ષણ પ્રજાનું તો થયા ભૂપાળ તેથી શું? ૨

ગરીબ ઉપર જુલમગારો ગુજારે છે સદા જુલમ,
રહે રૈયત રીબાતી તો થયા ભૂપાળ તેથી શું? ૩

સ્ત્રીજાતિને દુરાચારી વ્યભિચારી સતાવે છે,
રહે શીલ આમ ભયમાં તો થયા ભૂપાળ તેથી શું? ૪

ચલાવા રાજ્યનાં તંત્રો ન આપો ધ્યાન તંત્રોમાં,
રહો મશગુલ વિલાસે તો થયા ભૂપાળ તેથી શું? ૫

અમલદારો જહાંગીરી ચલાવી ત્રાસ વર્તાવે,
છતાં નહિ સાંભળો અરજી, થયા ભૂપાળ તેથી શું? ૬

બિચારા ખેડુતો વેઠે મફત રીબાઈ દુઃખ પામે,
મળે નહિ પેટની રોજી, થયા ભૂપાળ તેથી શું? ૭

ન સીમા લાંચની રાજ્યે, મળે નહિ ન્યાય દરબારે,
સજા નિર્દોષ પામે તો થયા ભૂપાળ તેથી શું? ૮

પ્રજાનાં દુઃખ ટાળીને, મહા સુખ શાંતિ આપીને,
પ્રજાને પાળશો, નહિ તો થયા ભૂપાળ તેથી શું? ૯

તરંગ ૭

રમશો નહીં

ગઝલ અગર હરિગીતની રાહ.

જો જીંદગાની સફળ કરવી હોય તો નાની વયે
વિદ્યા ગ્રહણ કરવી ન ચૂકો ને વૃથા રમશો નહીં. ૧
મિત્રો કદાપિ જો બન્યા તો શુદ્ધ અંતર રાખવું,
પણ મિત્રથી છળકપટની બાજી તમે રમશો નહીં. ૨
બની ભાગીઆ સાથે મળી વેપાર કદી જો આદરો,
તો ભાગીઆના સાથના કાર્યે દગો રમશો નહીં. ૩
જુગાર રમનારા જુઓ ખુવાર કેવા થાય છે?
દૃષ્ટાંત દેખી અન્યનાં જુગાર કદી રમશો નહીં. ૪
વ્યભિચારીની યારી જરી કરવી નહીં વિચારીને,
તેવાની સોબતમાં ચડી રતિરંગથી રમશો નહીં. ૫
આનંદથી નિર્દોષ બાજી જે રમાયે તે રમો,
પણ દાવ પૈસાના પડે જ્યાં બાજી તે રમશો નહીં. ૬
દુનિયા મહીં રમતો હજારો નિત્ય રમનારા રમે,
પણ જે રમતથી હાની પ્હોંચે તે રમત રમશો નહીં. ૭
સુલેહની સૌ યોજનાઓ યુદ્ધ કરતાં શ્રેષ્ઠ છે,
પણ શાંતિને દિલથી ચહો તો પેચથી રમશો નહીં. ૮
પતિ પત્ની હે! દુઃખ દેખશો જો વર્તશો કપટી મને,
નિર્મળ મહા સુખ પામશો જો કપટથી રમશો નહીં. ૯

તરંગ ૮

મુકશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

જે કામ લીધું હાથમાં તે કામ પૂરૂં પાડવું,
નિરાશ અધવચથી બની પડતું તમે મુકશો નહીં. ૧
વિશ્વાસથી જો કામ સોંપ્યું તો નહીં પુંઠ દેખશો.
જો પુંઠ જોવી હોય તો વિશ્વાસ ત્યાં મુકશો નહીં. ૨
અશ્વો અને સૌ બળદને બાંધી મુકે બગડી જશે,
જો કામ લેવું હોય તો બાંધી તમે મુકશો નહીં. ૩
વિદ્યાર્થી બાળક જ્ઞાનવાળો બુદ્ધિશાળી થાય છે,
રહેશે અભણ તે બાળ જો નિશાળમાં મુકશો નહીં. ૪
કાષ્ટાદિ ખડકીને તમે હોળીની રચના સૌ કરો,
કિન્તુ ન ભડકા નીકળે જો આગ મહિં મુકશો નહીં. ૫
કંટાળી જઈ આ દેહથી જો આત્મહત્યાને ચહી,
કૂવા મહીં કે સાગરે પડતું તમે મુકશો નહીં. ૬
સૌ ખાદ્યવસ્તુની મહીં જુદા જુદા ખટરસ વસે,
રસની પરીક્ષા નવ થશે જો મુખમાં મુકશો નહીં. ૭
સુવર્ણમાં વિધ વિધ ધાતુઓનું મિશ્રણ થાય છે,
નવ શુદ્ધ થાશે જો તમે તેજાબમાં મુકશો નહીં. ૮
બેશી મહા સુખમાં રહી ચાલાક પુત્રો નવ બને,
બનશે નહીં વેપારી જો વેપારમાં મુકશો નહીં. ૯

તરંગ ૯

બળશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

કાન્તિ નિહાળી બ્હારથી, અંતર અરે જાણ્યા વિના,
બાળે પતંગો અંગ આગે ત્યમ તમે બળશો નહીં. ૧

દુઃખી દશા કદી હોય તો પણ શુદ્ધ અંતર રાખવું,
વૈભવ નિહાળી અન્યના ઇર્ષા કરી બળશો નહીં. ૨

ઇર્ષાજ દુર્ગુણ ગુપ્ત છે, અગ્નિ વિના બાળે સદા,
રાખો અમીરસ દૃષ્ટિમાં, ઇર્ષા કરી બળશો નહીં. ૩

સંકટસમે મન દૃઢ કરી સંતોષ ને હિંમત ધરો,
પણ મનથી હિંમત હારીને ઉદ્વેગથી બળશો નહીં. ૪

દૂધ ગરમના પ્યાલા ભરી પીવા મુકયા વિવેકથી,
દૂધ જો પીશો ઠંડું કરીને તો મુખે બળશો નહીં. ૫

ચતુરાઇ ચિંતાથી ઘટે, રૂપ રંગ સૌ ઘટી જાય છે,
ચિંતા ચિતા સમ છે ખરે, ચિંતા કરી બળશો નહીં ૬

મધ્યાન્હ સમયે ગ્રીષ્મ ઋતુમાં જો ગયા જંગલ મહીં,
વૃક્ષો નીચે જો ચાલશો તો તાપથી બળશો નહીં. ૭

અતિ ક્રોધના આવેશથી કદી આત્મહત્યા જો સુઝે,
સળગાવી કપડાં આગથી હાથે કરી બળશો નહીં. ૮

સંભારીને ગત વસ્તુને કયાં સુધી બળશો હૃદયમાં ?
દીલે મહા સુખ જો ચહો તો યાદ કરી બળશો નહીં. ૯

તરંગ ૧૦

ધરશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

હર કામમાં સિદ્ધાંત સ્વાશ્રયનો સ્વીકાર્યો જો તમે
તો મદદ માટે કોઈ આગળ હાથ કદી ધરશો નહીં. ૧

છૂપા અનર્થો સેવતાં પોકળ પ્રકાશે જો કદી,
તો ઢાલ આડી ધર્મની બચવા તમે ધરશો નહીં. ૨

આફત શીરે આવી પડી તો કઠણ હૈયું રાખવું,
મુંઝાઈ મરશો જો તમે હીંમત હૃદય ધરશો નહીં. ૩

વિદ્યાગુરૂ ને વડીલની શિખામણો સૌ માનવી,
પછી થાય પસ્તાવો તમે જો ધ્યાનમાં ધરશો નહીં. ૪

જો સિદ્ધ કરવું કામ તો તે મન ઉપર ધરવું સદા,
નવ પાર પડશે કામ જો તે મન ઉપર ધરશો નહીં. ૫

નિજ મુખ પરની એબથી અજ્ઞાન રહેવું હોય તો,
મુખ આગળે હે સજ્જનો ! દર્પણ કદી ધરશો નહીં. ૬

પ્રભુને ધરાવી અન્ન લેવા નિત્યની જો ટેક તો
ખામી ગણાશે દેવ આગળ થાળ જો ધરશો નહીં. ૭

પડદાનશીન સ્ત્રીઓ મળે ત્યાં લાજ મર્યાદા બહુ,
નવ લાજ મુખથી છોડશે પડદોજ જો ધરશો નહીં. ૮

મન ઉપર જે લેવાય તેની અસર હૃદયે થાય છે,
ભાસે મહા સુખ હૃદયમાં જો દુઃખ મન ધરશો નહીં. ૯

તરંગ ૧૧

ન છોડો ન્યાયનો કાંટો.

ગઝલ કવાલિ.

જગતમાં લોભ મોહાદિ અરે એવાં સબળ છે કે
ચુકાવે ટેક ટેકીની, ન છોડો ન્યાયનો કાંટો. ૧

તમે ન્યાયાધિશો ! સાચી ગણાઓ ન્યાયની મૂર્ત્તિ,
છતાં મન લાંચ આકર્ષે, ન છોડો ન્યાયનો કાંટો. ૨

બલા સમ લાંચ રૂશવત એ, ન છૂટે જો કદી વળગે,
કરે વિનાશ કીર્ત્તિનો, ન છોડો ન્યાયનો કાંટો. ૩

અરે ધર્મી દયાળુ જન ! દયા ચુકો ન વેપારે,
ન ચુકો સત્ય હિસાબે, ન છોડો ન્યાયનો કાંટો. ૪

ભલે કોઇ ન જાણે પણ, તજી દોને દગલબાજી,
ન છાનું કાંઇ ઇશ્વરથી, ન છોડો ન્યાયનો કાંટો. ૫

દગો નવ છે સગો નિશ્ચે, પરિણામે ફસાવે એ,
કદી કુદરત નહીં છોડે, ન છોડો ન્યાયનો કાંટો. ૬

ભલે લલચાવી દે લાલચ, છતાં રાખો પ્રમાણિકતા,
ભલે લો કે ભલે આપો, ન છોડો ન્યાયનો કાંટો. ૭

અરે અજ્ઞાની કે દીનની ગરજનો લાભ નવ લેશો,
મહા એ પાપ નિશ્ચે છે, ન છોડો ન્યાયનો કાંટો. ૮

ધરી હૃદયે પ્રભુનો ડર સદા દિલ સાફ રાખોને,
મહા સુખ જો ચહો ભાઇ, ન છોડો ન્યાયનો કાંટો ૯

તરંગ ૧૨

જગત પરિણામવાદી છે.

ગઝલ કવાલિ.

ભલે શરૂઆત સારી કે નઠારી હોય દેખીતી,
ખરો અભિપ્રાય છે અંતે, જગત પરિણામવાદી છે. ૧
વિજય શરૂઆતમાં દેખી પ્રશંસાના ધ્વનિ ગાજે,
થઇ જો હાર તો નિંદે, જગત પરિણામવાદી છે. ૨
બન્યું શાથી, કર્યું કોણે, ઉંડા ઉતરી જુએ નવ કો,
બને અંતેજ તે સાચું, જગત પરિણામવાદી છે. ૩
કરે યત્નો પરંતુ સૌ સદા સંયોગ આધીન છે,
અનિશ્ચિત નિત્ય સંયોગો, જગત પરિણામવાદી છે. ૪
બહુ ચાલાક વિદ્યાર્થી, સફળ નવ જો પરીક્ષામાં,
ઠરે છે ઠોઠ દષ્ટિમાં, જગત પરિણામવાદી છે. ૫
દવા દે દરદીને વૈદ્યો, બચે તો વૈદ્ય સારો છે,
મરે તો તે નઠારો છે, જગત પરિણામવાદી છે. ૬
બહુ બળવાન ઘોડાઓ શરતમાં હાર જો પામે,
કિંમત અંકાય છે ઓછી, જગત પરિણામવાદી છે. ૭
ભણેલો પુત્ર પિતાને ન પાળે વૃદ્ધ વયમાં તો,
જુઓ ફિટકાર દે દુનિયા, જગત પરિણામવાદી છે. ૮
ભલે રાજા મહારાજા મહા સુખ લક્ષ્મી ભોગવતા,
ન દુનિયા કોઇને છોડે, જગત પરિણામવાદી છે. ૯

તરંગ ૧૩

જગત છે રંગી બેરંગી.

ગઝલ કવાલિ.

જઈ કો વૃક્ષની નીચે જુઓ છાયા તણી રચના,
પળે પળ સ્થિતિ બદલાયે, જગત છે રંગી બેરંગી. ૧
જઈ દરિયા કિનારાએ જુઓને ઓટ ને ભરતી,
ન સ્થિતિ એક સરખી છે, જગત છે રંગી બેરંગી. ૨
જુઓ આકાશમાં ભાનુ, ઉદય ને અસ્ત ચાલે છે,
સમય બદલાય છે કેવો ! જગત છે રંગી બેરંગી. ૩
જુઓ રાત્રે નિશાકરને, કલા ઘટતી અને વધતી,
શશી કેવાં રૂપાંતર લે ! જગત છે રંગી બેરંગી. ૪
નદીના પૂરનાં પાણી જુઓ કેવાં ચડે ઉતરે !
સ્થિતિ જુઓ તરંગોની ! જગત છે રંગી બેરંગી. ૫
જુઓ પ્રાતઃસમે ઉપવન, ખીલે છે પુષ્પ બહુ સુંદર,
જુઓ કરમાય સાંજે તે, જગત છે રંગી બેરંગી. ૬
વિલોકી સર્વ દેખાવો, સમજ ચેતન બરાબર તું;
દિસે તેવુંજ તન તારૂં, જગત છે રંગી બેરંગી. ૭
શિશુવય ને યુવાની ને પછી વય વૃદ્ધ આવે છે,
પરિવર્તન પળે પળ લે, જગત છે રંગી બેરંગી. ૮
જરાની દોયલી સ્થિતિ, પછી અવસાન આવે છે,
મહાસુખ ! ચેતતો રહેને, જગત છે રંગી બેરંગી. ૯

તરંગ ૧૪

સમયની એવી બલિહારી.

ગઝલ કવાલિ.

ન જોવું જે ગમે આજે બીજે દિન તે નજર ખેંચે,
નજર આ કોણ પલટાવે ? સમયની એવી બલિહારી. ૧

હૃદય જે આજ દુશ્મનનું બીજે દિન મિત્ર તે લાગે,
કરાવે કોણ આ ક્રાન્તિ ? સમયની એવી બલિહારી. ૨

અરે જે રાજનો કેદી પડેલો જેલમાં આજે,
બીજે દિન રાજપ્રેમી તે, સમયની એવી બલિહારી. ૩

મુખી જે બંડખોરોનો સડે કારાગૃહે આજે,
છુટીને તે બને રાજા, સમયની એવી બલિહારી. ૪

ભિખારી જેવી દુઃખયારી અવસ્થા એવી આજે છે,
બને કાલે તવંગર તે, સમયની એવી બલિહારી. ૫

ચલાવે રાજસત્તાને અરે આજે મહારાજા,
બને કાલે પ્રજાકેદી, સમયની એવી બલિહારી. ૬

સલામો ઝીલતા જે જે કરે આજે સલામો તે,
પલકમાં રંગ પલટાયે, સમયની એવી બલિહારી. ૭

ન ધારેલું અરે કાંઇ, વિચારેલું ન સ્વપ્ને જે,
બને છે તે બીજા દિવસે, સમયની એવી બલિહારી. ૮

મહા સુખ દુઃખ આ જગમાં પલકમાં એમ પલટાયે,
ગ્રહી લે બોધ તેમાંથી, સમયની એવી બલિહારી. ૯

તરંગ ૧૫

કહો કોની ગુન્હેગારી?

ગઝલ કવાલિ.

કરે વર લગ્ન કર પકડી, પછી વરને ગમે નવ સ્ત્રી,
રીસાયેલાં રહે બન્ને, કહો કોની ગુન્હેગારી? ૧

છુપી રીતે યુવક યુવતી વિષયસુખ લે રમી રંગે,
બને યુવતી સગર્ભા તો, કહો કોની ગુન્હેગારી? ૨

પતિપત્ની પ્રજા ઉત્પન્ન કરે વિસારી બેકારી,
બિમારી ભૂખની ચાલે, કહો કોની ગુન્હેગારી? ૩

દીધી સારી દવા વૈદ્યે, અસર તેની થઇ વિપરિત,
રીબાયો દુઃખથી દરદી, કહો કોની ગુન્હેગારી? ૪

લુંટારો ચોર માનીને, પ્રહારો લાઠીના કીધા,
મરાયો કિન્તુ તે રક્ષક, કહો કોની ગુન્હેગારી? ૫

ગયો ખેંચી મગર નરને, બચાવા તાકી બંદુક ત્યાં,
પરંતુ વાગી તે નરને, કહો કોની ગુન્હેગારી? ૬

શ્રીમંતે મોકલ્યો ભણવા, વિદેશે કોઇ યુવકને,
ડુબી દરિયા મહીં નૌકા, કહો કોની ગુન્હેગારી? ૭

બચાવી વૃદ્ધલગ્નેથી દીધી કન્યા યુવક વરને,
મર્યો તે પ્લેગના રોગે, કહો કોની ગુન્હેગારી? ૮

બને આવા બનાવો ત્યાં કહો ઇનસાફ શો કરવો?
પડે નવ ગમ મહાસુખને, કહો કોની ગુન્હેગારી? ૯

તરંગ ૧૬

ચડશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

ઘોડે ચડે જે તે પડે, દુનિયાની એવી કહાણી છે,
પડવાની જો ભિતિ હોય તો ઘોડે કદી ચડશો નહીં. ૧
આગળ થવા હિંમત નહીં, નવ પીઠબળ કે સ્હાયતા,
આગળ થવા કદી કો ચડાવે તો તમે ચડશો નહીં. ૨
જો વૃદ્ધ વયમાં દૈવયોગે પત્ની મરી ચાલી ગઈ,
કન્યા પરણવા વર બની ઘોડે કદી ચડશો નહીં. ૩
કેવા અકસ્માતો બને તે ધ્યાનમાં સમજી લઈ,
ઉડાડવા ગગને પતંગો છાપરે ચડશો નહીં. ૪
દૃષ્ટાંત નાળીએર ને લોભી તણું લઇ ધ્યાનમાં,
લેવા મફત ફળ નાળીએરી ઉપર કદી ચડશો નહીં. ૫
મિત્રો મળી આનંદથી જો વાત કરતા હો તમે,
મતભેદ પાડી ક્રોધ કરીને મમત પર ચડશો નહીં. ૬
જો હૃદયની બિમારી ને જો શ્વાસનો વ્યાધિ કદી,
ચાહો શરીરની શાંતિ તો ડુંગર ઉપર ચડશો નહીં. ૭
પ્રભુતા મળે લઘુતા થકી, પ્રભુતાથી પ્રભુ તો દૂર ખસે,
લેવું પ્રભુપદ હોય તો મોટા પદે ચડશો નહીં. ૮
ઈચ્છો મહા સુખ હૃદયનું તો રાખી મન અંકુશમાં,
વ્યભિચારી વ્યસની દુર્જનોની સંગતે ચડશો નહીં. ૯

તરંગ ૧૭

લડશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

સુખશાંતિ સૌ કુટુમ્બી જનમાં રાખવી જો હોય તો,
સંપે વસો સૌ ભાઇઓ, કંકાસ કરી લડશો નહીં. ૧
કદી જ્ઞાતિનો ઉદ્ધાર કરવા દિલથી ચ્હાતા હશો,
તો મમતથી વિરોધ કરી તડ પાડીને લડશો નહીં. ૨
સુધરાઇ કે પંચાયતોમાં જો ચહો હિત લોકનું,
લઇ બેસી પક્ષાપક્ષને હુંપદ કરી લડશો નહીં. ૩
સંસારનું સુખ સ્નેહથી જો પામવા મનથી ચહો,
પતિ પત્ની હે ! રીસાઇ જઇને ક્રોધ કરી લડશો નહીં. ૪
આ દેશને ઉદ્ધારવા અંતર થકી ચ્હાતા હશો,
તો જાતના મતભેદને આગળ કરી લડશો નહીં. ૫
મિત્રો મળો જો એકઠા તો ઉતરશો નવ વાદમાં,
મતભેદ પાડી ક્રોધ લાવી રોષથી લડશો નહીં. ૬
જો ઉન્નતિ આત્માની કરવા માગતા હો વિશ્વમાં,
તો ધર્મના બ્હાના નીચે ઝઘડા કરી લડશો નહીં. ૭
દુનિયાની શાંતિ માગતા હો પૃથ્વી પર સૌ દેશમાં,
તો યુદ્ધસામગ્રી સજી દુશ્મન બની લડશો નહીં. ૮
ઇર્ષા મમત અભિમાન છોડો, બંધુતા રાખો સદા,
શાંતિ મહા સુખને ચહો તો કોઇથી લડશો નહીં. ૯

તરંગ ૧૮

તરશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

જો શોખ તરવાનો કદી તો શાંત પાણીમાં તરો,
તોફાની મોજાં ઉછળે જ્યાં ત્યાં તમે તરશો નહીં. ૧

મુંબાઈના દરિયાકિનારે કૈં ડુબ્યા તરનાર હા !
વિલોકી તેવી દુર્દશા તેવા સ્થળે તરશો નહીં. ૨

સાગર સમો સંસાર છે, તે પુણ્યથી તરશો તમે,
પણ પાપની કરણી થકી સંસાર કદી તરશો નહીં. ૩

જો સિદ્ધ કરવું કાર્યને તો યોગ્ય સાધન સાધવાં,
પથ્થરની શિલા ઉપર બેસી પાણીમાં તરશો નહીં. ૪

નદીમાં બહુ કદી પૂર આવ્યું, શરત તેની કો કરે,
લલચાઈને ઈનામથી તે પૂરથી તરશો નહીં. ૫

વિચાર વિણ જો ખરચ રાખો પાયમાલી થાય છે,
દેવા મહીં ડુબી જશો, તે રૂણથી તરશો નહીં. ૬

કરી દંભ મોટો ધર્મીનો કુકર્મ સેવે ગુપ્તમાં,
હે દંભીઓ ! કદીએ તમે એ દંભથી તરશો નહીં. ૭

જોગી બની જગને ઝુકાવે, બગઠગો જગમાં વસે,
ઠગી આમ દુનિયા યોગી હે ! સંસાર કદી તરશો નહીં. ૮

સત્કર્મ સાચા દિલથી કદી જો તમે કરશો નહીં,
સાચું મહા સુખ ના મળે, ભવનિધિથી તરશો નહીં. ૯

તરંગ ૧૯

ફરશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

અંકાય કિંમત બોલની, જામે પ્રતિષ્ઠા તે થકી,
જો કીર્ત્તિ લેવી હોય તો બોલ્યું વચન ફરશો નહીં. ૧

જો બોલ બોલી મુખથી કદી કોલ કીધો કોઈથી,
તો કોલ નિશ્ચે પાળવા બોલ્યું વચન ફરશો નહીં. ૨

દુર્ગુણીની સોબત થકી સૌ માન ઉતરી જાય છે,
માટે દુરાચારી તણી સોબત મહીં ફરશો નહીં. ૩

ઘરબાર કે નિજ જાતની દરકાર જરી રાખ્યા વિના,
બની લ્હેરી લાલા ફાંકડા ફરતા અરે ફરશો નહીં. ૪

જુગારખાનાં દારૂ ને વ્યભિચારનાં જ્યાં સ્થાન છે,
તેવી ગલીકુંચીઓ મહીં કદીએ તમે ફરશો નહીં. ૫

દરિયાકિનારે બાગમાં કે ઘાટ પર નદીના તટે,
વેશ્યા અગર વેશ્યા સમી સ્ત્રી સંગ લઈ ફરશો નહીં ૬

બેકારીનું દુઃખ હોય ને શક્તિ નહીં સ્ત્રી પાળવા,
તો ચોરીમાં કન્યા થકી ફેરા તમે ફરશો નહીં. ૭

સટ્ટા મહીં પુરજોશથી જો કામ કરવું હોય તો,
વ્યાપારમાં કે આપલેમાં ભાવમાં ફરશો નહીં. ૮

નવ ટેક છોડે ટેકી જન દુઃખ કે મહા સુખમાં કદી,
ર્‌હેવું અચળ સિદ્ધાંતમાં તો વાણીમાં ફરશો નહીં. ૯

તરંગ ૨૦

ખુંમારી એ અમીરોની.

ગઝલ કવાલિ.

ન દિસે નમ્રતા નયને, ઝરે અભિમાન દ્રષ્ટિથી,
વળી ચાલે ઉંચી નજરે, ખુંમારી એ અમીરોની. ૧

દિસે વિવેકની ખામી, મુખે અપમાનમય વાણી,
ઉચ્ચારે છે તુંકારાથી, ખુંમારી એ અમીરોની. ૨

કદી જો યાચકો આવે, નહીં સત્કાર તે આપે,
બની ક્રોધી તિરસ્કારે, ખુંમારી એ અમીરોની. ૩

રહે ગરમી અમીરીની મગજ માંહે અહો રાત્રી,
ન પરવા કોઇની રાખે, ખુંમારી એ અમીરોની. ૪

કહે જે તે બધું સાચું, ભલે તે હોય જુઠ્ઠાણું,
ખુશામતીયા કહે હાજી, ખુંમારી એ અમીરોની. ૫

કદી કોઇ હિતેચ્છુ જો શિખામણ દે ધરી હિંમત,
હૃદયમાં તે ન ગણકારે, ખુંમારી એ અમીરોની. ૬

ઘણી આવી ખુંમારીથી ભરેલી વ્યક્તિ દેખું છું,
રહે ઘોડે ચડેલી તે, ખુંમારી એ અમીરોની. ૭

પડે ઘોડેથી તે જ્યારે, પૂરા પસ્તાય છે ત્યારે,
પછીથી આંખ ઉઘડે છે, ખુંમારી એ અમીરોની. ૮

મહા સુખ જે અમીરીનું ગુમાવી જીવ બાળે છે,
ખુંમારીથી ખુવારી આ, ખુંમારી એ અમીરોની. ૯

તરંગ ૨૧

નિશાની એ અમીરીની.

ગઝલ કવાલિ.

વધે જ્યમ લક્ષ્મી ભંડારે, બને ત્યમ નમ્ર તે ભારે,
હુંપદને તે તિરસ્કારે, નિશાની એ અમીરીની. ૧

દુ:ખી કોઇ મદદ માટે કદી જો જાય તે પાસે,
પુછી બીના ધિરજ આપે, નિશાની એ અમીરીની ૨

ગરીબને આમ દેખીને દયા દિલમાં પ્રકટ થાયે,
મદદ આપી જિગર ઠારે, નિશાની એ અમીરીની. ૩

જવું વેશ્યાગૃહો માંહે અમીરી તે નથી ભાઇ,
ગણે લક્ષ્મી સ્વદારાને, નિશાની એ અમીરીની. ૪

દરદ દરદી તણાં દેખી નયનમાં આંસુ લાવે છે,
ઉઘાડે છે દવાખાનાં, નિશાની એ અમીરીની. ૫

દશા વિધવાની અવલોકી દ્રવે જેનું જિગર હરદમ,
મથે ઉદ્ધારવા ધનથી, નિશાની એ અમીરીની. ૬

નહીં અપમાન ગર્વે કે તિરસ્કારે અમીરી છે,
સદા સત્કાર ને શાંતિ નિશાની એ અમીરીની. ૭

સદા ગુલતાન વૈભવમાં પડી રહેવું અમીરી શું ?
કરે જગહિતનાં કાર્યો, નિશાની એ અમીરીની. ૮

મહા સુખ સૌ અમીરીમાં કરે ઉપયોગ જો તેનો,
સ્વઆત્મા સમ ગણે પરને, નિશાની એ અમીરીની. ૯

તરંગ ૨૨

બની સેવક કરો સેવા.

ગઝલ કવાલિ.

નિરાશ્રિત દીનની સેવા, પ્રભુસેવા બરાબર છે,
જીવનઉદ્ધાર ચ્હાનારા ! બની સેવક કરો સેવા. ૧

પ્રકારો ખૂબ સેવાના, નથી રીત એક સેવાની,
વિવિધ રીતે બજાવોને, બની સેવક કરો સેવા. ૨

બતાવો અંધને રસ્તો દયાથી હાથ પકડીને,
બતાવો માર્ગ ભૂલ્યાને, બની સેવક કરો સેવા. ૩

લખી આપો અરજ દીનને કદાપિ જો ભણેલા હો,
બતાવો દાદનો રસ્તો, બની સેવક કરો સેવા. ૪

મફત કે થોડી ફી લઇને કરો વકીલાત રંકોની,
બચાવો એમ દુઃખીને, બની સેવક કરો સેવા. ૫

ગરીબનાં ઝુંપડાં માંહે નિહાળી દરદીનાં દરદો,
દવા કૈં આપજો વૈદ્યો ! બની સેવક કરો સેવા. ૬

ગરીબની ફી મુકી દઇને ગરીબોને તપાસોને,
બિમારીથી બચાવોને, બની સેવક કરો સેવા. ૭

બને તો બાળકો તેનાં ભણાવો ઘેર બોલાવી,
બનો શિક્ષક ઘડીભરના, બની સેવક કરો સેવા. ૮

ઘણી ઘણી રીત સેવાની સદા સૌ પુણ્યદાયક છે,
મહા સુખદાયી અંતે છે, બની સેવક કરો સેવા. ૯

તરંગ ૨૩

કરી તેં કેટલી સેવા ?

ગઝલ કવાલિ.

સુતા પ્હેલાં અરે ચેતન ! વિચારી લે હૃદય સાથે,
દિવસ માંહે ગરીબ જનની કરી તેં કેટલી સેવા. ૧
ખરચ ને તારી પ્રાપ્તિનો સદા તું મેળ રાખે છે,
તપાસી જો તું તે સાથે કરી તેં કેટલી સેવા. ૨
સ્વજનને નિત્ય પાળે છે, ફરજ તે તું બજાવે છે,
ફરજ ઉપરાંત પર હિતની કરી તેં કેટલી સેવા ? ૩
નહીં દરકાર જો પરની, જીવન આ કામનું શું છે ?
વિચારીને તપાસી જો કરી તેં કેટલી સેવા. ૪
ન સાધન જો કદી ધનનું, મદદ કર મન બદનથી તું,
તપાસી જો તું સરવાળે કરી તેં કેટલી સેવા. ૫
ગણાવો માનની સંખ્યા, ગણાવો દામની સંખ્યા,
ગણાવી લે તું તે સાથે, કરી તેં કેટલી સેવા. ૬
લઇ પૈસો કરે સેવા, નહીં તેમાં નવાઈ છે,
મૂકી દઈ સ્વાર્થ કોરાણે કરી તેં કેટલી સેવા ? ૭
ધરીને દંભ સેવાનો ઠગે છે દીન બંધુને,
ન તે સેવા, ખરી જોને કરી તેં કેટલી સેવા. ૮
ગરીબના જીવને ઠારી, દિલાસો દુઃખીને આપી,
મહા સુખશાંતિ દેવાને કરી તેં કેટલી સેવા ? ૯

તરંગ ૨૪

જીવન ઉદ્દેશ એ રાખો.

ગઝલ કવાલિ.

ભલું કરવાથી બીજાનું, ભલું પોતાનું નિશ્ચે છે,
નહીં કુદરત કદી ભૂલે, જીવનઉદ્દેશ એ રાખો. ૧

અનુભવમાં કદાપિ જો નહીં આ જન્મમાં આવે,
બીજા ભવમાં મળે બદલો, જીવનઉદ્દેશ એ રાખો. ૨

જુઓ કો જન્મ લે જગમાં મહારાજા તણા મ્હેલે,
મળે ફળ એમ પુણ્યોનું, જીવનઉદ્દેશ એ રાખો. ૩

કઈ લે જન્મ ઝુંપડીમાં રીબાયે આધિવ્યાધિમાં,
જુઓ ગત પાપનો બદલો, જીવનઉદ્દેશ એ રાખો. ૪

કરેલાં કર્મ નવ છોડે, ઉદય નિશ્ચેજ તે આવે,
ડરો નિત્યે કુકર્મોથી, જીવનઉદ્દેશ એ રાખો. ૫

બીજાને આત્મવત્ માની, કરૂણા રાખવી દિલમાં,
મદદ માટે કરો બનતું, જીવનઉદ્દેશ એ રાખો. ૬

બનો અંધાની આંખો સમ, બનો ટેકા અપંગોના,
નિરાશ્રિતના બનો આશ્રય, જીવનઉદ્દેશ એ રાખો. ૭

બનો બેલી ગરીબોના, દવા દો દરદી દીનોને,
અભણ હીનને ભણાવોને, જીવનઉદ્દેશ એ રાખો. ૮

રહો ઉપકારી દિનરાત્રી બીજાના પ્રાણ સંતોષી,
મહા સુખ સારી કરણીથી, જીવનઉદ્દેશ એ રાખો. ૯

તરંગ ૨૫

નહિ ચાખશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

અંકુશ જો નવ જીભ પર, તાકાદ નવ મન વાળવા,
તો રોગને દૂર રાખવા મિષ્ટાન કૈં નહિ ચાખશો. ૧

જો ચાખશો તો જીભ તેને છોડશે નવ આખરે,
પાચનક્રિયા અટકાવી દે, સ્વાદિષ્ટ રસ નહિ ચાખશો. ૨

નવ જાણીતી નવ ઓળખીતી વ્યક્તિ જો આવી મળે,
કૈં ચીજ ખાવાની ધરે તો તે કદી નહિ ચાખશો. ૩

ટોળી મળે જુગારીની, લલચાઇ જો તેમાં ભળ્યા,
તો પાયમાલી આખરે જુગાર રસ નહિ ચાખશો. ૪

ચડી સંગતે વ્યભિચારીની જાશો કદી વેશ્યાગૃહે,
તો હાની ઘરસંસારની, તે રંગરસ નહિ ચાખશો. ૫

મૃત્યુ કરે ઝેરી ચીજો, છોને ભલે સ્વાદિષ્ટ હો,
પણ સ્વાદ તેનો જાણવાને ઝેરી ચીજ નહિ ચાખશો. ૬

વ્યસની જનોના ડાયરામાં જો કદી વ્યસને ચડ્યા,
તો છે ખુવારી દેહની, તે વ્યસન રસ નહિ ચાખશો. ૭

કૈં ચાખવું તે સ્હેલ છે, ગુણ જાણવા મુશ્કેલ છે,
કરવા કસોટી બુદ્ધિની જાણ્યા વિના નહિ ચાખશો. ૮

દુનિયા કહે દુઃખદાયી જેને દૂર તેનાથી રહો,
ચાહો મહા સુખ જો તમે તો ઝેરને નહિ ચાખશો. ૯

તરંગ ૨૬

નહિ મારશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

ગાડું ચલાવે બળદ એ તો ચાલવા દો સુખથી,
પણ આર ભોકી ચાલતા તે બળદને નહિ મારશો. ૧
કદી ભૂલ કે અજ્ઞાનથી પડી જાય પ્રાણી તો અરે,
પડતા બિચારા પ્રાણીને ઉઠાડવા નહિ મારશો. ૨
ખુવાર સટ્ટાથી બને, પછી લોક ઠપકો દઈ લડે,
આવી રીતે ઠપકાપ્રહારોથી તમે નહિ મારશો. ૩
નિજ સ્વામીના અવસાનથી પત્ની બિચારી ઝુરી મરે,
તે ગત સમય સંભારી દુઃખમાં મરતીને નહિ મારશો. ૪
બાળક ભણાવો પ્રેમથી ઉમંગ ને ઉત્સાહથી,
પણ ઘાતકી રાક્ષસ બનીને બાળને નહિ મારશો. ૫
મનગમતી જો નવ સ્ત્રી મળી તો પ્રેમથી નીભાવજો,
કિન્તુ તિરસ્કારી બિચારીને તમે નહિ મારશો. ૬
સેવા ઉઠાવે સેવકો, કદી ભૂલ તેની થાય તો
ઠપકો દઈ નીભાવી લો પણ માર કદી નહિ મારશો. ૭
છોને ભલે ઉપકારનું કૈં કામ કરવું નવ બને,
પણ પેટ ઉપર કોઈના પાટુ તમે નહિ મારશો. ૮
નિજ પ્રાણ સમ બીજા ગણી, સાચી ધરો સૌ પર દયા,
હૃદયે મહા સુખ જો ચહો તો કોઈને નહિ મારશો. ૯

તરંગ ૨૭

નહિ રાખશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

ચાહો ભલેને સર્વને દુનિયા મહીં પણ સજ્જનો!
સરખા ગણીને સર્વ પર, વિશ્વાસ કદી નહિ રાખશો. ૧
અંતર નહીં પરખાય છે, જે ઉજળું નવ દૂધ તે,
દેખી સ્વરૂપ સૌ બ્હારનું વિશ્વાસ જરી નહિ રાખશો. ૨
ન્યાયાધિશો જો હો તમે, ને ન્યાયી રહેવું હોય તો,
વિચારીને દુર્ગુણી જનને સંગમાં નહિ રાખશો. ૩
જો રાખશો તો લાંચ લેશે તે તમારા નામથી,
ને લાંચીઆ ઠરશો તમે શંકા જરી નહિ રાખશો. ૪
દુશ્મન થકી પાનું પડયું તો ચેતી નિત્યે ચાલજો,
નિશ્ચે ઠગાશો પાસમાં હથિયાર જો નહિ રાખશો. ૫
જાહેર મંડળમાં કદી અભિપ્રાય પૂછે પ્રમુખ તો,
જે હોય તે જાહેર કરવું, શરમ ત્યાં નહિ રાખશો. ૬
પાકી ભલે દીવાલ પણ પાયોજ કાચો હોય તો,
આધાર તે દીવાલ પર કોઈ રીતે નહિ રાખશો. ૭
ફુલછોડ વાવ્યા બાગમાં પણ તે સુકાઇ જાય છે,
જો પાણીનું સિંચન કરી સંભાળ જરી નહિ રાખશો. ૮
પ્રભુ સંગી છે દુઃખના સમે, આધાર તે આરામનો,
શાંતિ મહા સુખ નવ મળે આધાર જો નહિ રાખશો. ૯

તરંગ ૨૮

નહિ કાઢશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

સૌ વ્હેમ છે બુરી બલા, વળગી પડી જો જિગરને,
તો ફોલી ખાશે દેહને જો જિગરથી નહિ કાઢશો. ૧

માથું મુકી વેપાર કરતાં તેજી ને મંદી મહીં,
જો નામ ચાહો તો તમે દેવાળું કદી નહિ કાઢશો. ૨

સેવક કદી જો નવ ગમે તો દો રજા તેને ભલે,
પણ નિરપરાધી દાસના દોષો વૃથા નહિ કાઢશો. ૩

સંસારમાં સૌ લોક સાથે સભ્યતાથી બોલવું,
પણ તુચ્છ કે અભિમાનના ઉદ્ગાર જરી નહિ કાઢશો. ૪

બોલાય જેવા બોલ સૌ પડઘા પડે તેવા જુઓ,
પડઘા પડે જેથી બુરા તે બોલને નહિ કાઢશો. ૫

કોઇ સરોવરના તીરે ન્હાતાં ગયો પાણી મહીં,
કેવી દશા તેની થશે જો પાણીથી નહિ કાઢશો ? ૬

નિધાન પૈસાનો પૂરો પણ દાન દેવું નવ ગમે,
ઉપયોગ શો પસા તણો જો પુણ્યમાં નહિ કાઢશો. ૭

શ્રીમંત હે ! તમને જુઓ આપે જગત ઠપકો અરે,
જો ડુબતા દીન બંધુને દુઃખકૂપથી નહિ કાઢશો. ૮

અંતે મહા સુખમાં નડે વ્હેલાં અગર મોડાં અરે,
વિચાર કરો જો હૃદયમાંથી પાપને નહિ કાઢશો. ૯

તરંગ ૨૯

અદા કરને ફરજ તારી.

ગઝલ કવાલિ.

કદી જો હોય વિદ્યાર્થી સમય તું ગાળ અભ્યાસે,
લઈ શિક્ષણ ગુરૂ પાસે, અદા કરને ફરજ તારી. ૧
કદી તું હોય પરણેલો સદા સંતોષ દે સ્રીને,
વચન કર લગ્નનાં પૂરાં, અદા કરને ફરજ તારી. ૨
કદી તું હોય પત્ની તો ધરી હૃદયે વફાદારી,
પતિને પ્રાણ સમ માની અદા કરને ફરજ તારી. ૩
તું જન્મ્યો આ ભૂમિ માંહે, બની તારી ભૂમિ માતા,
સુખી કરવા તું માતાને અદા કરને ફરજ તારી. ૪
સહી ઠંડી, સહી ગરમી, સહી વર્ષા ઉછેર્યો છે,
હવે માતાની કર સેવા, અદા કરને ફરજ તારી. ૫
કદી તું હોય જો રાજા પ્રજાને પાળ તું પ્રેમે,
બની સાચો પ્રજાપિતા અદા કરને ફરજ તારી. ૬
કદી તું હોય ધનવાળો, પીડિતોની પીડા હરને,
ખરો ઉપયોગ કર ધનનો, અદા કરને ફરજ તારી. ૭
મદદ લેવા નહીં આવે દુઃખી એવાં કુટુમ્બોને,
મદદ દેવા છુપી રીતે અદા કરને ફરજ તારી. ૮
મહા દુઃખદાયી બેકારી, ભયંકર તેની બિમારી,
નિવારી તે મહા સુખ દે, અદા કરને ફરજ તારી. ૯

તરંગ ૩૦

સુધારા હાથમાં લોને.

ગઝલ કવાલિ.

રૂઢીચુસ્તો ! રૂઢી ઉપર કરો બારીક અવલોકન,
સમયને ઓળખી લઇને સુધારા હાથમાં લોને. ૧

જુનામાં હોય જે સારા રીવાજો તે નહીં છોડો,
તજો કિન્તુ કુરીવાજો, સુધારા હાથમાં લોને. ૨

કુટો સરીઆમ રસ્તા પર છુટા મૂકી અરે છેડા !
શરમ નથી આવતી બેનો ! સુધારા હાથમાં લોને. ૩

તમારૂં મુખ ઢાંકો છો, ઉઘાડી છાતી મૂકો છો,
તમારી કેવી આ લજ્જા ? સુધારા હાથમાં લોને. ૪

ફરો છો ગોળ આકારે પરજિયા ગાઇને મુખથી,
સુશીલ બેનો ! શું આ શોભે ? સુધારા હાથમાં લોને. ૫

તમાશા રૂપમાં તમને નિહાળે લોક દુનિયાના,
કરે ચેષ્ટા અરે દુર્જન, સુધારા હાથમાં લોને. ૬

પરિષદ્‌ના સુધારાના ઠરાવોને પુરા પાળો,
લઇ પગ પર કુહાડાને, સુધારા હાથમાં લોને. ૭

કરો શરૂઆત નિજ ઘરથી, બીજા દૃષ્ટાંત લે જેથી,
વચન બોલેલું પાળીને સુધારા હાથમાં લોને. ૮

સમયની સાથ ચાલીને, જગતને ખૂબ સમજીને,
મહા સુખદાયી ને હિતકર સુધારા હાથમાં લોને. ૯

તરંગ ૩૧

નિશાની ક્યાં યુવાનીની?

ગઝલ કવાલિ.

ઉડી ગઈ ગાલની લાલી, જુઓ બેસી ગયું મુખ આ,
કૃતિ કુદરતનીં કેવી છે! નિશાની કયાં યુવાનીની? ૧
હતી જે દંતની પંક્તિ પડીને તે ઉડી ચાલી,
પડે મુશ્કેલીં ખાવામાં, નિશાની કયાં યુવાનીની? ૨
પગો જે દોડતા રમતે હવે તે ધ્રૂજતા ચાલે,
શિથિલતા કેવીં પગમાં છે! નિશાની કયાં યુવાનીની? ૩
ગયું ઘટીં તેજ આંખોથી, વશી બ્હેરાશ બે કાને,
નહીં સ્ફુરતા દિસે તનમાં, નિશાની કયાં યુવાનીની? ૪
યુવાનીના સમય માંહે જરા વયને નહીં જાણી,
હવે તેનો અનુભવ લો, નિશાની કયાં યુવાનીની? ૫
બની ગઇ મંદ જઠરાગ્નિ, ગઈ તાકાદ તન મનથી,
હવે આરામ દિલ ચાહે, નિશાની કયાં યુવાનીની? ૬
જહાં બેઠા તહીં બેઠા, નહીં મન ઉઠવા ચાહે,
જરાનો એ તમાસો છે, નિશાની કયાં યુવાનીની? ૭
કઈ જે કામ કરવાનાં યુવાનીમાં કર્યાં નવ જો,
ઘણું પસ્તાય ઘડપણમાં, નિશાની કયાં યુવાનીની? ૮
જુદા જુદા અરે રંગો ધરે છે અંગ આ રીતે,
મહાસુખ! ચાલ તું ચેતી, નિશાની કયાં યુવાનીની? ૯

તરંગ ૩૨

હવે વિશ્વાસ તારો શો ?

ગઝલ કવાલિ.

શરીર ! તારા તમાસા સૌ જરાવસ્થા મહીં જોયા,
યુવાનીમાં નહીં સૂઝયું, હવે વિશ્વાસ તારો શો ? ૧
હતી તાકાદ રમવાને શરીર ! તારી કને જે, તે
જરામાં કયાં નસાડી તેં ? હવે વિશ્વાસ તારો શો ? ૨
હતો શૃંગાર ઉભરાતો, હતી જે બ્હાર તારામાં,
હવે ત્યાં મંદતા ભાસે, હવે વિશ્વાસ તારો શો ? ૩
અરે દામ્ભિક ઠગબગ હે ! દગો તારો હવે સમજ્યો,
ઠગાયો એક વખતે હું, હવે વિશ્વાસ તારો શો ? ૪
દીધું તેં ઝેર ખાવામાં અરે હે સાવકી માતા !
બચાવ્યો છે પ્રભુએ તો, હવે વિશ્વાસ તારો શો ? ૫
મધુર બોલી રીઝાવે શું અરે પત્ની વ્યભિચારી !
ભીતરનું ઝેર મેં પરખ્યું, હવે વિશ્વાસ તારો શો ? ૬
અરે ચાકર ! ખિસામાંથી કરી તેં ચોરી પૈસાની,
કહે શિદ નોકરી રાખું ? હવે વિશ્વાસ તારો શો ? ૭
મુસાફર હે તું પરદેશી ! રહ્યો મ્હેમાન સમ ઘરમાં,
પરંતુ તું ડીટેકટીવ તો હવે વિશ્વાસ તારો શો ? ૮
અરે હે જીંદગી ! તું તો હવે પૂરી થવા આવી,
મહા સુખ દુઃખ દર્શાવ્યાં, હવે વિશ્વાસ તારો શો ? ૯

તરંગ ૩૩

છૂપાવશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

છે ચોરી એ અપરાધ ને દુષ્કર્મ છે દુનિયા મહીં,
ચિજ કોઇની ચોરી લઈ કદીએ નહીં છૂપાવશો. ૧

અપરાધને અટકાવવા, અપરાધીને પકડાવવા,
જો જાણતા હો તો તમે અપરાધી નવ છૂપાવશો. ૨

મજીઆરી મિલકત વ્હેંચવા જો ભાઇઓ ભેગા મળો,
તો તે સમે મજીઆરી વસ્તુ કૈં નહીં છૂપાવશો. ૩

હીસાબ કરતાં ભાગીદારો લાભ કે નુકસાનનો,
નિજ સાધવાને સ્વાર્થને કૈં રકમ નવ છૂપાવશો. ૪

જો પ્રેમ સાચો બાંધવા ચાહો કદી કો મિત્રથી,
તો મર્મથી નહિ વાત કરશો, હૃદય નવ છૂપાવશો. ૫

રાખો સદાયે કાચ સમ નિર્મળ તમારા હૃદયને,
મળ ધોઈ નાખી શુદ્ધ રાખો, મેલ નવ છૂપાવશો. ૬

નિર્મળ બનેલાં હૃદય બે છૂટાં પડે છે નવ કદી,
છૂટાં પડે છે હૃદય તે જો વાત કૈં છૂપાવશો. ૭

છાની રહે નવ વાત પણ ઉદ્ગારમાં પકડાય છે,
તુટી જાય છે ત્યાં હૃદય બે જો ભેદ એ છૂપાવશો. ૮

દુનિયાથી છૂપું હો ભલે, પણ છૂપું નવ કુદરત થકી,
કુદરત મહા સુખ છીનવે, છોને ભલે છૂપાવશો. ૯

તરંગ ૩૪

દેખાડશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

ડાહ્યા પુરૂષો અનુભવી આપે શિખામણ મર્મમાં,
પોલીસ કે અધિકારીને નિજ ઘર નહીં દેખાડશો. ૧

વળી મધુર વચની બગઠગો ભોળા જનોને લુંટી લે,
લલચાઈને તેવા જનોને ઘર નહીં દેખાડશો. ૨

મુન્શી બનીને પાણીઆરાના ભલે બોલો બહુ,
છત હોય તો જાહેર રીતે જગ મહીં દેખાડશો. ૩

નિજ પત્નીને ને બાળને લડવા અરે ઉભા થશો,
પણ બાથ બળિયા સાથ ભીડવા બળ નહીં દેખાડશો. ૪

ઢમ ઢોલ માંહે પોલ જેવા દંભી દુનિયામાં વસે,
જો હો ખરા બળવાન તો બળ યુદ્ધમાં દેખાડશો. ૫

રાંડ્યા પછી ડા'પણ સુઝે, ડા'પણ કહો શા કામનું ?
ઉપયોગી ડા'પણ કંથને જો જીવતાં દેખાડશો. ૬

ચાલાકી હો કૉલેજમાં પણ સર્વ મિથ્યા થાય છે,
કદી જો પરીક્ષા આપતાં આવડ નહીં દેખાડશો. ૭

ઘોડા તણું પાણી બતાવો નિત્ય દોડા દોડીમાં,
પણ તે વૃથા, જો શરતમાં પાણી નહીં દેખાડશો. ૮

અંતે મહા સુખ જો ચહો તો દંભ આડંબર તજો,
મારી તમાચો ગાલ પર લાલી નહીં દેખાડશો. ૯

તરંગ ૩૫

નિવારશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

કોમળ હૃદય દીન બંધુ આગળ હે શ્રીમંતો રાખશો,
આશ્રય બની નિરાશ્રિતોનાં કષ્ટને નિવારશો. ૧

પીંડ પેટની ને ભીડ ઘરની કો નહીં જાણી શકે,
છૂપી રીતે તે જાણી છૂપી રીતથી નિવારશો. ૨

મારી તમાચો લાલી રાખે, લાલી તે સાચી નથી,
બેકારીની જ્વાળા દહે જે જ્વાળ તે નિવારશો. ૩

વિધવાની કેવી દુર્દશા જ્ઞાતિ રીવાજોથી બને,
દુઃખદાયી બંધન હોય તે લાવી દયા નિવારશો. ૪

જો જ્ઞાતિના હો શેઠ તો ધારા ઘડો એવા તમે,
જેથી બને વિધવા સુખી, સૌ સંકટો નિવારશો. ૫

અજ્ઞાન તિમિર જ્યાં છવાયું હોય જનતાની મહીં,
ત્યાં જ્ઞાનમંદિર સ્થાપીને અજ્ઞાનને નિવારશો. ૬

ઔષધ વિના દરદી બિચારા દુઃખથી પીડાય જ્યાં,
સ્થાપી દવાખાનાં તહીં સૌ દર્દને નિવારશો. ૭

શ્રીમંત હો કે વકીલ હો કે વૈદ્ય હો ધન્વંતરી,
નિજ ધર્મ સમજી શ્રમજીવીનાં સંકટો નિવારશો. ૮

દઈને દિલાસો દુઃખીને, આંતરડી ઠારી તેમની,
આપી મહા સુખ લૂહી આંસુ વેદના નિવારશો. ૯

તરંગ ૩૬

દીપાવશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

નિત્યે સદાચારી રહી નીતિ હૃદયથી પાળીને
    દુર્ગુણથી દૂરે ખસી નિજ કુળને દીપાવશો. ૧

ગાદી મળે નિજ તાતની તો કામ ઉજ્જવલ આદરી,
    હે રાજવી! શુભ નીતિથી નિજ ગાદીને દીપાવશો. ૨

સાચા પ્રજાપાલક બની, માની પ્રજા બાળક સમી,
    હે રાજવી! નિજ રાજને ને નામને દીપાવશો. ૩

સુવર્ણના શૃંગારથી કાયા ખરી શોભે નહીં,
    વિદ્યા તણા આભૂષણોથી દેહને દીપાવશો. ૪

સ્ત્રીગુણમાં શીલ શ્રેષ્ઠ છે, તે પાળી અંતઃકરણથી,
    પતિ ને પિતાના કુળને બેનો! તમે દીપાવશો. ૫

છે પુસ્તકાલય જ્ઞાનમંદિર જ્ઞાનપાન કરાવતાં,
    આપી મદદ તે મંદિરોને સર્વથા દીપાવશો. ૬

ધારાસભા સુધરાઇ કે પંચાયતોના સભ્ય હો,
    તો કામ કરી સંતોષથી તે સભ્યપદ દીપાવશો. ૭

પોતે કઇં પાળે નહીં પણ બોધ આપે અન્યને,
    આવી રીતે ભાષણ કરીને નામ શું દીપાવશો? ૮

મોટા બનો શ્રીમંત તો અતિ નમ્રતા ધારણ કરી,
    વૈભવ મહા સમ રિદ્ધિ સિદ્ધિ લક્ષ્મીને દીપાવશો. ૯

તરંગ ૩૭

સફળ જીવન કરી લેને.

ગઝલ કવાલિ.

મનુષ અવતાર તું પામ્યો, વળી બુદ્ધિથી જોડાયો,
કરી ઉપયોગ બુદ્ધિનો સફળ જીવન કરી લેને. ૧
જમીનમાં વાવ તું એવું, મધુર જેનાં તું ફળ ચાખે,
મધુર તું બીજ શોધી લે, સફળ જીવન કરી લેને. ૨
મધુર બીજ એ મળે ક્યાંથી, જગત જનને તપાસી જો,
વળી વિલોકી કુદરતને, સફળ જીવન કરી લેને. ૩
ચહે જો દ્રાક્ષને ખાવા ભૂમિમાં વાવ તેનું બી,
પછી તું સિંચને પાણી, સફળ જીવન કરી લેને. ૪
ચહે જો ભાવી ભવ સારો કરી લે સારી કરણી તું,
જગતને આત્મવત્ માની સફળ જીવન કરી લેને. ૫
બીજાનાં દુઃખ દેખીને દયા લાવી મદદ કરને,
દુઃખીના જીવને ઠારી સફળ જીવન કરી લેને. ૬
નિરાશ્રિત સ્ત્રી પુરૂષોને દઈ આશ્રય બચાવી લે,
લુહીને આંસુ રડતાંનાં સફળ જીવન કરી લેને. ૭
ઘણાં એવાં કુટુંબો છે ભુખે રીબાય એકાંતે,
દઈ કૈં દાન છાનાં તું સફળ જીવન કરી લેને. ૮
ચહે જો તું મહા સુખને દુઃખીને સુખ તું દેને,
ટુંકામાં રીત સમજાવી, સફળ જીવન કરી લેને. ૯

તરંગ ૩૮

કહો ભય યોગીને ક્યાં છે?

ગઝલ કવાલિ.

ચહે યોગી સદા જંગલ, ચહે યોગી ગિરિ ગુફા,
નહીં ઘરબારની પરવા, કહો ભય યોગીને ક્યાં છે? ૧
શરીર પર રાખનાં વસ્ત્રો, ધખાવે ધૂણિ જંગલમાં,
નહીં કપડાં તણી પરવા, કહો ભય યોગીને ક્યાં છે? ૨
મળે તો માગી લે ભીક્ષા, અગર ફળ ખાય જંગલમાં,
નહીં મિષ્ટાનની પરવા, કહો ભય યોગીને ક્યાં છે? ૩
નહીં આહાર જો પામે, કરે ઉપવાસ આનંદે,
નહીં આહારની પરવા, કહો ભય યોગીને ક્યાં છે? ૪
હૃદયની શાંતિને જેણે સ્વપત્ની રૂપ માની છે,
ન તેને નારીની પરવા, કહો ભય યોગીને ક્યાં છે? ૫
ધરે તે ધ્યાન એકાંતે, સમય પ્રભુભક્તિમાં ગાળે,
ન દુનિયાની ધરે પરવા, કહો ભય યોગીને ક્યાં છે? ૬
જગતમાં જે મળે સંગે, ગણે કુટુમ્બી જન તેને,
નહીં પરિવારની પરવા, કહો ભય યોગીને ક્યાં છે? ૭
રહે સંતોષ માંહે તે તજી દઈ મોહ ને માયા,
નહીં લક્ષ્મી તણી પરવા, કહો ભય યોગીને ક્યાં છે? ૮
રહે સમ ભાવમાં પોતે, દુઃખે પણ સુખ માને છે,
મહા સુખની નહીં પરવા, કહો ભય યોગીને ક્યાં છે? ૯

તરંગ ૩૯

ખરો એ ત્યાગ ત્યાગીનો.

ગઝલ કવાલિ.

મળે શ્રીમંત કે દીન જન, સદા સમ દૃષ્ટિ સર્વે પર,
ન નાનો કે ન મોટો છે, ખરો એ ત્યાગ ત્યાગીનો. ૧

ન કોઈ મિત્ર કે દુશ્મન, ન રાગી કે ન અણુરાગી,
બધા પર ભાવના સરખી, ખરો એ ત્યાગ ત્યાગીનો. ૨

જગતને આત્મવત્ માની કરૂણાભાવ તે રાખે,
ન હલકો કોઇ દૃષ્ટિમાં, ખરો એ ત્યાગ ત્યાગીનો. ૩

નહીં અભિમાનનો ફાંકો, જરા નવ ક્રોધનો છાંટો,
નિરંતર શાંતિની મૂર્ત્તિ, ખરો એ ત્યાગ ત્યાગીનો. ૪

નહીં ગુણગાનથી રાજી, નહીં નારાજ નિંદાથી,
ચહે એકાંત ને શાંતિ, ખરો એ ત્યાગ ત્યાગીનો. ૫

જગતની સૌ ધમાલોને ઉપાધિથી ખસે દૂરે,
ચહે નિવૃત્તિ દિનરાત્રી, ખરો એ ત્યાગ ત્યાગીનો. ૬

કરે છે સંપની વૃષ્ટિ, બુઝાવે કલેશના ભડકા,
પ્રસારે શાંતિ જનતામાં, ખરો એ ત્યાગ ત્યાગીનો. ૭

ન ભીક્ષાની સ્પૃહા રાખે, નહીં ભુખ દુઃખની પરવા,
પ્રભુધ્યાને જીવન ગાળે, ખરો એ ત્યાગ ત્યાગીનો. ૮

મહા સુખ કે મહા દુઃખમાં દિસે છે એક સરખો તે,
રહે ધ્યાને બની ધ્યાની, ખરો એ ત્યાગ ત્યાગીનો. ૯

તરંગ ૪૦

નહીં એ ત્યાગ ત્યાગીનો.

ગઝલ કવ્વાલિ.

ન પૈસા પાસમાં રાખે, પરંતુ અન્ય દ્વારાએ
બધાં કાર્યો સધાયે છે, નહીં એ ત્યાગ ત્યાગીનો. ૧
ન પેટી કે પટારાદિ પરિગ્રહ ત્યાગીઓની પાસે,
છતાં તે ભક્તના ઘરમાં, નહીં એ ત્યાગ ત્યાગીનો. ૨
તજ્યાં ઘરબાર ને વૈભવ, છતાં નવ લાલસા છૂટે,
સવડ આશ્રય મહીં ચાહે, નહીં એ ત્યાગ ત્યાગીનો. ૩
તજ્યો શૃંગારરસ તનથી, છતાં મનથી ન છૂટે છે,
કરે સ્ત્રીઓ થકી વાર્તા, નહીં એ ત્યાગ ત્યાગીનો. ૪
સ્વીકારી ગોચરી ભીક્ષા તજી પૌષ્ટિક ખોરાકો,
છતાં સ્વાદિષ્ટ રસ ચાહે, નહીં એ ત્યાગ ત્યાગીનો. ૫
તજ્યા છે રાગ ને દ્વેષો, બતાવે આમ દુનિયાને,
છતાં આ તારૂં ને મારૂં, નહીં એ ત્યાગ ત્યાગીનો. ૬
સદા 'જે સાચું તે મારૂં' છતાં 'જે મારૂં તે સાચું'
લઈ હઠવાદ ઝઘડે છે, નહીં એ ત્યાગ ત્યાગીનો. ૭
સદા સમ દૃષ્ટિને માની, છતાં નવ ભેદ છૂટે છે,
કરી પક્ષો લડાવે છે, નહીં એ ત્યાગ ત્યાગીનો. ૮
ખરો ત્યાગી સકળ જનમાં મહા સુખ શાંતિને ઇચ્છે,
કરે જે કલેશની હોળી, નહીં એ ત્યાગ ત્યાગીનો. ૯

તરંગ ૪૧

ફકીરોની ફકીરી એ.

ગઝલ કવાલિ.

સ્વતનને જ્યાં સુખી કરવા નહીં દરકાર ભાસે છે,
ન દુનિયાની જરા પરવા, ફકીરોની ફકીરી એ. ૧

ન કોઈ ચીજ મારી છે, ન કોઇ મિત્ર મારો છે,
સદા જ્યાં ભાવના એવી, ફકીરોની ફકીરી એ. ૨

નથી સૌન્દર્ય પર દૃષ્ટિ, વિમુખ તેથી સદાયે છે,
ખસે દૂર મોહફંદાથી, ફકીરોની ફકીરી એ. ૩

ઉદરનું ભાડું દેવાને મળે તેથી નિભાવે છે,
કદી ભૂખે દિવસ ગાળે, ફકીરોની ફકીરી એ. ૪

શ્રીમંતો કે ગરીબોનો નહીં છે ભેદ દૃષ્ટિમાં,
સદા સરખા ગણે સૌને, ફકીરોની ફકીરી એ. ૫

નહીં અપશબ્દથી ખીજે, નહીં સત્કારથી રીઝે,
ચળિત નિજ ચિત્ત નવ હિસે, ફકીરોની ફકીરી એ. ૬

કદી રહેવા મળે ઘર કે કદી રહેવા મળે જંગલ,
મનોવૃત્તિ રહે સરખી, ફકીરોની ફકીરી એ. ૭

નહીં ઘરબાર કે મિલકત તણી દરકાર તેને છે,
રહે દુનિયાથી અળગો તે, ફકીરોની ફકીરી એ. ૮

મહા સુખ ને મહા દુઃખને ગણી કુદરત તણી લીલા,
સદા સરખાં ગણે છે તે, ફકીરોની ફકીરી એ. ૯

તરંગ ૪૨

દર્શાવશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

જાહેર સંસ્થાની સભા જ્યાં કાર્ય કરવાને મળે,
જાઓ તહીં તો નિડરતાથી મત તમે દર્શાવશો. ૧
સીફારસો ને લાગવગ ને પક્ષને છોડી દઈ,
જે શુદ્ધ લાગે હૃદયને તે સ્પષ્ટ મત દર્શાવશો. ૨
જો હોય સાધન પાસ તો દીનબંધુનાં દુઃખ ટાળવા
લાવી દયા ઉદારતા દુઃખી પરે દર્શાવશો. ૩
કો વૈદ્ય કે ડૉકટર તણી જો ઔષધિ લેવા ચહો,
તો શારીરિક કે માનસિક સૌ દર્દને દર્શાવશો. ૪
સૌ ઔષધિ ઉપચાર પૈસા સર્વ નિષ્ફળ જાય છે,
જો હૃદય ખોલી સ્પષ્ટ રીતે દર્દ નહિ દર્શાવશો. ૫
પાછળ ઉઠે શંકા ઘણી, તકરાર વિધ વિધ થાય છે,
જો લેખ લખતાં પ્રથમથી નહિ સ્પષ્ટતા દર્શાવશો. ૬
સામો ન સમજે હૃદયને, વિચાર નવ જાણી શકે,
દિલ ખોલીને જો દુઃખની કથની નહીં દર્શાવશો. ૭
નિત્યે પરીક્ષા માનવીની કરવી આગળથી પૂરી,
બગઠગ સમા દંભીની આગળ દિલ નહીં દર્શાવશો. ૮
શાંતિ મહા સુખ છીનવી ફંદે ફસાવે દુર્જનો,
તેવા ઠગારા આગળે જો ગુપ્તતા દર્શાવશો. ૯

તરંગ ૪૩

શિખવાડશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

શિક્ષણ સદા સુધારવાનું શ્રેષ્ઠ સાધન જગતમાં,
પશુ પંખીઓ પણ શિખે જુઓ જેવું તમે શિખવાડશો. ૧

સંસ્કાર બાળક પર પડે સંસ્કાર જેવા પાડશો,
હિંસા કરે છે બાળ જો હિંસા તમે શિખવાડશો. ૨

કેવું મુખે પોપટ પઢે છે નામ સિતારામનું,
બોલે સદા તે બોલ તેને બોલ જે શિખવાડશો. ૩

સરકસ મહીં ગજ અશ્વ આદિ ખેલમાં કસરત કરે,
તે તે બજાવે કામ તેને કામ જે શિખવાડશો. ૪

જઈ સાસરે પુત્રી રસોડે જાય તો મુંઝાય છે,
સાસુ લડે જો પુત્રીને નવ રાંધતાં શિખવાડશો. ૫

સુથાર સોની ને સલાટો સૌ તમે કારીગરો!
ભૂખે મરે નિજ બાળ જો ધંધો નહીં શિખવાડશો. ૬

મૂરખ રહે છે છોકરાં, નિરૂદ્યમી રખડી ફરે,
જો નાનપણમાં તેમને વિદ્યા નહીં શિખવાડશો. ૭

સંસ્કારી બાળક વડીલ સાથે વિનયથી વર્તન કરે,
અપમાન ભર્યું વર્તન કરે જો વિનય નહિ શિખવાડશો. ૮

લક્ષ્મી મહા સુખ વૈભવોની પાયમાલી થાય છે,
જો પુત્રને જુગાર સટ્ટાની બદી શિખવાડશો. ૯

તરંગ ૪૪

ઉછેરશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

છે સાપ ઝેરી કારમો તે પ્રાણ લે, તે કારણે
દુનિયા કહે દુધ પાઈને નહિ સાપને ઉછેરશો. ૧

ફળ ઝેરી છે જે ઝાડનાં નુકસાન પ્રાણીને કરે,
તે ઝાડને પરિશ્રમ કરી કદીએ નહીં ઉછેરશો. ૨

ગુણકારી ને અમૃત સમાં ફળદાયી છે જે સર્વદા,
જળ સિંચીને પાલન કરી તે વૃક્ષને ઉછેરશો. ૩

ભાવી પ્રજા સંસ્કારી ને સારી ચહો જો દેશમાં,
તો બાળકોને પ્રેમથી સારી રીતે ઉછેરશો. ૪

જે આજનાં છે બાળકો તે કાલની ભાવી પ્રજા,
તેવી પ્રજા તે પાકશે જેવી રીતે ઉછેરશો. ૫

સ્વાતંત્ર્યના સંસ્કારથી સ્વાતંત્ર્યની પ્રાપ્તિ કરે,
નિર્ભય કદી બનશે નહીં જો બીકમાં ઉછેરશો. ૬

બાળક રડે તો બીક બતાવે પાલકો વિધ વિધ રીતે,
માનસ બને છે બાયલું જો એ રીતે ઉછેરશો. ૭

માનસ બન્યું જો બાયલું તો ધૈર્ય હારી જાય છે,
બળિયાથી ભીડે બાથ નવ જો બીકમાં ઉછેરશો. ૮

ચાહો મહા સુખ બાળનું, પોતાનું ને નિજ દેશનું,
તો ખંતથી વિચારપૂર્વક સંતતિ ઉછેરશો. ૯

તરંગ ૪૫

વર્તાવશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

નાનાથી મોટા જો બનો તો નમ્રતા નવ ભૂલશો,
સત્તા કદાપિ જો મળે તો ત્રાસ નહિ વર્તાવશો. ૧

અધિકાર ગોળીબારનો હુલ્લડ સમે કદી જો મળે,
તો ફોડીને બંદૂક કાળો કેર નહિ વર્તાવશો. ૨

રાજા બનો તો રામના શુભ રાજને સંભારજો,
નીતિ ચલાવી રામ જેવી શાંતિ સૌ વર્તાવશો. ૩

અભિમાનના મદમાં રહી, રાવણ સમા નિર્દય બની,
વ્યભિચાર દુરાચારનાં તોફાન નહિ વર્તાવશો. ૪

કદી ન્યાતના જો શેઠ હો ઈન્સાફ કરનારા તમે,
તો ન્યાતમાં અન્યાય કરી કંકાસ નહિ વર્તાવશો. ૫

વિધવા તણી ફરિયાદ સૂણી ન્યાય અદલ આપશો,
કિન્તુ તિરસ્કારી વચનથી જુલમ નહિ વર્તાવશો. ૬

કદી મંદ બુદ્ધિવાળી પત્ની જો મળી સંસારમાં
અપનાવી લેવી કિન્તુ તે પર ત્રાસ નવ વર્તાવશો. ૭

શિક્ષક બનો તો શીખવો સૌ બાળકોને પ્રેમથી,
પણ સોટીથી શિક્ષા કરીને જુલમ નવ વર્તાવશો. ૮

આબાદિ શાંતિ ને મહા સુખ જો ચહો દુનિયા મહીં,
તો તો અહિંસાની પ્રવૃત્તિ પૃથ્વી પર વર્તાવશો. ૯

તરંગ ૪૬

સમયને ઓળખી ચાલો.

ગઝલ કવાલિ.

ગરમ કપડાં શિયાળામાં, ઝીણાં કપડાં ઉનાળામાં
ધરો છો અંગ એ રીતે સમયને ઓળખી ચાલો. ૧
જહાં ગમ હોય ખાવાની, તહીં ગમ ખાવો નવ ભૂલો,
નહીં તો પ્હોંચશે હાની, સમયને ઓળખી ચાલો. ૨
'તમે' 'તું' 'આપ' શબ્દોનો નહીં વિવેક જો રાખો,
બને વિવાહની વરસી, સમયને ઓળખી ચાલો. ૩
રિવાજો ધર્મ જ્ઞાતિના સમય સાથે ન જો ચાલે,
અધો ગતિ થાય છે અંતે, સમયને ઓળખી ચાલો. ૪
જુદી જુદી રૂતુ માંહે જુદી જુદી બને ખેતી,
સદા નક્ષત્રની માફક સમયને ઓળખી ચાલો. ૫
રૂતુ સમ જીંદગી આખી જુદા જુદા સમય માંહે,
પ્રવેશે છે અહો રાત્રી, સમયને ઓળખી ચાલો. ૬
શિશુની બાળ ચેષ્ટાઓ યુવાનીમાં નહીં છાજે,
રીતિ વિવેકની રાખો, સમયને ઓળખી ચાલો. ૭
રીતિ શૃંગારની શોભે યુવાનોની યુવાનીમાં,
જરામાં તેજ શરમાવે, સમયને ઓળખી ચાલો. ૮
યુવકલગ્નો વખાણે સૌ, વખોડે વૃદ્ધલગ્નોને,
મહા સુખ જો ચહો ભાઇ ! સમયને ઓળખી ચાલો. ૯

તરંગ ૪૭

હૃદયને પૂછીને ચાલો.

ગઝલ કવાલિ.

ચહો કૈં કાર્ય કરવાને કરો વિચાર તે પ્હેલાં,
કરૂં એ કાર્ય કે નવ હું ? હૃદયને પૂછીને ચાલો. ૧
હૃદય જો હા કહે તો હા, હૃદય જો ના કહે તો ના,
હૃદયમાં ચોરી નવ ચાલે, હૃદયને પૂછીને ચાલો. ૨
હૃદયને ચોરી ચાલો તો હૃદય ખુબ ડંખશે તમને,
હૃદય નવ જંપવા દેશે, હૃદયને પૂછીને ચાલો. ૩
કદી કો દુઃખ દે તમને, નહીં તે રૂચશે તમને,
કહો પછી દુઃખ શિદ દેવું ? હૃદયને પૂછીને ચાલો. ૪
લુંટારા લુંટ કે ચોરી કરે તે ના ગમે તમને,
કહો પછી ચોરી શિદ કરવી ? હૃદયને પૂછીને ચાલો. ૫
સ્વપત્ની પર કુદૃષ્ટિ જો કરે પર નર ચહો નવ તે,
પછી કુદૃષ્ટિ શિદ કરવી ? હૃદયને પૂછીને ચાલો. ૬
હૃદય ન્યાયાધિશ છે નિશ્ચે, જવાબો આપશે સાચા,
શરમ નહીં રાખશે કોની, હૃદયને પૂછીને ચાલો. ૭
જુઠાણું દંભ એ યુક્તિ જગતને નિત્ય ઠગવાની,
હૃદય આગળ નહીં ચાલે, હૃદયને પૂછીને ચાલો. ૮
હૃદય એ શાક્ષી સાચો છે, ખરી તે વાત દર્શાવે,
મહા સુખ સાચું જો ઇચ્છો હૃદયને પૂછીને ચાલો. ૯

તરંગ ૪૮

હવે આંખો ઉઘાડોને.

ગઝલ કવાલિ.

ચડ્યું લશ્કર નગર ઉપર, છતાં નહિ આંખ ઉઘડે છે,
લીધો સૌ મ્હેલને ઘેરી, હવે આંખો ઉઘાડોને. ૧

ફરી વળી આગ ચોપાસે, છતાં ઘર લોભી નવ છોડે,
દિસે ભડકા શરીર પાસે, હવે આંખો ઉઘાડોને. ૨

વિલાસોમાં મુડી ચાલી, વળી દેવાં કીધાં માથે,
થયાં આખર હુકમનામાં, હવે આંખો ઉઘાડોને. ૩

ગયાં ઘરબાર જપ્તીમાં, નહીં ઘર એક રહેવાને,
થયું કુટુંબ ભીખારી, હવે આંખો ઉઘાડોને. ૪

અરે વ્યસની જનો! વ્યસને રહેશો ક્યાં સુધી ચકચુર?
બને ખુવાર તન મન ધન, હવે આંખો ઉઘાડોને. ૫

રમતમાં શિશુવય ગાળી, યુવાની ગાળી મદરસમાં,
હવે આવી જરાવસ્થા, હવે આંખો ઉઘાડોને. ૬

કરો હિસાબ જીવનનો, નફો કે નુકસાની છે?
ભુલ્યા ત્યાંથી ફરી ગણશો, હવે આંખો ઉઘાડોને. ૭

જુઓ સુખ દુઃખ આત્માનું, કરો વિચાર તેના પર,
ચહો અવસાન સુખમય તો, હવે આંખો ઉઘાડોને. ૮

કરો ઉદ્ધાર આત્માનો, કરી પરમાર્થનાં કામો,
મહા સુખમાં ઘણું ઉંઘ્યા, હવે આંખો ઉઘાડોને. ૯

તરંગ ૪૯

જીવન સાદું ગુજારોને.

ગઝલ કવાલિ.

લઘુતાથી પ્રભુતા છે, પ્રભુતાથી પ્રભુ દૂર છે,
સદા સાદાઈ સુખકર છે, જીવન સાદું ગુજારોને. ૧
ચડ્યા જો એકદમ ઉંચે, પૂરો ભય ત્યાંથી પડવાનો,
ઉપાધિઓ વળે ઘેરી, જીવન સાદું ગુજારોને. ૨
કર્યું જો વૈભવી માનસ, નિરંતર દુઃખ તે દેશે,
નહીં નમતું જરી ગમશે, જીવન સાદું ગુજારોને. ૩
વસાવી ઘેર જો મોટર, પછી ગાડી ગમે શાની?
નિશાની દામ જાવાની, જીવન સાદું ગુજારોને. ૪
બની છક પૂર પૈસામાં પૂરો વૈભવ વધારે જે,
પૂરો પસ્તાય પડતીમાં, જીવન સાદું ગુજારોને. ૫
જીવનની હાજતો સર્વે, સદા મર્યાદમાં રાખો,
ન પડશે તેથી મુશ્કેલી, જીવન સાદું ગુજારોને. ૬
કદી જો સાથમાં નોકર લઈને નિત્ય ફરશો તો,
નહીં નોકર વિના ચાલે, જીવન સાદું ગુજારોને. ૭
ચડાવ્યા કોથી નવ ચડવું, ન દેખાદેખી કૈં કરવું,
નહીં તો વેઠવું પડશે, જીવન સાદું ગુજારોને. ૮
ટુંકો જો જાય લાંબા સંગૂ મરે નહિ તો પડે માંદો,
મહા સુખદાયી સાદાઈ, જીવન સાદું ગુજારોને. ૯

તરંગ ૫૦

બની નિરાશ શું કરશો ?

ગઝલ કવાલિ.

નહીં હિંમત કદી હારો, કદી આશા નહીં છોડો,
જીવન આધાર આશા છે, બની નિરાશ શું કરશો ? ૧
કરી નિદાન ડૉકટર જો કહે વ્યાધિ ભયંકર છે,
છતાં ઉપાય નવ છોડો, બની નિરાશ શું કરશો ? ૨
પરીક્ષામાં બની નિષ્ફળ રહો બેસી ઉદાસીમાં,
વરસ બીજું બગડવાનું, બની નિરાશ શું કરશો ? ૩
સ્વજનના મૃત્યુથી કારી પડે છે ઘા હૃદય ઉપર,
હૃદય તનમન ઝુરે દુઃખથી, બની નિરાશ શું કરશો ? ૪
ગયેલું પાછું નવ આવે, હૃદયથી સત્ય માનો છો,
છતાં શિદ આંસુ સારો છો ? બની નિરાશ શું કરશો ? ૫
નિરાશાથી વિનાસે છે હૃદયની ઉર્મિ ને શાંતિ,
પ્રવૃત્તિ વૃત્તિ છોડાવે, બની નિરાશ શું કરશો ? ૬
કદી થઈ ભૂલ સત્કાર્યે, ન તેથી તે તજી દેશો,
ભુલ્યા ત્યાંથી ફરી ગણુશો, બની નિરાશ શું કરશો ? ૭
ન આશાવાદને છોડો, નિરૂત્સાહી નહીં બનશો,
કહે દુનિયા અમર આશા, બની નિરાશ શું કરશો ? ૮
શરીરે નૂર પ્રકટાવે, ભુલાવે ભ્રમ અમર આશા,
મહા સુખ શાંતિ આશામાં, બની નિરાશ શું કરશો ? ૯

તરંગ ૫૧

ફેલાવશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

દુ:ખદાયી ચેપી રોગથી સપડાય કાયા જો કદી,
સંસર્ગમાં આવી બીજાના ચેપ નહિ ફેલાવશો. ૧

આવી ચડે સંસર્ગમાં જે તેહને છોડે નહીં,
વળગી પડી દુઃખી કરે છે, રોગ નહિ ફેલાવશો. ૨

પાયા વિનાની વાત ચાલે, સન્સનાટી થાય છે,
તો સત્યને જાણ્યા વિના અફવા નહીં ફેલાવશો. ૩

દુનિયા સદા દોરંગી છે, તેનેજ ફરતાં વાર શી?
અફવા ઘણી ખોટી પડે, માટે નહીં ફેલાવશો. ૪

નહિ વાતમાં કૈં હોય પણ ગંભીર રૂપ પકડાય છે,
નુકસાન પ્હોંચે કોઈને, અફવા નહીં ફેલાવશો. ૫

લક્ષ્મીપતિ જો હો તમે, ઉદારતા હૃદયે ધરી,
પરમાર્થનાં કામો કરી કીર્ત્તિ જગે ફેલાવશો. ૬

જો રાજસત્તા હાથમાં આવી પડે સુયોગથી,
તો દુઃખ પ્રજાનાં દૂર કરી સુખ શાંતિને ફેલાવશો. ૭

વેપાર ને ઉદ્યોગના રાજા બનો જો દેશમાં,
તો ટાળી બેકારી તમે સંતોષને ફેલાવશો. ૮

બેકારી એ બૂરી બલા રૂધિર ચૂસે શરીરથી,
બેકારી સંહારી મહા સુખ શાંતિને ફેલાવશો. ૯

તરંગ ૫૨

અટકાવશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

નિરોગી રૂહેવા જો ચહો તો રોગદાયક હોય જે,
તે વસ્તુને કાયા મહીં દાખલ થતાં અટકાવશો. ૧

અંકુશ મૂકો મન પરે, મન ચ્હાય તે ખાવું નહીં,
દોષિત વસ્તુ ચાખતાં મનને સદા અટકાવશો. ૨

કૈં રેલના પાટા પરે નુકસાનકારક હોય જો,
તો લાલ ધ્વજ ફરકાવી ગાડી આવતી અટકાવશો. ૩

જો પ્લેગ મરકીના કઈ કેસો બને જનતા મહીં,
તો ચાંપતા ઉપાય લઈ તેને સદા અટકાવશો. ૪

જ્યાં બાળલગ્નો, વૃદ્ધલગ્નો, થાય કન્યાવિક્રયો,
ઉપાડીને જુંબેશ તેવાં લગ્નને અટકાવશો. ૫

વરસાદ વરસ્યો ને ભરાયું પાણી પૂરૂં સરવરે,
ફાટી જશે જો બંધ બાંધી પાણી નહિ અટકાવશો. ૬

અંકુશમાં નહિ રાખતાં બગડે સદા નિજ સંતતિ,
દુર્ગુણના રસ્તે જતાં કદી જો નહીં અટકાવશો. ૭

દુશ્મન ચડયો લશ્કર લઈ, ઉંઘો તમે શું સૈનિકો !
શી રીત રક્ષણ થાય જો લશ્કર નહીં અટકાવશો ? ૮

જગમોહ માયા રાગની જંજાળમાં સપડાઈને,
અવિચળ મહા સુખ મોક્ષનું તેને નહીં અટકાવશો. ૯

તરંગ ૫૩

નોંધાવશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

સુધરાઈ કે પંચાયતો ધારાસભાની ચુંટણી,
 તે ચાલતી જ્યાં હોય ત્યાં સૌ નામ ક્યાં નોંધાવશો? ૧
નિજ સ્વાર્થનું બલિદાન દઈ સેવા કરે જે લોકની,
 તે પક્ષમાં મતદાર તરીકે નામ નિજ નોંધાવશો. ૨
કરી દંભ સેવાનો અરે ભોળી પ્રજાને છેતરે,
 એ દંભા બગઠગ ભક્ત પક્ષે મત નહીં નોંધાવશો. ૩
જ્યાં ફંડની યાદી ફરે જનહિતની સાચી ખરી,
 દઈ દામ તેમાં નામ તે યાદી મહીં નોંધાવશો. ૪
લેખીત દસ્તાવેજ જે જે નોંધવાની ફર્જ છે,
 નુકસાન પ્હોંચે છે તમે જો તે નહીં નોંધાવશો. ૫
મંડળ સ્વયંસેવક તણું સ્થાપી તમે નિજ ગામમાં,
 સેવક તરીકે કામ કરવા નામ નિજ નોંધાવશો. ૬
આ દેશના રક્ષણ નિમિત્તે સૈન્ય રચવું જો પડે,
 તો આર્યસંતાનો તમે શું નામ નહિ નોંધાવશો? ૭
લઘુતાથી પ્રભુતા થાય છે, પ્રભુતાથી પ્રભુ દૂર જાય છે,
 લઘુતા ભરેલી પંક્તિ માંહે નામ નિજ નોંધાવશો. ૮
જનતાની સેવા તે પ્રભુસેવા સહુથી શ્રેષ્ઠ છે,
 માની મહા સુખ નામ સેવકસંઘમાં નોંધાવશો. ૯

તરંગ ૫૪

બોલાવશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

બાળક રીઝે છે પ્રેમથી, છોને ભલે નાનાં દિસે,
મુખ કેવું મલકાવી જુએ જો પ્રેમથી બોલાવશો. ૧

વિરોધી હો કે દ્વેષી હો પણ જો મળે રસ્તા મહીં,
ઉત્તર મળે છે સભ્ય જો હસીને તમે બોલાવશો. ૨

સ્નેહી સબંધી હોય પણ વાણી પરે અંકુશ ધરો,
કડવાશ પ્રકટે જો તમે અપમાનથી બોલાવશો. ૩

જીભ એક એવું યંત્ર છે, જે મિત્રને દુશ્મન કરે,
વેરી બને છે વશ તમે જો વિનયથી બોલાવશો. ૪

વશીકરણ વિદ્યા જીભમાં, વશ કરી શકો પતિને તમે
હે સ્રીજનો! જો મધુર વચને સ્વામીને બોલાવશો. ૫

પણ સ્વામીના મીજાજને ને સમયને જાણ્યા વિના
કંકાસ ઘરમાં થાય છે સમજ્યા વિના બોલાવશો. ૬

જીભ માર ખવરાવે જુઓ, નહિ બોલવું સૂઝે પછી,
જો ઝેર જેવી વાણીથી ધિક્કારથી બોલાવશો. ૭

વળી કો સમે ખૅન થાય છે હથિયાર ને તરવારથી,
અપશબ્દ ને બિભત્સભરી જો ગાળ દઈ બોલાવશો. ૮

મનનું મહા સુખ પામવા જો પ્રેમરસ પીવા ચહો,
તો સર્વને વિવેક વિનય પ્રેમથી બોલાવશો. ૯

તરંગ ૫૫

ભૂલ્યા ત્યાંથી ફરી ગણશો.

ગઝલ કવાલિ.

મનુષ ભૂલપાત્ર છે જગમાં, બને છે ભૂલ વ્યવહારે,
 બને અણધારી રીતે તો ભૂલ્યા ત્યાંથી ફરી ગણશો. ૧
થયેલી ભૂલ સુધારી અનુભવ મેળવો ત્યાંથી,
 ફરી તેવું થવા નહિ દો, ભૂલ્યા ત્યાંથી ફરી ગણશો. ૨
કરી જો ભૂલ જાણીને પૂરા પસ્તાઇ અંતરથી
 ફરી તેવું નહીં કરશો, ભૂલ્યા ત્યાંથી ફરી ગણશો. ૩
ફરી ફરી ભૂલ જો કરશો બગડશે જીંદગી આખી,
 બીજાનાં દેખી દષ્ટાંતો ભૂલ્યા ત્યાંથી ફરી ગણશો. ૪
બુરી છે મોહની માયા, રહે મન જો નિરંકુશ તો,
 બનાવે ભૂલના ભોગી, ભૂલ્યા ત્યાંથી ફરી ગણશો. ૫
સદા સાવધ રહો તેથી પૂરો કાબૂ ધરી મન પર,
 કદી નવ છોડશો નીતિ, ભૂલ્યા ત્યાંથી ફરી ગણશો. ૬
તજેલા પંથ પર દૃષ્ટિ કદાપિએ નહીં કરશો,
 વિચારીને વિમાસીને ભૂલ્યા ત્યાંથી ફરી ગણશો. ૭
તપશ્ચર્યાજ પસ્તાવો, તપાવી પાપને બાળે,
 કરે છે શુદ્ધ અંતરને, ભૂલ્યા ત્યાંથી ફરી ગણશો. ૮
મહા સુખ જો ચહો હૃદયે કરો નવ ભૂલ જાણીને,
 ભૂલ્યા જો કમનસીબીથી ભૂલ્યા ત્યાંથી ફરી ગણશો. ૯

તરંગ ૫૬

કરો નિઃસ્વાર્થ સૌ સેવા.

ગઝલ કવાલિ.

ચહો જનતાની સેવા તો હૃદય નિર્મળ સદા રાખો,
વખતનો ભોગ આપીને કરો નિઃસ્વાર્થ સૌ સેવા. ૧

બુરો છે સ્વાર્થ દુનિયામાં, ભલા જનને બગાડે છે,
તજાવે નીતિનો રસ્તો, કરો નિઃસ્વાર્થ સૌ સેવા. ૨

બની અધ્યક્ષ સુધરાઈ ચલાવા જો ચહો પ્રેમે,
દઈને ભોગ ધંધાનો, કરો નિઃસ્વાર્થ સૌ સેવા. ૩

પરંતુ કોઇ કાર્યે જો ઇજારામાં બનો ભાગી,
ઉદર ભરવાની એ સેવા, કરો નિઃસ્વાર્થ સૌ સેવા. ૪

કમાવાની ધરી આશા બનો જો સભ્ય સંસ્થાના,
પ્રજા ઠગવાની એ બાજી, કરો નિઃસ્વાર્થ સૌ સેવા. ૫

ધરીને દંભ સેવકનો નહીં ઠગશો પ્રજાજનને,
પ્રજાદ્રોહી નહીં બનશો, કરો નિઃસ્વાર્થ સૌ સેવા. ૬

દઈને નામ ધર્માદા કરો પૈસા નહીં ભેગા,
ગુન્હો એ માફ નહિ થાશે, કરો નિઃસ્વાર્થ સા સેવા. ૭

મુંડી જાહેર સંસ્થાની ન લેવી નિજ ઉપયોગે,
નહીં નિજ કામમાં ખરચો, કરો નિઃસ્વાર્થ સૌ સેવા. ૮

મહા સુખ સ્વાર્થથી સાધી મહા જન જો થવા ચાહો,
તજી દો દંભ સેવાનો, કરો નિઃસ્વાર્થ સૌ સેવા. ૯

તરંગ ૫૭

કહો એ મિત્રતા કેવી ?

ગઝલ કવાલિ.

કીધો વેપાર તેજીનો, પછી જો ભાવ ગગડે તો,
ગણે છે ભાગ મિત્રોનો, કહો એ મિત્રતા કેવી ? ૧
મળે જો પાંચ પોતાને ભલે વધુ જાય મિત્રોના,
નહીં દરકાર તેને છે, કહો એ મિત્રતા કેવી ? ૨
રમે સાથે ફરે સાથે પરંતુ માંદગી સમયે
ન જોવા ઘેર આવે છે, કહો એ મિત્રતા કેવી ? ૩
કદી સરકાર પકડે તો, ખબર નવ લે કચેરીમાં,
મદદ નવ દે કુટુંબીને, કહો એ મિત્રતા કેવી ? ૪
પરંતુ બીજબાનીમાં બતાવે મિત્રતા પોતે,
વદે મુખથી મધુર વાણી, કહો એ મિત્રતા કેવી ? ૫
મરણ સમયે ભલામણ જો કરે સ્રીને મદદ કરવા,
કબૂલે તે કપટ રાખી, કહો એ મિત્રતા કેવી ? ૬
મરણ પછીં સ્રી બને વિધવા, મળે એકાંતમાં તેને,
પૂરી છુટ લે મદદ બ્હાને, કહો એ મિત્રતા કેવી ? ૭
મરે નિજ મિત્ર, કિન્તુ જો અમલદારો રહે રાજી,
કરે તે મિત્રની ચાડી, કહો એ મિત્રતા કેવી ? ૮
નથી આ મિત્ર પણ શત્રુ, મહા સુખ લક્ષ્મીં હરનારા,
દગલબાજીથીં રમનારા, કહો એ મિત્રતા કેવી ? ૯

તરંગ ૫૮

ફરજ તારી અદા કરને.

ગઝલ કવાલિ.

પતિ હો તો તું પ્રેમી હો, જિગરથી પત્નીને ચાહી,
સદાયે પત્નીવ્રત પાળી ફરજ તારી અદા કરને. ૧
પિતા જો હો તું બાળકનો, ભણાવીને ગણાવીને,
કરી મોટા પિતા તરીકે ફરજ તારી અદા કરને. ૨
કદાપિ પત્ની જો તું હો, પતિ સેવા ઉઠાવીને,
વફાદારીથી ચાહીને ફરજ તારી અદા કરને. ૩
જનેતા બાળની જો હો, ઉછેરી બાળકો પ્રેમે,
બનાવી શુદ્ધ સંસ્કારી ફરજ તારી અદા કરને. ૪
સહોદર જો તું બંધુનો, તજી જુદાઇ ને ઇર્ષા,
પ્રીતિથી સાથ જોડાઈ ફરજ તારી અદા કરને. ૫
કદી જો હોય બેનો તો સદા સંભાળી પરણાવી,
હૃદયની લાગણી રાખી ફરજ તારી અદા કરને.
સગાં વ્હાલાં સબંધીથી પરસ્પર સ્નેહ રાખીને,
સહાયક તું બની નિત્યે ફરજ તારી અદા કરને.
કદી ધનવાન જો તું હો, દયાની દૃષ્ટિથી દેખી,
નિરાશ્રિતના બની આશ્રય ફરજ તારી અદા કરને.
બને જો દેશનો રાજા પ્રજાનાં સંકટો ટાળી,
મહા સુખ શાંતિ વર્તાવી ફરજ તારી અદા કરને.

તરંગ ૫૯

ન રાખો ભેદ અંતરનો.

ગઝલ કવાલિ.

કદી કો પ્રશ્ન ચર્ચાતાં ભલે જુદા જુદા મત હો,
ભલે વિરોધ હો કિન્તુ ન રાખો ભેદ અંતરનો. ૧

દલીલોથી કરી ખંડન કરોને સત્યનું મંડન,
પ્રમાણિકતા નહીં છોડો, ન રાખો ભેદ અંતરનો. ૨

સદા સ્વાતંત્ર્ય છે સૌને વિચારો નિજ દર્શાવા,
કરો વિવેકથી ચર્ચા, ન રાખો ભેદ અંતરનો. ૩

મુકીને જીભ પર અંકુશ નહીં જરી ઝેર ઝરવા દો,
હૃદય પ્રીતિથી પલટાવો, ન રાખો ભેદ અંતરનો. ૪

ન રાખો દ્વેષનો છાંટો, ન ઈર્ષાની નજર રાખો,
હૃદયની શુદ્ધિથી ચાલો, ન રાખો ભેદ અંતરનો. ૫

કૃતિ કુદરતની એવી કે સદા મતભેદ રહેવાના,
ચહો જો સંપ ને પ્રીતિ, ન રાખો ભેદ અંતરનો. ૬

ભલેને ભાઈઓ વ્હેંચી પડો છૂટા પરસ્પર સૌ,
જુદા ઘરમાં રહો કિન્તુ ન રાખો ભેદ અંતરનો. ૭

ભલે હો ભેદ જ્ઞાતિનો, ભલે હો ભેદ જાતિનો,
ભલે હો ભેદ ધર્મોનો, ન રાખો ભેદ અંતરનો. ૮

મહા સુખ જો ચહો ભૂમિનું હૃદયથી સંગ જોડાઈ,
પીવા સ્વાતંત્ર્ય રસ પ્યાલો ન રાખો ભેદ અંતરનો. ૯

તરંગ ૬૦

ચ્હાશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

જોડાઈ લગ્નની ગ્રંથીથી પતિપત્નીની જોડી બની,
સંસાર નિ:રસ લાગશે જો પ્રેમથી ચ્હાશો નહીં.
મનગમતી પત્ની નવ મળી તો પ્રેમથી નીભાવવી,
બાજી બધી બગડી જશે જો બોલવું ચ્હાશો નહીં.
સ્વામી મળ્યો પ્રતિકૂળ તો સમજાવવો પ્રિય વચનથી,
કિન્તુ ચહી પર પુરૂષને વ્યભિચારને ચ્હાશો નહીં.
જુગારમાં જુગારીઓ ધનમાલની હાની કરે,
સોબત જુગારી માનવીની કોઈ દિન ચ્હાશો નહીં.
વ્યભિચારી વેશ્યાચારીમાં ખુવારી તનધનની કરે,
એવા દુરાચારીની સોબત ભાઇ હે! ચ્હાશો નહીં.
થતી હોય જો છુટછાટથી સાચી સમાધાની અરે,
તો વકીલ કરી દરબારમાં લડવું કદી ચ્હાશો નહીં.
જે જે ચડે દરબારમાં ઘરબાર તેનાં જાય છે,
દુનિયાની સાચી કહાણી તો લડવું તમે ચ્હાશો નહીં.
સામગ્રી સજી સૌ યુદ્ધની આવી મદોન્મત માનમાં,
પણ નજર કરી પરિણામ પર તે યુદ્ધને ચ્હાશો નહીં.
સંહાર મીલકત જાનનો ને લોહીની નદીઓ વહે,
ચાહો મહા સુખ શાંતિ તો લડવું તમે ચ્હાશો નહીં.

તરંગ ૬૧

ખાશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

વાણી સદા સાચી વદો, નવ જૂઠનું મિશ્રણ કરો,
વ્યવહાર માંહિ અસત્ય સોગન કો સમે ખાશો નહીં. ૧
અપશુકનકારક છીંક છે જ્યાં એવી છે નિજ માન્યતા,
તો કાર્યના આરંભ માંહે છીંક કો ખાશો નહીં. ૨
ખાતાં બગાસું અમલ ઉતરી જાય છે અફીણી તણો,
માટે બગાસું અફીણી સામે કો સમે ખાશો નહીં. ૩
અપમાન ને સન્માનની તકરાર પ્રકટે તે સમે
પરિણામ વિપરિત આવશે ગમ જો તમે ખાશો નહીં. ૪
ગમમાં રહી છે સહનશીલતા, દીર્ઘ દૃષ્ટિ, નમ્રતા,
નહિ ગુણ તે સૌ સાંપડે જો ગમ તમે ખાશો નહીં. ૫
સ્વાદિષ્ટ ભોજન જો મળે તો જીભને વશ રાખવી,
ભૂખ્યા રહ્યામાં સુખ છે, ભૂખથી વધુ ખાશો નહીં. ૬
જો વ્યાધિ વ્યાપે અંગમાં તો લેવી ગુણકારી દવા,
નહિ વ્યાધિ જાશે અંગમાંથી જો દવા ખાશો નહીં. ૭
લાઠી તણા સૌ દાવ શીખી જો બન્યા બળવાન તો,
રક્ષણ કરી શકશો તમે ને માર પછી ખાશો નહીં. ૮
કુપથ્યથી કે સ્વાદથી અંગે અજીરણ થાય તો,
નિજ અંગનું માની મહા સુખ અન્ન કૈં ખાશો નહીં. ૯

તરંગ ૬૨

દેશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

જો પાળવા નિજ વચનને પોતાની શક્તિ છે નહીં,
તો વચન આ સંસાર માંહે કોઇને દેશો નહીં. ૧
જુગારી દુરાચારી વ્યસની હોય યુવક જો કદી,
યુવાન સમજી તેહને કન્યા કદી દેશો નહીં. ૨
જો હોય મોટો ધનપતિ પ્રાસાદ માંહે મ્હાલતો,
પણ વૃદ્ધ જો તે હોય તો કન્યા તમે દેશો નહીં. ૩
કન્યા તણો વિક્રય કરે જે માણસો બની લોભીઆ,
તેવા જનોને કોઇ રીતે સ્હાયતા દેશો નહીં. ૪
કદી જો સગા ને મિત્રનું સગપણ ચહો નિભાવવા,
ધીરધારના વ્યવહારમાં પૈસા તમે દેશો નહીં. ૫
જો સ્હાય કરવી હોય તો પૈસા સુખેથી આપવા,
કિન્તુ વસુલ લેવાની આશાથી તમે દેશો નહીં. ૬
"પ્રીતિ થવી તો સ્હેલ છે, નિભાવવી મુશ્કેલ છે"
નિભાવવા નવ શક્તિ તો પ્રીતિ વચન દેશો નહીં. ૭
નિરાશ્રિતોને મદદ કરવા હાથને લંબાવજો,
સુખની ન આશા પરભવે જો દાન કૈં દેશો નહીં. ૮
આંતરડી દીનની ઠારવી, તેથી તમે ઠરશો સુખે,
લેવું મહા સુખ પરભવે તો દુઃખ કૈં દેશો નહીં. ૯

તરંગ ૬૩

લેશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

ચાહો તમે હિત પુત્રીનું તો લોભ ધનનો છોડજો,
અંકાવી કિંમત પુત્રીની પૈસા તમે લેશો નહીં. ૧
લીધેલું પાછું આપવાની શક્તિ કે દાનત નહીં,
તો અંગ ઉધારે તમે ધનમાલ કૈં લેશો નહીં. ૨
સંસ્થા તણાં સૌ કાર્યને સંભાળવા શક્તિ નહીં,
તો કાર્ય કરવા મંત્રીની પદવી તમે લેશો નહીં. ૩
ઈચ્છા થઈ આચાર્યપદની તો ગુણી તેવા બનો,
જીરવી શકો નવ માન તો આચાર્યપદ લેશો નહીં. ૪
જે માનથી અભિમાન પ્રકટે, અધમ ગતિ લાવી મુકે,
તે માનથી દૂરે ખસો, સન્માન એ લેશો નહીં. ૫
સંતોષ આપો ગરીબને ધનવાન હે! તમ ધર્મ છે,
પણ ત્રાસ વર્તાવી નિશાસા રંકના લેશો નહીં. ૬
નિજ આબરૂ ને જાતને નુકસાન પ્હોંચે એમ જ્યાં,
પૂર જોરથી આગળ પડીને ભાગ ત્યાં લેશો નહીં. ૭
વ્યવહાર જ્યાં છે વ્હેંચણીનો શુદ્ધ અંતર રાખવું,
છળ કપટથી બળિયા બનીને ભાગ બે લેશો નહીં. ૮
ઇચ્છો મહા સુખ તો બીજાના વાદ લો શુભ કરણીમાં,
પણ દુષ્ટ કરણીમાં બીજાના વાદ કદી લેશો નહીં. ૯

તરંગ ૬૪

પછી પસ્તાઈ શું કરશો?

ગઝલ કવાલિ.

રમી જુગાર દિન રાત્રી કરી તીજોરીને ખાલી,
ગયાં ઘરબાર ને વૈભવ, પછી પસ્તાઇ શું કરશો? ૧

મળે ખાવા નહીં ભોજન, મરે ભૂખે કુટુંબી જન,
બને સ્થિતિ ભિખારી સમ, પછી પસ્તાઇ શું કરશો? ૨

શ્રીમંતાઇ તણા નીશા મહીં સૂઝે નહીં કાંઈ,
પછી મુંઝવે ગરીબાઈ, પછી પસ્તાઇ શું કરશો? ૩

યુવાનીના મદન માંહે બગાડી જીંદગી પૂરી,
બનીને રોગના ભોગી, પછી પસ્તાઇ શું કરશો? ૪

પ્રથમ બુદ્ધિ નહીં સૂઝે, બીજાનો બોધ નહિ માનો,
પીડા આવી પડે માથે, પછી પસ્તાઇ શું કરશો? ૫

લખત વાંચ્યા વિના મત્તું કરો જો આંખ મીંચીને,
લખતમાં ઉલટું નીકળે, પછી પસ્તાઇ શું કરશો? ૬

વ્યભિચારી દુરાચારી જુગારીને દીધી કન્યા,
પીડા પામે બિચારી તો, પછી પસ્તાઈ શું કરશો? ૭

મડા સમ વૃદ્ધને વેચી સ્વપુત્રીને લઇ પૈસા,
પછી રંડાય તે બાળા, પછી પસ્તાઈ શું કરશો? ૮

મહા સુખની ન શિખ માનો, મનસ્વી રીતથી ચાલો,
દીવો લઇને પડો કૂવે, પછી પસ્તાઇ શું કરશો? ૯

તરંગ ૬૫

પછી કિંમત તમારી શી?

ગઝલ કવાલિ.

કરીને હાથ બે લાંબા કરો ભાષણ સ્વદેશી પર,
રહો ઘેરે વિદેશીમાં, પછી કિંમત તમારી શી? ૧

વ્યસન દારૂનું તજવાને કરો ઉપદેશ પણ પોતે
પીઓ હૉટલ મહીં બૉટલ, પછી કિંમત તમારી શી? ૨

'અમારો ભાવ એકજ છે' કહીને એમ વેપારી!
ઘડી પછી ભાવમાં ઉતરો, પછી કિંમત તમારી શી? ૩

ન ડાહ્યાં જાય સાસરીએ શિખામણ ઘેલીને આપે,
કરો બેનો તમે આવું, પછી કિંમત તમારી શી? ૪

દુરાચારો તજી દેવા નીતિના બોધ દો, કિન્તુ
છુપા સેવો વ્યભિચારો, પછી કિંમત તમારી શી? ૫

જુલમ દીન પર નહીં કરવા કરો ઉપદેશ, પણ પોતે
ગરીબને વેઠમાં પકડો, પછી કિંમત તમારી શી? ૬

'ન વસ્તુ દેવની લેશો' કહી પ્રભુડર બતાવો, પણ
રકમ લાખોની ઉઠાવો, પછી કિંમત તમારી શી? ૭

ન લેવા લાંચ ઠપકારો, પરંતુ ઘેર નિજ ભાર્યા
કનકકંકણ સ્વીકારે છે, પછી કિંમત તમારી શી? ૮

મહા દુઃખમાં પ્રભુભક્તિ કરો છો દુઃખથી છુટવા,
મહા સુખમાં વિસારો તો પછી કિંમત તમારી શી? ૯

તરંગ ૬૬

બળી એ જીંદગી સ્રીની.

ગઝલ કવાલિ.

મળે સદ્‌ભાગ્યથી સ્વામી ગુણી દીર્ઘાયુષી પ્રેમી,
સુખી સ્રી છે, અરે નહિ તો બળી એ જીંદગી સ્રીની. ૧
મળ્યો પતિ જો દુરાચારી, પીડા પામે પૂરી નારી,
શરીરની થાય ખુવારી બળી એ જીંદગી સ્રીની. ૨
રહે સધવા સ્રી જ્યાં સુધી પતિસુખથી દિસે સુખી,
થતાં વિધવા બને દુઃખી, બળી એ જીંદગી સ્રીની. ૩
પતિની હુંફ ને વૈભવ પતિ સાથે ઉડી ચાલે,
પડે લાચારીમાં વિધવા, બળી એ જીંદગી સ્રીની. ૪
નકામી લગ્નના સમયે, નકામી શુભ કરણીમાં
શુકન તેના ન લે કોઈ, બળી એ જીંદગી સ્રીની. ૫
નહીં બોલી શકે છુટથી, વિસામો વાતનો નવ છે,
મુંઝાઇને રહે રડતી, બળી એ જીંદગી સ્રીની. ૬
ફરી જો લગ્ન હિંમતથી કરે તો લોક નિંદે છે,
નહીં દે બેસવા જંપી, બળી એ જીંદગી સ્રીની. ૭
કરો ધારા કંઈ સારા, પતિદેવો સુધારોને,
સિતમની ભઠ્ઠીથી કાઢો, બળી એ જીંદગી સ્રીની. ૮
કહે કવિ કોમલાંગી છે હૃદયથી ને બદનથી સ્રી,
મહા સુખી કરો, નહિ તો બળી એ જીંદગી સ્રીની. ૯

તરંગ ૬૭

ગરીબાઈ ગુન્હો છે શું?

ગઝલ કવાલિ.

લઈ શિર કાષ્ટની ભારી હિંડે શ્રમજીવી કો સડકે,
પડે ધપ્પા બિચારાને, ગરીબાઈ ગુન્હો છે શું? ૧

મળે જ્યાં ન્યાતનાં પંચો, ગરીબોને વટાવીને
ધનિક આગળ જુઓ બેસે, ગરીબાઈ ગુન્હો છે શું? ૨

કરે સાચી અરજ દીન પણ ન આપે ધ્યાન કો તે પર,
ઠરે શ્રીમંતનું સાચું, ગરીબાઈ ગુન્હો છે શું? ૩

રહે નીતિથી ઝુંપડીમાં કરી શ્રમ જીંદગી ગાળે,
ન તેનો ભાવ કો પૂછે, ગરીબાઈ ગુન્હો છે શું? ૪

કરી ખટપટ દગલબાજી બની મોટાજ શ્રીમંતો
ગરીબોને પીડા આપે, ગરીબાઇ ગુન્હો છે શું? ૫

મૂરખ શ્રીમંત પણ ડાહ્યા, નિરક્ષર પણ ભણેલા તે,
ગરીબ ડાહ્યો છતાં ઘેલો, ગરીબાઇ ગુન્હો છે શું? ૬

જઇ જુઓ કચેરીમાં, ગરીબને કેટલા ધક્કા?
શ્રીમંતો જાય છે ફાવી, ગરીબાઇ ગુન્હો છે શું? ૭

મફત શ્રમજીવીની પાસે કરાવે વેઠ પકડીને,
સતાવે છે અમલદારો, ગરીબાઇ ગુન્હો છે શું? ૮

'ગરીબની જોરૂ તે ભાભી સહુની' એમ જગ બોલે,
મહાસુખ! જોઇ લે જગને, ગરીબાઇ ગુન્હો છે શું? ૯

તરંગ ૬૮

કહો ઈન્સાફ તેનો શો ?

ગઝલ કવાલિ.

અને જો બેવફા પત્ની, પતિ તેને કરે શિક્ષા,
પતિ વ્યભિચાર સેવે તો કહો ઈન્સાફ તેનો શો ? ૧

વહુ ઉંચા સ્વરે બોલે કદી તો સાસુ ઠપકો દે,
પરંતુ સાસુ ઝગડે તો કહો ઈન્સાફ તેનો શો ? ૨

લુંટે જો માલ લુંટારા, પૂરે છે જેલમાં રાજા,
લુંટી લે દેશ જો રાજા, કહો ઇન્સાફ તેનો શો ? ૩

કરે જો ખૂન કોઈ તો ચડાવે ફાંસીએ તેને,
હજારો તોપથી મારે, કહો ઈન્સાફ તેનો શો ? ૪

કરે ફરી લગ્ન જો વિધવા, પુરૂષ તેને તિરસ્કારે,
વિધુર પરણે ફરી ફરી તો કહો ઈન્સાફ તેનો શો ? ૫

જુઓ પોલીસ પકડે છે રમે જુગાર જે તેને,
રમે કલબમાં અમલદારો, કહો ઇન્સાફ તેનો શો ? ૬

જુબાનીમાં જુઠું બોલે, કરે ન્યાયાધિશો શિક્ષા,
જુઠું બોલે છુપી પોલિસ, કહો ઈન્સાફ તેનો શો ? ૭

કરે તોફાન જો નાના, જુઓ દંડાય દરબારે,
ન પૂછે કોઇ મોટાને, કહો ઈન્સાફ તેનો શો ? ૮

સદા એ ભાગ બળિયાના, મરો નિત્યે ગરીબોનો,
મહા સુખમાં રહે બળિયા, કહો ઇન્સાફ તેનો શો ? ૯

તરંગ ૬૯

નહિ કાપશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

ઝાડે ચડીને કાષ્ટ લેવા ડાળ કાપોને ભલે,
પણ બેસવાની ડાળને હે ભાઈ! જરી નહિ કાપશો. ૧

જો કાપશો તો ડાળ સાથે ભોંય પડશો વાગશે,
માટે ઉંડો વિચાર કરી તે ડાળને નહિ કાપશો. ૨

કરવી પરીક્ષા વૃક્ષની, બિજજાત જોવી બુદ્ધિથી,
જો હોય અમૃતદાયી તો તે છોડને નહિ કાપશો. ૩

પણ હોય જો ઝેરી ફળોને આપનારો છોડ તો,
ઝેરી ફળો ફેલાવશે જો મૂળથી નહિ કાપશો. ૪

મિત્રો બન્યા જો પ્રેમથી તો પ્રેમને નીભાવજો,
પણ સ્વાર્થ માટે એક બીજાનું તમે નહિ કાપશો. ૫

વેપારમાં બની ભાગીઆ રહેવું પ્રમાણિક કાર્યમાં,
કિન્તુ દગો દઈ એક બીજાનું તમે નહિ કાપશો. ૬

કુળ ખાનદાની કીર્તિને જો રાખવા ઇચ્છો તમે,
તો નીતિ છોડી બાપનું કદી નાક જરી નહિ કાપશો. ૭

મૂળ જો કપાયું ઘાસનું તો તે સુકાઈ જાય છે,
તો ઘાસ કાયમ રાખવા મૂળ ઘાસનાં નહિ કાપશો. ૮

સદ્કર્મથી સારી ગતિ, ડરતા રહો સૌ પાપથી,
આશા મહા સુખની નહીં જો પાપને નહિ કાપશો. ૯

તરંગ ૭૦

નહિ પાળશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

પામે પ્રતિષ્ઠા નાશ ને વિશ્વાસ કોઇ નવ કરે,
  વ્યવહાર માંહે જો તમે બોલ્યું વચન નહિ પાળશો. ૧
હે રાજકર્તા રાજવી ! પૃથ્વીપતિ શાના તમે ?
  ભૂપાળ શાના જો તમે પ્રેમે પ્રજા નહિ પાળશો ? ૨
શ્રી ગૌપ્રતિપાલક અને ગોપાળ વિશેષણ ધરો,
  ગોપાળ શાના જો તમે ગાયો ઘરે નહિ પાળશો. ૩
ઉત્પન્ન કરી બાળક તમે દરકાર જો કૈં નવ કરો,
  શાના તમે પિતા અરે જો બાળકો નહિ પાળશો. ૪
પાણીગ્રહણ કરી હર્ષથી પત્ની બનાવી યુવતી,
  શાના તમે પતિદેવ જો કાઢી મુકી નહિ પાળશો. ૫
પાણીગ્રહણ છે વચનવિધિ, પાળવાનો કોલ છે,
  પ્રભુનાજ ગુન્હેગાર છો જો કોલને નહિ પાળશો. ૬
પતિભક્તિ એ સ્ત્રીધર્મ છે, કિન્તુ પતિવ્રત છોડીને
  હે સ્ત્રીજનો ! ફિટકાર છે સ્ત્રીધર્મ જો નહિ પાળશો. ૭
જો પિતૃસેવા નવ કરી કુપુત્રમાં ગણના થશે,
  માતાપિતાને જો તમે ઘડપણ મહીં નહિ પાળશો. ૮
પામી મહા સુખ લક્ષ્મીનું મદમસ્ત શ્રીમંતાઇમાં
  શ્રીમંત શાના જો તમે દીન બંધુને નહિ પાળશો. ૯

તરંગ ૭૧

સંભારશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

કડવાં કથન કોઈ કથે તમને કદી જો ક્રોધમાં,
"ગમ ખાઈ રહેવું શાંત" એ સિદ્ધાંતને સંભારશો. ૧
ઉપકાર જો કોઇ કરે આ જીંદગીમાં તમ પરે,
તો વાળવા બદલો સદા ઉપકારીને સંભારશો. ૨
છોડી ગયાં સ્નેહી જનો, સંભારતાં દુઃખ થાય છે,
શાંતિ ચહો જો હૃદયની ગત વસ્તુ નવ સંભારશો. ૩
જાહોજલાલી ઉડી ચાલી, પાયમાલી હાલ છે,
વધુ દુઃખી થાવું હોય તો ગત સુખને સંભારશો. ૪
એવી દશાના સમયમાં ભૂત કાળને ભૂલી જશો,
દુઃખી તણાં દૃષ્ટાંત લઈ, નવ સુખને સંભારશો. ૫
પ્રભુ સમ ગણો જે વસ્તુને ઉદ્ધારનારી જગતમાં,
રાખી હૃદયમાં ધ્યાન તેનું રાત્રિ દિન સંભારશો. ૬
પતિપત્ની હે! સંસાર સુખી રાખવો કદી હોય જો,
તો એક બીજાની ભૂલોને લેશ નહીં સંભારશો. ૭
કદી કાનને નવ સાન છે, ઔષધ નહીં છે વ્હેમનું,
મન ભ્રમિત કરી દુઃખી કરે જો વ્હેમને સંભારશો. ૮
સંભારવાથી સૌ મહા સુખ ઝેર સમ બની જાય છે,
એવો સમય આવી બને તો કાવ્ય આ સંભારશો. ૯

તરંગ ૭૨

છોડાવશો.

ગઝલ અગર હરિગીતની રાહ.

બલિદાન જ્યાં દેવાય છે, ત્યાં પ્રાણી નિરાધાર છે,
જો પાસ શક્તિ હોય તો તે પ્રાણીને છોડાવશો. ૧

જ્યાં વૃદ્ધલગ્નો થાય ત્યાં વાંધો ઉઠાવો યુવકો !
એ લગ્નની વેદી પરેથી બાલકી છોડાવશો. ૨

કાતીલ ચાલે છે છરી મૂક પ્રાણીની ગરદન પરે,
એ કત્લખાને યુકિત સાધી પ્રાણીને છોડાવશો. ૩

સારી રીતે અભ્યાસ કરવા છોકરાં કદી જો ચહે,
જો હોય શક્તિ તો તમે અભ્યાસ નહિ છોડાવશો. ૪

કૈં જાળમાં પક્ષી અને કૈં જાળમાં જળમાછલાં,
સપડાઇ જાતાં પ્રાણીને તે જાળથી છોડાવશો. ૫

હિંસા, અહિંસાવાદીઓ ! અટકાવવા યત્નો કરો,
હિંસાજ માંસાહારીની ઉપદેશથી છોડાવશો. ૬

વ્યભિચારીના વ્યભિચારને, વ્યસની જનોના વ્યસનને,
દુર્ગુણીના દુર્ગુણને સમજાવીને છોડાવશો. ૭

નિર્દોષી જ્યાં દંડાય કે પૂરાય કારાવાસમાં,
આપી મદદ તેને પૂરી નિર્દોષીને છોડાવશો. ૮

વિધવા અને નિજ બાળકો જ્યાં ટળવળે ભૂખે મરી,
આપી મહા સુખ અન્નથી ભૂખદુઃખથી છોડાવશો. ૯

તરંગ ૭૩

જરા પાછું વળી જોને.

ગઝલ કવાલિ.

મુસાફર હે ! મુસાફરીમાં ભલે મુક તું કદમ આગળ,
પરંતુ શું બને પાછળ જરા પાછું વળી જોને. ૧

ભિતિ જે હોય આગળ તે શકે છે જોઈ તું નજરે,
ન જાણે ભિતિ પાછળની જરા પાછું વળી જોને. ૨

ભલેને હોય મ્હારાજા, જગત નવ પૂંઠ છોડે છે,
કરે જગ કેવી ચર્ચાઓ ! જરા પાછું વળી જોને. ૩

ભલે ઉપાડ તું સાહસ પરંતુ ખૂબ શોચી જો,
જગત પરિણામવાદી છે, જરા પાછું વળી જોને. ૪

અરે ઓ તેજ વેપારી ! પડ્યો તું તેજીના પૂરમાં,
થઈ જો મંદી તો પછી શું ! જરા પાછું વળી જોને. ૫

પૅરો ઉન્માદમાં આવી સ્વછંદે જીંદગી ગાળે,
થતાં પીડા દશા કેવી ! જરા પાછું વળી જોને. ૬

અરે સૈનિક ! તું યુદ્ધે ધસે આગળ નિડરતાથી,
પરંતુ પીઠ સાચવવા જરા પાછું વળી જોને. ૭

નિરંતર પીઠ પર દુશ્મન કરે છે ઘા પ્રપંચોથી,
દગાથી નિત્ય બચવાને જરા પાછું વળી જોને. ૮

ભલેને ખેડ સાહસ તું પરંતુ ચાલ ચેતીને,
મહા સુખ ચેતી ર્‌હેવામાં, જરા પાછું વળી જોને. ૯

તરંગ ૭૪

કહો એમાં શું ખોટું છે?

ગઝલ કવાલિ.

જરાવયમાં ચડે ઘોડે પરણવા યુવતી સંગે,
લગન જો કોઇ અટકાવે, કહો એમાં શું ખોટું છે? ૧
કદી યુવાન કે વિધવા ન પાળી જો શકે સંયમ,
ફરી પરણે વિધિપૂર્વક, કહો એમાં શું ખોટું છે? ૨
વ્યભિચારી પુરૂષ પર સ્ત્રી તણા ઘરમાં પ્રવેશે કે,
પડે પછી માર તેને તો, કહો એમાં શું ખોટું છે? ૩
ગુન્હેગારો વ્યભિચારી લુંટારા ચોર ખૂનીને
કરે ન્યાયાધિશો શિક્ષા, કહો એમાં શું ખોટું છે? ૪
પૂરો વ્યસની દુરાચારી જુગારી પુત્ર જો પાકયો,
ન આપે બાપ મુંડી તો, કહો એમાં શું ખોટું છે? ૫
અતિશય સંગ્રહિણીથી પીડાતા કોઇ દરદીને
નહીં મિષ્ટાન ખાવા દે, કહો એમાં શું ખોટું છે? ૬
પૂરો ક્ષયરોગ ભોગવતી બિમારી પત્ની પીડાતી
ડરે પતિસ્પર્શથી જો તે, કહો એમાં શું ખોટું છે? ૭
મદિરાથી ભરી પ્યાલો મુખે પીવા જતાં કોઇ
પડાવી ઢોળી નાખે તો, કહો એમાં શું ખોટું છે? ૮
મહા સુખદાયી નીતિ એ જગતનાં શાસ્ત્રનો મત છે,
અનીતિને તીરસ્કારે, કહો એમાં શું ખોટું છે? ૯

તરંગ ૭૫

અમારો જન્મથી હક છે.

ગઝલ કવાલિ.

અમે જે ભૂમિમાં જન્મ્યા અમારી તે ભૂમિ માતા,
મળે કુલ વારસો તેનો, અમારો જન્મથી હક છે. ૧

અમારા બાગમાં ખીલે સુગંધીદાર જે પુષ્પો,
સદા એ પુષ્પ સુંઘવાનો અમારો જન્મથી હક છે. ૨

મધુર પૌષ્ટિક ને સુંદર ફળો જે મિષ્ટ પાકે તે,
વિણી લઇ નિત્ય ખાવાનો અમારો જન્મથી હક છે. ૩

અમારા ક્ષેત્રમાં પાકે વિવિધ જે ધાન્યસામગ્રી,
સદા ઉપયોગ કરવાનો અમારો જન્મથી હક છે. ૪

અમારી ગાય ને ભેંસો સરસ જે દૂધ આપે છે,
સદા તે દૂધ પીવાનો અમારો જન્મથી હક છે. ૫

અમારાં કારખાનાંમાં નહીં પરદેશી રહેવાના,
અમારે કામ કરવાનો અમારો જન્મથી હક છે. ૬

ગમે તેવો ભલે તોયે અમારી સૌ બનાવટનો
સ્વદેશી માલ લેવાનો અમારો જન્મથી હક છે. ૭

મળે કે ના મળે તે તો નસીબનો પ્રશ્ન છે જુદો,
પરંતુ રાજ્ય કરવાનો અમારો જન્મથી હક છે, ૮

મહા સુખ જો ચહો ભૂમિનું, ચલાવો રાજ્યતંત્રોને,
ચલાવા રાજ્યતંત્રોને અમારો જન્મથી હક છે. ૯

તરંગ ૭૬

કહો આધાર તેને શો ?

ગઝલ કવાલિ.

શિશુને જન્મ આપીને સીધાવી સ્વર્ગમાં માતા,
દશા એ બાળની કેવી! કહો આધાર તેને શો ? ૧

પતિએ રંક યુવતીને બનાવી પત્ની પરણીને,
પછી કાઢી મુકે ઘરથી, કહો આધાર તેને શો ? ૨

દઈ વિશ્વાસ વિધવાને કરે છે પ્રેમ કામી જન,
સગર્ભા તે થતાં ત્યાગે, કહો આધાર તેને શો ? ૩

બની સેનાપતિ યુદ્ધે ચડાવે સૈન્યને આગળ,
ઘવાયે તો શું લશ્કરનું ? કહો આધાર તેને શો ? ૪

મરે બીજા ભલે કિન્તુ નહીં મરશો ભૂમિપાલક,
વિના પાલક ભૂમિ દુઃખી, કહો આધાર તેને શો ? ૫

દશા વિધવાની કેવી છે? કરો વિચાર જ્ઞાતિજન!
ખસે સુખ સૌ પતિ સાથે, કહો આધાર તેને શો ? ૬

તરૂની ડાળ પર બેસી પછી તે ડાળને કાપે,
કપાતાં તે કુહાડાથી કહો આધાર તેને શો ? ૭

શિકારી જો હણે પંખી રિબાયે તેમનાં બચ્ચાં,
ખવાડે કોણ લાવીને ? કહો આધાર તેને શો ? ૮

જુઓ જ્યાં આ નિરાધારો તહીં આધાર રૂપ બનવું,
મહા સુખ જો ન દેશો તો કહો આધાર તેને શો ? ૯

તરંગ ૭૭

મરો છે શું ગરીબોનો?

ગઝલ કવાલિ.

નિહાળું જ્યાં જગત માંહે સદા છે જોર જબરાનું,
ન ચાલે છે ગરીબ જનનું, મરો છે શું ગરીબોનો? ૧
સમુદ્રો ને સરોવરમાં જુઓને નાની મચ્છીને
મગરમચ્છો ગળી જાયે, મરો છે શું ગરીબોનો? ૨
તપાસો પંખીજાતિને, બને છે ભક્ષ નાનાં જે
લુંટી લે તેમના માળા, મરો છે શું ગરીબોનો? ૩
જુઓ જંગલ મહીં હિંસક વરૂ ને વાઘ સિંહાદિ
હરે છે પ્રાણ નાનાના, મરો છે શું ગરીબોનો? ૪
કદાપિ વેઠ આવી તો બિચારા દીન પકડાયે,
દયા દિલમાં નહીં આવે, મરો છે શું ગરીબોનો? ૫
બન્યા બળવાન જો જગમાં પડાવે રાજ્ય નાનાનાં,
લુંટી લે માલ મીલકત સૌ, મરો છે શું ગરીબોનો? ૬
ચડાવો જે વધુ બોલે પૂજા પ્હેલી કરે છે તે,
જુઓને જૈનતીર્થોમાં, મરો છે શું ગરીબોનો? ૭
તમાસા કે સભા માંહે ધસે બળવાન આગળ સૌ,
ગરીબ પાછળ પડી રૂહે છે, મરો છે શું ગરીબોનો? ૮
મહાસુખ જ્યાં જુએ છે ત્યાં સદા બળવાન ફાવે છે,
ખરૂં શું ઇશ્વરી દ્વારે? મરો છે શું ગરીબોનો? ૯

તરંગ ૭૮

રડશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

જેનું હૃદય પથ્થર સમું, કરૂણા ન જેના હૃદયમાં,
તેવા નરો આગળ તમારૂં દુઃખ કૈં રડશો નહીં. ૧
નવ હૃદય પિંગળે આંસુથી, અર્મીરસ ઝરે નવ દૃષ્ટિથી,
સત્તાધિશો નિર્દય જહાં ત્યાં દુઃખ કૈં રડશો નહીં. ૨
કરૂણાનિધિ ને નમ્ર ને ઉદાર સાંભળનાર જ્યાં,
રડવાથી દુઃખ દૂર થાય ત્યાં, બાકી કહિં રડશો નહીં. ૩
જાવાનું નિશ્ચે સર્વને, મિથ્યા કરે નવ કોઇ તે,
તો દુઃખ શિદ કરવું અરે? વ્હાલાં! તમે રડશો નહીં. ૪
વિલાપ રૂદન શોક એ સૌ સ્નેહનાં પરિણામ છે,
જો સ્નેહ નહિ લવલેશ તો કદીએ તમે રડશો નહીં. ૫
સંયોગ ત્યાં વિયોગ છે, કુદરત તણું એ કામ છે,
રાચો ન જો સંયોગમાં, વિયોગથી રડશો નહીં. ૬
સુખ દુઃખનું કારણ સદા મન એક છે આ જગતમાં,
અંકુશ જો મન ઉપર તો કદીએ તમે રડશો નહીં. ૭
મન ઉપર અંકુશ રાખવો એ કામ બહુ મુશ્કેલ છે,
મુશ્કેલીને જો પ્હોંચી વળશો તો તમે રડશો નહીં. ૮
સુખ દુઃખ સરખાં માનીને જો ચાલશો સમભાવથી,
હસશો મહા સુખથી નહીં તો દુઃખથી રડશો નહીં. ૯

તરંગ ૭૯

હઠશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

કો નાની કે મોટી સભાના કાર્યવાહક જો બનો,
તો કાર્ય કરવા ખંતથી પાછા તમે હઠશો નહીં. ૧
પ્રગતિ ચહો જો ન્યાતની કે કોમની કે દેશની,
આગળ ધસો સૌ કાર્યમાં, પાછળ કદી હઠશો નહીં. ૨
જો યુદ્ધમાં શત્રુ પરે હલ્લો કર્યો, તો શસ્ત્રથી
યા હોમ કરી આગે ધસો, પાછા તમે હઠશો નહીં. ૩
પાછા હઠ્યા જો ડર ધરી શત્રુ કરે ઘા પીઠ પરે,
માર્યા જશો માટે કદી પાછા તમે હઠશો નહીં. ૪
જો પાછું હઠવું હોય તો વિચાર કરી પૂરે પૂરો,
બ્હાદૂરી ને બુદ્ધિ વિના પાછા તમે હઠશો નહીં. ૫
બસ મોટરો જ્યાં ઝડપથી દોડે અરે રસ્તા પરે,
હાની પહોંચે માર્ગથી જો બાજુ પર હઠશો નહીં. ૬
પાલન પ્રતિજ્ઞાનું બને નવ તો પ્રતિજ્ઞા લો નહીં,
જો લીધી તો પૂરી પાળવા પાછા તમે હઠશો નહીં. ૭
સ્વાતંત્ર્ય જોખમદારીથી ભરપૂર છે, જો તે ચહો
તો સર્વ જોખમદારીથી પાછા તમે હઠશો નહીં. ૮
જો હોય સત્તા લક્ષ્મી સૌ પૂરે પૂરી અધિકારમાં,
દેવા મહા સુખ દુઃખીને પાછા તમે હઠશો નહીં. ૯

તરંગ ૮૦

ભરશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

દૃષ્ટિ બરાબર રાખીને નિજ માર્ગ માંહે ચાલવું,
પણ જો દિસે ખાડો તહીં ડગલું તમે ભરશો નહીં. ૧
દુર્બળ બિચારા બળદ એ ! શિદ ભાર ખેંચી જાય તે
દઈ ઘાસ ખાવા તેમનું પૂરૂં પેટ જો ભરશો નહીં ? ૨
જ્યાં ખોટ ને જ્યાં જરૂર છે ત્યાં દાન આપો છૂટથી,
પણ જ્યાં દિસે નહિ જરૂર ત્યાં ભરતા મહીં ભરશો નહીં. ૩
ઘર જપ્તી આવે માલ ને ઘરની હરાજી થાય છે,
જો હુકમનામાના પૂરા પૈસા તમે ભરશો નહીં. ૪
છે પેઢી કેવી, મીલ કેવી, કારભારી કોણ છે,
જાણ્યા વિના વ્યાજે તહીં પૈસા તમે ભરશો નહીં. ૫
કહીં દંડ ને કહીં જેલની શિક્ષાજ ફરમાવાય છે
જો મુદતસર સરકારનો કર રીતસર ભરશો નહીં. ૬
જ્યાં કારભારી લાંચીઆ ત્યાં કામ ચાલે લાંચથી,
સિદ્ધિ ન થાયે તેમનાં જો પેટને ભરશો નહીં. ૭
ઉદાર વર્તનમાં નહીં, કિંમત પછી શી વચનની ?
જો ફાડવું ગજ એક તો પચ્ચીસ ગજ ભરશો નહીં. ૮
શાંતિ મહા સુખ જાય ને પરિતાપ ઉપજે ઘર મહીં,
જો પત્ની ને નિજ બાળકોનું પેટ પૂરૂં ભરશો નહીં. ૯

તરંગ ૮૧

મરશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

મૃગજળ નિહાળી માની સરવર જળ પીવા હરિણો ધસે,
ત્યમ જગતના અટવિ મહીં રખડી તમે મરશો નહીં. ૧
સ્નેહી તણા અવસાનથી જો ઘા પડ્યો અંતરપટે,
ધીરજ ધરો મન કઠણ કરી ઝૂરી ઝૂરી મરશો નહીં. ૨
પૂરી યોગની ક્રિયા કરીને આત્મબળ જો સાધશો,
તો આત્મબળથી કોઈથી માર્યા તમે મરશો નહીં. ૩
આવક થકી ખરચે વધુ તો તે દુઃખે પીડાય છે,
વિચાર કરી જો ખરચ કરશો તો ભુખે મરશો નહીં. ૪
નવ ઉપરના દેખાવથી લોભાઈ ફંદામાં પડી,
દીવા મહીં બળતાં પતંગો સમ બળી મરશો નહીં. ૫
જે ઉજળું તે દૂધ છે નહીં એમ નિશ્ચે માનશો
તો દૂધના દેખાવ નીચે ઝેરથી મરશો નહીં. ૬
સંભાળીને સૌ કામ કરશો રાખી ડર બદકામનો,
તો ઢાંકણીમાં પાણી લઇ તેમાં ડુબી મરશો નહીં. ૭
શરમાઇ મ્હોં સંતાડવું જેથી પડે તે નવ કરો,
થયું તેમ તો નિજ આત્મની હત્યા કરી મરશો નહીં. ૮
આપી મહા સુખ દુઃખીને ઉપકાર જીવનભર કરો.
દીન પ્રાણીઓના પ્રાણને ઠાર્યા વિના મરશો નહીં. ૯

તરંગ ૮૨

કહો મર્દાઈ એમાં ક્યાં ?

ગઝલ કવાલિ.

ભયંકર પ્રાણીથી કેવા ડરે શિકારના શોખીન !
 કરે શિકાર હરણોનો, કહો મર્દાઈ એમાં ક્યાં ? ૧
પૂરી નિજ માનતા કરવા ગરીબ લાચાર બકરાનાં
 બળિદાનો અપાયે છે, કહો મર્દાઈ એમાં ક્યાં ? ૨
પતિ પૈસા ગુમાવે ને, કરે ઉઘરાણી વેપારી,
 ઉતારે રીસ પત્ની પર, કહો મર્દાઈ એમાં ક્યાં ? ૩
બિચારીને સતાવીને લઈ લે દાગીના તનથી,
 પતિ શું ત્રાસ વર્તાવે ! કહો મર્દાઈ એમાં ક્યાં ! ૪
કરે જો દંડ ઉપરી તો ન ઉપરીને કહી શકશે,
 કરે પછી ક્રોધ નોકર પર, કહો મર્દાઈ એમાં ક્યાં ? ૫
કસુર નવ હોય નોકરની છતાં દંડે બિચારાને,
 જુઓ એ ભાઇની રીતી, કહો મર્દાઇ એમાં ક્યાં ? ૬
કદી દુશ્મન ચડી આવે, ન બચવાની મળે શક્તિ,
 ઉતારે રીસ રૈયત પર, કહો મર્દાઇ એમાં ક્યાં ? ૭
ગરીબ ઉપર કરી દાવા કરી જમી લુંટી લો છો,
 કરો ઘરબાર વિનાના, કહો મર્દાઈ એમાં ક્યાં ? ૮
મહા સુખ નિજ વૈભવનું બતાવાનેજ જનતાને,
 મદોન્મત હાથી સમ મ્હાલો, કહો મર્દાઇ એમાં ક્યાં ? ૯

તરંગ ૮૩

ખરી મર્દાઇ એમાં છે.

ગઝલ કવાલિ.

સિતમગરના સિતમમાં જે પીંસાતાં હોય નરનારી,
બચાવો તેમને દુઃખથી, ખરી મર્દાઈ એમાં છે. ૧
સ્ત્રીઓ ઉપર બળાત્કારો જહાં નિર્દયપણે ચાલે,
કરી હુલ્લડ બચાવોને, ખરી મર્દાઈ એમાં છે. ૨
કરી જ્ઞાતિનું સંઘટ્ટન કરો સુસંપની વૃદ્ધિ,
કરો ઉદ્ધાર જ્ઞાતિનો, ખરી મર્દાઈ એમાં છે. ૩
લડી ઝગડી તડો પાડી, ન નાખો ન્યાતને તોડી,
તુટેલું સાંધી નાખોને, ખરી મર્દાઇ એમાં છે. ૪
ન ઉંધું ચીતું સમજાવી લડાવી મારશો કોને,
સદા સંપે વસાવોને, ખરી મર્દાઇ એમાં છે. ૫
ગરીબને જે પીડે દુર્જન લઇ જઇ ન્યાય દરબારે,
કરાવો તેમને શિક્ષા, ખરી મર્દાઈ એમાં છે. ૬
કદી નિર્દોષ શ્રમજીવી બને જો ભોગ જુલ્મીનો,
મદદ આપી બચાવોને, ખરી મર્દાઇ એમાં છે. ૭
મુછો પર તાલ દેવામાં નથી મર્દાઇ મર્દોની,
સમય આવે ધસે આગળ, ખરી મર્દાઇ એમાં છે. ૮
મહા સુખ રિદ્ધિ સિદ્ધિનું કસોટી સદ્ગુણોની છે,
જીવન સદ્ગુણમાં ગાળો ખરી મર્દાઈ એમાં છે. ૯

તરંગ ૮૪

સ્વીકારો 'સાચું તે મારૂં.'

ગઝલ કવાલિ.

વિતંડાવાદ છોડીને પ્રમાણિક વાત દર્શાવો,
તજી દો 'મારૂં તે સાચું', સ્વીકારો 'સાચું તે મારૂં.' ૧
કહે જે 'મારૂં તે સાચું' વિતંડાવાદી તે માનો,
લડાઇ તે જગાવે છે, સ્વીકારો 'સાચું તે મારૂં.' ૨
હૃદયને સાફ રાખીને સ્વીકારો સત્ય વસ્તુને.
ભલે રૂચે નહીં રૂચે, સ્વીકારો 'સાચું તે મારૂં.' ૩
કહેલું પાછું નહિ ખેંચું, નહીં એવીજ હઠ કરવી,
હૃદયના બોલ માનીને સ્વીકારો 'સાચું તે મારૂં'. ૪
મમતથી ઝેરનાં બીજો વવાયે ભૂમિની અંદર,
ફળો કડવાં ચખાડે છે, સ્વીકારો 'સાચું તે મારૂં'. ૫
મમતથી હોળીઓ સળગે, ઉડે તનખા ગગન માંહે,
બળે છે શાંતિ ઝગડામાં, સ્વીકારો 'સાચું તે મારૂં.' ૬
કરી શુદ્ધિ સ્વઅંતરની, ખરાને માન આપોને,
મમત ખોટો તજી દેવો, સ્વીકારો 'સાચું તે મારૂં'. ૭
અરે જ્યાં આવી છે રીતિ, નહીં ત્યાં ક્લેશની ભીતિ,
સધાયે કાર્યની સિદ્ધિ, સ્વીકારો 'સાચું તે મારૂં.' ૮
મમતમાં લોહી ઉકળે છે, હલોલ જુઠી કરાવે છે,
મહા સુખ શાંતિ જો ઇચ્છો, સ્વીકારો 'સાચું તે મારૂં.' ૯

તરંગ ૮૫

જીવન તારૂં સુધારી લે.

ગઝલ કવાલિ.

યુવાની ભોગમાં ગાળી, વિષયમાં નવ સુઝયું કાંઈ,
હવે આ વૃદ્ધ વયમાં તું જીવન તારૂં સુધારી લે. ૧
કરેલા હોય અપરાધો ક્ષમા તું માગી લે તેની,
નહીં કરી પુનરાવર્તન જીવન તારૂં સુધારી લે. ૨
"બન્યું" "ન બન્યું" નહીં થાશે, નિયમ એ કુદરતનો છે,
પરંતુ તેથી પસ્તાઈ જીવન તારૂં સુધારી લે. ૩
ડર્યો નહિ પાપથી કિંચિત્, ડર્યો નહિ કોઈની શિખથી,
પરંતુ હાલ પસ્તાઈ જીવન તારૂં સુધારી લે. ૪
પગે વાગે કદી ઠોકર પછી સમજણ પડે તેની,
બીજાની ઠોકરો જોઈ જીવન તારૂં સુધારી લે. ૫
લઈ દૃષ્ટાંત બીજાનાં, તપાસી તેમની ભૂલો,
લઈ સદ્બોધ તેમાંથી જીવન તારૂં સુધારી લે. ૬
સદા સદ્બોધને ચાહી અનુસરવું સદાચરણે,
તજી દઈને કુપંથોને જીવન તારૂં સુધારી લે. ૭
મળ્યો અવતાર માનવનો, સફળ કર નીતિવર્તનથી,
કરી ઉદ્ધાર આત્માનો જીવન તારૂં સુધારી લે. ૮
સદા છે પાપથી દુઃખો, મહા સુખ પુણ્યથી નિશ્ચે,
કરીને પુણ્ય તું હરદમ જીવન તારૂં સુધારી લે. ૯

તરંગ ૮૬

વિસારજો.

ગઝલ અગર હરિગીતની રાહ.

કુસંપ ને કંકાસને નિર્મૂળ કરવા જો ચહો,
તો શુદ્ધ સાચા હૃદયથી ગઇ ગુજરી વિસારજો. ૧

છે દોષ મારો કે તમારો ? એજ મૂળ કંકાસનું,
માટે મમત છોડી દઈ સૌ દોષને વિસારજો. ૨

ભૂલ મારી હો કે ભૂલ તમારી હો કદી કૈં વાતમાં,
આરામ મનનો જો ચહો તો ભૂલ એ વિસારજો. ૩

ગત સ્નેહીને સંભારતાં આંસુ ખરે છે આંખથી,
એ આંસુને વિદારવા વિચાર એ વિસારજો. ૪

ગત સ્મરણમાં મન જો ચડ્યું જ્વાળા ઉઠે ઉદ્વેગની,
વિચાર પર અંકુશ મૂકી વાત તે વિસારજો. ૫

માગી ક્ષમા આપો ક્ષમા, આપી ક્ષમા માગો ક્ષમા,
ચાહો ક્ષમા જો એવી તો વિતેલું સૌ વિસારજો. ૬

જો દંપતી કે મિત્ર બે પ્રીતિ ચહે નીભાવવા,
તો ભૂલ ઉપર નાખી પડદો ભૂલ સૌ વિસારજો. ૭

આનંદદાયક હોય જે જે તે ભલે સંભારજો,
પણ દુઃખદાયક હોય જે જે તે બધું વિસારજો. ૮

ચિંતા બુરી પૂરી ચુરી લેવા મહા સુખ જો ચહો,
માયા મુકી દુનિયા તણી સંસારને વિસારજો. ૯

તરંગ ૮૭

સંહારજો.

ગઝલ અગર હરિગીતની રાહ.

જો હૃદય નિર્મળ કાચ સરખું રાખવા ચહાતા હશો,
તો વેરવૃત્તિને હૃદયથી મૂળથી સંહારજો. ૧
બૂરી બલા એ વેરવૃત્તિ કલેશની જનની બની,
કંકાસ પ્રકટાવી લડાવે, એ બલા સંહારજો. ૨
સંતોષ નવ છે એટલાથી, ખૂન કરાવે ક્રોધમાં,
ક્રૂર રાક્ષસી માની લઇ તે રાક્ષસી સંહારજો. ૩
આત્માની શુદ્ધિ સાધીને વિકાસ કરવા જો ચહો,
તો શત્રુ તેના શોધીને તે શત્રુઓ સંહારજો. ૪
અભિમાન કટ્ટો શત્રુ છે, ઉંચે ચડાવી ગગનમાં
ત્યાંથી નીચે તે ફેંકી દે, અભિમાનને સંહારજો, ૫
વળી લોભ માયા મોહની જંજાળ વસમી જાળ છે,
જંજાળમાંથી છટકવા તે જાળને સંહારજો. ૬
મમતા તણી જંજીર છે, કેદી બનાવે બાંધીને,
છૂટા થવાને કેદથી જંજીરને સંહારજો. ૭
સૌ અન્ય જીવને આત્મવત્ માની દયા દિલમાં ધરો,
હિંસા જરી નવ પોષતાં તેને અરે સંહારજો. ૮
શુદ્ધિ થશે, આત્મા તણી મુક્તિ તણા ઉપાય છે,
અંતે મહા સુખ પામવા તે શત્રુઓ સંહારજો. ૯

તરંગ ૮૮

ગાશો નહીં.

ગઝલ અગર હરિગીતની રાહ.

જે રાજ્ય ખુશામત તણું ત્યાં ન્યાય ખુશામત સદા,
અપમાન અનુભવશો તમે ગુણગાન જો ગાશો નહીં. ૧

વ્યવહાર પણ એવો જુઓ, કચવાટ કેવો થાય છે?
જેનીજ ઘંટી હોય તેનાં ગીત જો ગાશો નહીં. ૨

પ્રભુમૂર્ત્તિનાં દર્શન થતાં દર્શન સફળ નહિ થાય છે,
જો હૃદય સાથે શાંતિથી તત્સ્વરૂપગુણ ગાશો નહીં. ૩

મનભાવનાથી કાર્ય નિત્યે સફળ નિશ્ચે થાય છે,
નવ પામશો જરી સફળતા જો ભાવથી ગાશો નહીં. ૪

સ્વાદિષ્ટ ભોજન હો ભલે, પણ ભૂખ વિણ રૂચે નહીં,
સ્તુતિ મધુરી હો ભલે પણ ભાવ વિણ ગાશો નહીં. ૫

હોળી ઘહેલાં ઘેરિયાં બિભત્સ ગીતો ગાય છે,
ઇચ્છો ન જો ઘેલા થવા તો તે ગીતો ગાશો નહીં. ૬

નિર્લજ ફટાણું લગ્નમાં સ્ત્રીઓ મળીને ગાય છે,
સુશીલ બનવા જો ચહો તો તે ગીતો ગાશો નહીં. ૭

જ્યાં એક ગુણ નવ હોય તો પણ ગુણનિધિ કહી બોલવું,
મિથ્યા કથન એવાં ભરેલી સ્તુતિ કદી ગાશો નહીં. ૮

સૌ બાહ્ય આડંબર તજી પ્રભુગાન અંતરથી કરો,
સાચું મહા સુખ નવ મળે જો હૃદયથી ગાશો નહીં. ૯

તરંગ ૮૯

શા કામની ?

ગઝલ અગર હરિગીતની રાહ.

વિદ્યા ભણી પદવી લીધી બહુ વિશ્વવિદ્યાલય મહીં,
સાધન નહીં ગુજરાનનું, પદવી કહો શા કામની ? ૧
વિદ્યાર્થી માનસ વિકસે એ વાત સાચી સજ્જનો !
પણ પેટની નવ ભુખ મટે, વિદ્યા કહો શા કામની ? ૨
નિષ્ફળ જતી વિદ્યા થકી ઉત્સાહ તૂટી જાય છે,
ચિંતાથી તન સૂકાય છે, એ જીંદગી શા કામની ? ૩
પત્ની મુખે પ્રિય પતિ કહે, પણ હૃદયમાં પરને ચહે,
છૂપી રીતે વ્યભિચાર કરતી પત્ની એ શા કામની ? ૪
પાસે મુંડી પૂરે પૂરી, પણ પેટ ભરી નવ ખાય છે,
આપે ન પૈસો દાનમાં, મુંડી કહો શા કામની ? ૫
પાસે હતી બંદૂક પણ આવ્યા લુંટારા જે સમે,
ઉપયોગ તેનો નવ બન્યો, બંદૂક તે શા કામની ? ૬
તરવાર રાખે પાસ પણ નવ આવડે તે મારતાં,
શોભાની રાખેલી કહો તરવાર એ શા કામની ? ૭
બુદ્ધિ સમજવાને પૂરી, પણ જીભ નવ ચાલે જરી,
ઉત્તર નહીં આપી શકે, બુદ્ધિ કહો શા કામની ? ૮
રાજા મહા સુખે રહી લક્ષ્મી ઉડાવે શોખમાં,
રૈયત ભુખે જો ટળવળે તો રિદ્ધિ એ શા કામની ? ૯

તરંગ ૯૦

મુસાફર ! કેમ ઉંઘે છે ?

ગઝલ કવ્વાલિ.

મજલ તો છે હજુ લાંબી, સુતો તું કેમ નિશ્ચિન્તે ?
નહીં છે પાર અટવીનો, મુસાફર ! કેમ ઉંઘે છે ? ૧
મુસાફરીથી તું થાકેલો, દિસે છે વાત તે સાચી,
પરંતુ લાભ નવ આથી, મુસાફર ! કેમ ઉંઘે છે ? ૨
મુસાફર ! આમ ઉંઘવાથી મજલ નવ ઓછી થાવાની,
જીવન ઓછું કરે છે તું, મુસાફર ! કેમ ઉંઘે છે ? ૩
થઇ જાગૃત બની સાવધ મુસાફરી તું શરૂ કરને,
નથી છુટકો વિના ચાલ્યા, મુસાફર ! કેમ ઉંઘે છે ? ૪
અરે અટવી મહીં જોતાં ઘણા રસ્તા પડે નજરે,
ન જાણે તો પડે ભૂલો, મુસાફર ! કેમ ઉંઘે છે ? ૫
ભૂલીને માગ રખડીને પડ્યો શું ઘોર નિદ્રામાં ?
હવે તું જાગીને જોને, મુસાફર ! કેમ ઉંઘે છે ? ૬
દશા તારી તપાસીને સીધો ને ટુંક રસ્તો લે,
ન સૂઝે તો તું પૂછી લે, મુસાફર ! કેમ ઉંઘે છે ? ૭
લઇ લે સાથમાં રાહબર, ટુંકો રસ્તો બતાવે જે,
મુસાફરી કર તું તે રસ્તે, મુસાફર ! કેમ ઉંઘે છે ? ૮
ન છુટકો તે કર્યા વિના મહા સુખની ન આશા છે,
તજી દે ઘોર નિદ્રાને, મુસાફર ! કેમ ઉંઘે છે ? ૯

તરંગ ૯૧

ભરોંસો દેહનો શાનો ?

ગઝલ કવાલિ.

ભલે ખીલતી યુવાની હો, ભલે નિરોગી કાયા હો,
ભલે શક્તિ, છતાં ચેતન્! ભરોંસો દેહનો શાનો ? ૧
કહે તું 'દેહ મારો છે' છતાં તે શું ન તે સમજે,
કળા અકળિત છે તેની ! ભરોંસો દેહનો શાનો ? ૨
બને ખોરાકનું રૂધિર, જુઓ એ કેવું રૂપાંતર ?
કૃતિ કુદરત તણી કેવી ? ભરોંસો દેહનો શાનો ? ૩
શરીરનો શેઠ તું માને, છતાં આધીન નવ તારે,
સગાઇ એવી સમજી લે, ભરોંસો દેહનો શાનો ? ૪
નહીં તારૂં તું સમજે તો બનાવો અન્યના તું જો,
લઈ દૃષ્ટાંત સમજી લે, ભરોંસો દેહનો શાનો ? ૫
હૃદય ધડકે, વહે નાડી, પલકમાં બંધ તે થાયે,
શરીર નિર્જીવ બની જાયે, ભરોંસો દેહનો શાનો ? ૬
મુખે કો બોલતા ચાલ્યા, મુસાફરીમાં સિધાવ્યા કો,
ગયા કો વાત કરતામાં, ભરોંસો દેહનો શાનો ? ૭
દશા આવી અનિશ્ચત તો સદા તું ચાલ ચેતીને,
કરી લે કામ કરવાનાં, ભરોંસો દેહનો શાનો ? ૮
અનુભવ* આ કરી લીધો મહાસુખ ! જાતથી તેં તો,
રહે સાવધ કરી કાર્યો, ભરોંસો દેહનો શાનો ? ૯

---

* આ મારા અનુભવ સંબંધી ઉલ્લેખ પરસ્તાવનામાં કરવામાં આવ્યો છે.

તરંગ ૯૨

નથી કો કોઈનો સાથી.

ગઝલ કવાલિ.

જગતમાં મારૂં જે માને નથી તે તારૂં છેવટમાં,
ભલે તું મિત્ર શોધી લે, નથી કો કોઈનો સાથી. ૧
ગુંથાઇ લગ્નગ્રંથીથી બન્યાં સ્નેહી પતિપત્ની,
ભલે સાથે રહો હરદમ, નથી કો કોઇનો સાથી. ૨
ભલે હો બેન ને ભાઇ, ભલે હો પુત્ર ને પિતા,
ભલે હો ભાઇની જોડી, નથી કો કોઇનો સાથી. ૩
ભલેને ભાગીદારો એ ચલાવે ભાગદારીને,
જિગર સાથે ભલે જોડે, નથી કો કોઇનો સાથી. ૪
અરે ખેડૂત ખેતરમાં મદદ માટે કરે સાથી,
કરે છે કામ જોડાઈ, નથી કો કોઇનો સાથી. ૫
જગતના આ સબંધો છે, પરંતુ તે વૃથા અંતે,
અરે અવસાનના સમયે નથી કો કોઇનો સાથી. ૬
ન બોલે સાથી બોલાવ્યો, ન જાણે કાંઇ પ્રીતિ છે!
મુકી રડતો ઉડી જાયે, નથી કો કોઈનો સાથી. ૭
કરેલી જેટલી પ્રીતિ, પીડે છે તેટલી અંતે,
હૃદય પર ઘા કરે કારી, નથી કો કોઇનો સાથી. ૮
મહા સુખ સાથીનું સૌ તે લઈ સાથે ઉડી ચાલે,
કહો આ સાથીની રીતિ? નથી કો કોઇનો સાથી. ૯

તરંગ ૯૩

જીવનસંધ્યા હવે આવી.

ગઝલ કવાલિ.

જીવનપ્રાતઃસમય ખીલ્યો, ખીલી મધ્યાહ્ન યુવાની,
સમય વિલાસમાં ગાળ્યો, જીવનસંધ્યા હવે આવી. ૧
ગયું ક્યાં તેજ દિનકરનું ? ગયા ક્યાં રંગ તન પરના ?
શિથિલતા ક્યાંથી વ્યાપી આ ? જીવનસંધ્યા હવે આવી. ૨
જીવનસંધ્યા હશે આવી, યુવાનીમાં ન તે જાણી,
જરાનું ભાન નવ આવ્યું, જીવનસંધ્યા હવે આવી. ૩
બની પંચેન્દ્રિનો કેદી, નજર તેં બ્હાર નવ કીધી,
ભવિષનો ખ્યાલ નવ રાખ્યો, જીવનસંધ્યા હવે આવી. ૪
યુવાની તેજમય તારી વિષયમાં તેં કરી ખાલી,
હવે નિસ્તેજ તુજ કાયા, જીવનસંધ્યા હવે આવી. ૫
હતો જે શક્તિનો નીશો ગયો તે અંગથી ઉતરી,
દિસે છે મંદતા તન પર, જીવનસંધ્યા હવે આવી. ૬
હતા જે કેશ સૌ કાળા બન્યા તે શ્વેત મસ્તક પર,
કરે સૂચન તને ચેતન ! જીવનસંધ્યા હવે આવી. ૭
સમયનો લાભ નવ લીધો, ખરૂં જીવન ગુમાવ્યું તેં,
ગુમાવેલું ફરી ના’વે, જીવનસંધ્યા હવે આવી. ૮
ઉડી ગયું તેજ તનમનથી, તિમિર વ્યાપે નજર કરને,
મહાસુખ ! ચેતતો ર્‌હેને જીવનસંધ્યા હવે આવી. ૯

તરંગ ૯૪

નથી કૈં વ્હેમનું ઔષધ.

ગઝલ કવ્વાલિ.

ભણેલો કે નિરક્ષર હો, ભલે હો રંક કે રાજા,
 ખસે નવ વ્હેમ જો પ્રકટ્યો, નથી કૈં વ્હેમનું ઔષધ. ૧
પડી જો પત્નીમાં શંકા, પતિનો ક્રોધ ભપકે છે,
 સતાવે છે બિચારીને, નથી કૈં વ્હેમનું ઔષધ. ૨
નહીં ચાલે દલીલોનું, દયાનું કે ન આંસુનું,
 પડેલો વ્હેમ નહિ નીકળે, નથી કૈં વ્હેમનું ઔષધ. ૩
મુસાફરીમાં જતાં આડો કદાપિ સર્પ ઉતરે તો,
 નિરાશા અંતરે વ્યાપે, નથી કૈં વ્હેમનું ઔષધ. ૪
છિંકે કો લગ્નની વેળા, સુચન એ વિઘ્નનું માને,
 પડે છે ચિત્ત ચિન્તામાં, નથી કૈં વ્હેમનું ઔષધ. ૫
જગતમાં માન્યતા આવી ભરેલી હોય છે જે તે
 હૃદયને બાળી મૂકે છે, નથી કૈં વ્હેમનું ઔષધ. ૬
અરે આ વ્હેમને દુનિયા બરાબર ભૂત સમ માને,
 બલા છૂટે ન વળગે જો, નથી કૈં વ્હેમનું ઔષધ. ૭
ન શાસ્ત્રો કામમાં આવે, ગુરૂઉપદેશ નવ ચાલે,
 ભ્રમિત ચિતને બનાવે છે, નથી કૈં વ્હેમનું ઔષધ. ૮
પીડાઓ માનસિક આવી, મગજને કોતરી ખાયે,
 મહા સુખમાં છતાં દુઃખી, નથી કૈં વ્હેમનું ઔષધ. ૯

તરંગ ૯૫

તજી દેને સહૂ ભ્રાન્તિ.

ગઝલ કવાલિ.

તને ભ્રાન્તિ ભમાવે છે, વૃથા તર્કો કરાવે છે,
કુતર્કોમાં ઉડાવે છે, તજી દેને સહુ ભ્રાન્તિ. ૧
નથી મનની કંઈ આધિ, નથી તનની કંઈ વ્યાધિ,
છતાં ઉદાસ તું કેવો ! તજી દેને સહુ ભ્રાન્તિ. ૨
ઉંડા વિચારમાં ઉતરી બને છે મૂઢ સમ ચેતન્ !
નહીં મનને નિરંકુશ કર, તજી દેને સહુ ભ્રાન્તિ. ૩
ચણે ઈમારતો મોટી, નહીં પાયાનું ઠેકાણું,
પડે આખર કરી દુઃખી, તજી દેને સહૂ ભ્રાન્તિ. ૪
ન ચિન્તાનું કંઈ કારણ, છતાં ઉભા કરી તર્કો
ચડાવે ચિત્ત ચગડોળે, તજી દેને સહુ ભ્રાન્તિ. ૫
ચડી ચિત આમ ચગડોળે કરાવે કાલ્પનિક દુઃખો,
તજાવે શાન્તિ અંતરની, તજી દેને સહુ ભ્રાન્તિ. ૬
નથી જે દુઃખ સ્વપ્ને તે સૃજાવે કેમ હાથે તું ?
બળી એ કલ્પના તારી, તજી દેને સહુ ભ્રાન્તિ. ૭
વિચારો ને વિચારોમાં મગજ ખાલી થઇ બગડે,
બળે છે નૂર તન પરનું, તજી દેને સહુ ભ્રાન્તિ. ૮
કુતર્કોને દબાવી દે, નહીં છુટ આપ તું મનને,
મહા સુખ શાન્તિ જો ચાહે, તજી દેને સહુ ભ્રાન્તિ. ૯

તરંગ ૯૬

સૌ ઉજળું શું દૂધ છે ?

ગઝલ અગર હરિગીતની રાહ.

મીઠા લિંબુ સમ ઇન્દ્રવર્ણું, રૂપ સુંદર શું દિસે !
પણ કેવું કડવું ભીતરમાં ! સૌ ઉજળું શું દૂધ છે ? ૧
વ્યભિચારી કામણગારી નારી વાણી મધુરી ઉચરે,
પણ ઝેર અંતરથી ઝરે, સૌ ઉજળુ શું દૂધ છે ? ૨
મૃગજળ જુઓ જંગલ મહીં, જાણે સરોવર જળભર્યું !
પણ પાસ જાતાં કૈં નહીં, સૌ ઉજળું શું દૂધ છે ? ૩
આહાર માની માછલી લેતાં મુખે ગલ ઝડપથી
કાંટો ભીતરનો પ્રાણ લે, સૌ ઉજળું શું દૂધ છે ? ૪
રાખો સહુ પર સ્નેહ પણ વિશ્વાસ કરતાં સોચશો,
અનુભવી જનો શંકા કરે સૌ ઉજળું શું દૂધ છે ? ૫
ભાષા અલંકારે ભરી સ્તુતિ કરેલી હોય પણ
અંદરથી નિંદા નીકળે, સૌ ઉજળું શું દૂધ છે ? ૬
એવા અલંકારો કવિ વ્યાજસ્તુતિના જયાં રચે,
ત્યાં મર્મ જાણો શબ્દનો, સૌ ઉજળું શું દૂધ છે ? ૭
જ્યાં રાજ ખટપટ હોય ત્યાં ચેતી સદાયે ચાલવું,
ત્યાં પ્રેમ રૂપમાં ઝેર છે, સૌ ઉજળું શું દૂધ છે ? ૮
દાંભિક જનની રીત એ, ફંદે ફસાવે કપટથી,
છીનવે મહા સુખ આખરે, સૌ ઉજળું શું દૂધ છે ? ૯

તરંગ ૯૭

રાત્રી હવે થોડી રહી.

ગઝલ અગર હરિગીતની રાહ.

આ રંગભૂમિ ઉપરે તેં કાર્યક્રમ લાંબો ઘડયો,
તે પાર પડશે શી રીતે? રાત્રી હવે થોડી રહી. ૧

સૌ પ્રેક્ષકોને ખૂશ કરવા બાંધી લાંબી ધારણા,
તે ધારણા નિષ્ફળ જશે, રાત્રી હવે થોડી રહી. ૨

રાત્રી તરફ તું નજર કર, કેવી ગતિ છે તે તણી,
ચાલે ન તારૂં કૈં તહીં, રાત્રી હવે થોડી રહી. ૩

રાત્રી તણો તેં પ્રહર પ્હેલો રમતમાં ગાળ્યો અરે,
નવ ભાન રાત્રીનું રહ્યું, રાત્રી હવે થોડી રહી. ૪

બીજા પ્રહરમાં મદનથી યુવાનીમાં તું છક રહ્યો,
રાત્રી ગુમાવી રંગમાં, રાત્રી હવે થોડી રહી. ૫

સંસારના પરિવાર ને ધનમાલના વ્યવહારમાં
ત્રીજો પ્રહર પૂરો કર્યો, રાત્રી હવે થોડી રહી. ૬

ચોથા પ્રહરમાં આંખ ઉઘડી, કાર્ય કરવાનાં સુઝયાં,
કાર્યો ઘણાં ને સમય કયાં? રાત્રી હવે થોડી રહી. ૭

આત્મા તણા ઉદ્ધારનો તું પાઠ ભૂલી સૌ ગયો,
ક્યાંથી હવે તે આવડે? રાત્રી હવે થોડી રહી. ૮

સૌ છોડી દઇને તું હવે પ્રભુપ્રાર્થના કર અંતમાં,
ચેતી મહાસુખ! ચાલ તું, રાત્રી હવે થોડી રહી. ૯

તરંગ ૯૮

એજ કુદરતન્યાય છે.

ગઝલ અગર હરિગીતની રાહ.

વરસાદ વરસે જે સમે જળ મોભનું નેવે સરે,
ઉંચેથી નીચે જાય જુઓ, એજ કુદરતન્યાય છે. ૧

પથ્થર સમું કદી ઘી ઠરે, પણ અગ્નિ જો પાસે મુકો,
પાણી સમું બની જાય પિંગળી, એજ કુદરતન્યાય છે. ૨

યુવતી અને યુવક કદી ભેગાં થયાં એકાન્તમાં,
તો હૃદય જોડાવા ચહે છે, એજ કુદરતન્યાય છે. ૩

સહવાસ સેવે એમ પછી તો સ્નેહથી કે દેહથી
જોડાય બંને સંગ સંગે, એજ કુદરતન્યાય છે. ૪

યોગી મહા ધ્યાની બને, પણ જો મળી કો સુંદરી,
તે દેખતાં ચળી જાય યોગી, એજ કુદરતન્યાય છે. ૫

કદી કો ધુતારાસંગમાં જો લોભીઆ આવી ચડયા,
તો લોભીઆ લુંટાઇ જાયે, એજ કુદરતન્યાય છે. ૬

જો વૃદ્ધ વયમાં પુરૂષ કો પરણે કુમારી મદભરી
સેવાય પછી વ્યભિચાર છૂપો, એજ કુદરતન્યાય છે. ૭

સારાનું ફળ સારૂં અને નબળાનું નબળું હોય છે,
નિજ બોલ સમ પડઘા પડે છે, એજ કુદરતન્યાય છે. ૮

શાંતિ મહા સુખરંગમાં પ્રભુનામ વિસારે પડે,
પ્રભુ સાંભરે છે દુઃખ માંહે, એજ કુદરતન્યાય છે. ૯

તરંગ ૯૯

ક્યાં કહો આરામ છે ?

ગઝલ અગર હરિગીતની રાહ.

ઉપાધિમય આ વિશ્વ છે, શાંતિ નહીં નજરે પડે,
જ્યાં જોઉં ત્યાં વ્યવસાય ભાસે, ક્યાં કહો આરામ છે ? ૧
રાજા મહારાજા તણા મ્હેલો મહીં દૃષ્ટિ કરૂં,
તો રાજખટપટ ત્યાં નિહાળું, ક્યાં કહો આરામ છે ? ૨
વેપારી આલમ દેખતાં નહિ થોભ છે જ્યાં લોભનો,
નિદ્રા ન પૂરી લઇ શકે છે, ક્યાં કહો આરામ છે ? ૩
શ્રીમંતની મીલો મહીં વ્યવસાય જુઓ ધ્યાનથી,
ખાવાની ફુરસદ ક્યાં મળે છે ? ક્યાં કહો આરામ છે ? ૪
સટ્ટાબઝારો જોઇ લો જ્યાં તેજી મંદી થાય છે,
જ્યાં વખત નવ બીજી વાત કરવા, ક્યાં કહો આરામ છે ? ૫
વકીલોની ઓફીસો જુઓ અસીલોની દોડાદોડી જ્યાં,
અવકાશ નવ ત્યાં મિત્ર મળવા, ક્યાં કહો આરામ છે ? ૬
જ્યાં જોઉં ત્યાં ત્યાં છે પ્રવૃત્તિ શાંતિને સંહારતી,
નિવૃત્તિ નવ નજરે પડે છે, ક્યાં કહો આરામ છે ? ૭
મેં સંત સાધુ યોગીના મઠમાં ગયો પણ શાંતિ ક્યાં ?
જંજાળ રાગદ્વેષની ત્યાં, ક્યાં કહો આરામ છે ? ૮
દેખી મહા સુખ ઉપરથી માનું મહા સુખ ત્યાં હશે,
પણ જિગર તો રડતું દિસે છે, ક્યાં કહો આરામ છે ? ૯

તરંગ ૧૦૦

એવી પ્રભુને પ્રાર્થના.

ગઝલ અગર હરિગીતની રાહ.

જે રાજ રૈયતને સુખી રાખે પ્રતિદિન પાળીને,
તે રાજ અવિચળ રાખજે, એવી પ્રભુને પ્રાર્થના. ૧
શ્રીમંત જે ઉપકારી છે ધન વાપરે પર હિતમાં,
દીર્ઘાયુષી તે રાખજે, એવી પ્રભુને પ્રાર્થના. ૨
લાલચ અનીતિ મોહનાં આકર્ષણો જ્યાં થાય ત્યાં,
સદ્બુદ્ધિ આપે તે સમે, એવી પ્રભુને પ્રાર્થના. ૩
છે ક્રોધ દુશ્મન કારમો, પરવશ બનાવે તે પળે
હરી ક્રોધ શાંતિ આપજે, એવી પ્રભુને પ્રાર્થના. ૪
દુર્જન બનીને મિત્ર સમ ફંદે ફસાવે જે સમે,
તે સમય રક્ષણ આપજે, એવી પ્રભુને પ્રાર્થના. ૫
જુગારીના મંડળ મહીં આવી ચડયો જો ભૂલથી,
લેજે બચાવી યુક્તિથી, એવી પ્રભુને પ્રાર્થના. ૬
દુઃખભાર નરકાગાર સોબત એવી છે વ્યભિચારીની,
વ્યભિચારીથી દૂર રાખજે, એવી પ્રભુને પ્રાર્થના. ૭
દીર્ઘાયુષી જો હોઉં તો સંહારી આધિવ્યાધિને,
રાખે સુખી તે સર્વથા એવી પ્રભુને પ્રાર્થના. ૮
ઉપાધિ આધિ વ્યાધિ સૌથી મુક્ત થઇ પ્રભુસ્મરણમાં,
ભેટે મહાસુખ મૃત્યુથી એવી પ્રભુને પ્રાર્થના. ૯

ગઝલ સંબંધી સંક્ષિપ્ત સમજુતી.

આ પુસ્તકમાં બે પ્રકારની ગઝલો મુકવામાં આવી છે. એક તો કવાલિ ગઝલ અને બીજી હરિગીતની રાહમાં ગવાતી ગઝલ. આવા પ્રકારની બંને ગઝલો લખવામાં હરિગીત છંદનું માપ ધ્યાનમાં રાખવાની આવશ્યકતા છે. બરાબર પિંગળશાસ્ત્રાનુસાર હરિગીત છંદ લખવામાં ૨૮ માત્રાના સાત સાત માત્રાના ચાર તાળમાં પાંચમી માત્રાએ લઘુ અક્ષર લખવાની જરૂર છે, એટલે કે પાંચમી માત્રા સ્વતંત્ર હોવી જોઇએ, ગુરૂ અક્ષર ભેગી ભળેલી હોવી જોઈએ નહીં. માટે જો તેની રચના નીચે પ્રમાણે કરવામાં આવે તો શુદ્ધ રીતે સરળતાથી ગાઈ શકાય. (ગુ સંજ્ઞાથી ગુરૂ અક્ષર અને લ સંજ્ઞાથી લઘુ અક્ષર સમજવો) :—

ગુ ગુ લ ગુ, ગુ ગુ લ ગુ, ગુ ગુ લ ગુ, ગુ ગુ લ ગુ.

આ ઉપરથી સમજાશે કે દરેક તાળમાં પાંચમી માત્રા લઘુ અક્ષર છે. હરિગીત માત્રામેળ છંદ હોવાથી જ્યાં જ્યાં ગુરૂ અક્ષર છે ત્યાં ત્યાં તેના બદલે એક ગુરૂના બે લઘુ અક્ષરો મુકી શકાય છે. પણ જોડેના બે ગુરૂ અક્ષરોની ચાર માત્રા ગણી લ ગુ લ (જગણ) એવી ચાર માત્રાવાળા અક્ષરો મુકી શકાય નહીં; તેમ કરવાથી તાળ તુટી જાય, માટે તે પ્રમાણે ગુરૂના બદલે લઘુ અક્ષરો મુકતાં સંભાળ રાખવી. અત્રે ટુંકામાં જણાવવાની જરૂર છે કે લઘુ અક્ષરની એક અને ગુરૂની બે માત્રા ગણવામાં આવે છે. અ, હ્રસ્વ ઇ, અને હ્રસ્વ ઉ ને લઘુ અક્ષરો અને બાકીના બધા અક્ષરોને તથા જોડા અક્ષરના પાછલા અક્ષરને ગુરૂ કહેવામાં આવે છે.

હવે એજ હરિગીતના ૨૮ માત્રાના પિંગળના માપ પ્રમાણે કવાલિ ગઝલનું માપ પણ ૨૮ માત્રાનું છે, પરંતુ ફેર એટલો છે કે હરિગીતના છેવટના બે અક્ષરો જે લઘુ ગુરૂ છે તે છેવટથી ઉપાડી

શરૂઆતમાં મુકવા, તેમ કરતાં બંનેમાં કેટલો ફેર છે તે નીચે પ્રમા સરખામણી કરતાં સમજાશે—

હરિગીત— ગુ ગુ લ ગુ, ગુ ગુ લ ગુ, ગુ ગુ લ ગુ, ગુ ગુ **લ** ગુ
કવાલિ—**લ** ગુ ગુ ગુ, લ ગુ ગુ ગુ, લ ગુ ગુ ગુ, લ ગુ ગુ ગુ.
કવાલિમાં પણ સાત સાત માત્રાએ તાળ આવે છે અને તે તાળની પહેલી માત્રા લઘુ આવવી જોઈએ (જેમ હરિગીતમાં પાંચમી આવે છે તેમ). અને પ્રથમ જણાવ્યા પ્રમાણે એક ગુરૂના બદલે બે લઘુ અક્ષરો મુકી શકાય છે. આ સંબંધી વિશેષ માહીતી મેં મારા "સચિત્ર કાવ્યસરિતા" નામના ગ્રંથમાં 'પિંગળપ્રકાશ' એ મથાળા વાળા કાવ્યની ટીકામાં આપેલી છે. અત્રે કાવ્યની શબ્દરચના સંબંધી આટલી ટુંક સમજુતી બસ થઈ પડશે.

કાવ્ય **સંગીત** સાથે ગાઢો સંબંધ ધરાવે છે અને **તાલ** એ બંનેના જોડાણમાં એક સરખી રીતે પોતાનું કાળ–સમય માપવાનું હિસાબી કામ બજાવે છે. તાલને અનુસરી કાવ્ય લખવાની ગઝલ રચના ઉપર પ્રમાણે પિંગલશાસ્ત્રાનુસાર સમજાવી; હવે તે કાવ્યોને રાગમાં ગાવાની **સ્વરરચના** (**નોટેશન**–notation) સંગીતશાસ્ત્રાનુસાર નીચે પ્રમાણે ટુંકામાં બતાવવામાં આવે છેઃ—

સંગીતકારો આવા બે પ્રકારની રચનાવાળી ગઝલોને જે જુદા જુદા રાગોમાં સારી રીતે સરળતાથી ગાઈ શકે છે તેની સ્વરરચના—**નોટેશન** બતાવવામાં આવે તો વાચકવર્ગમાંથી જો કોઇને ગાવાનો સાધારણ શોખ હોય તો તે તેને વધારે ઉપયોગી (guide–ગાઇડ તરીકે) થઈ પડે તે ઉદ્દેશથી આ લેખમાં કેટલાક રાગોનાં **નોટેશન** આપવામાં આવ્યાં છે, અને તે પછી **તાલ** સંબંધી હકીકત જણાવી છે.

આ નોટેશન જાણતા પહેલાં સંગીતના સ્વરો સંબંધી કેટલીક સમજુતી આપવાની જરૂર છે. સ્વરો સાત છે, તેથી તેને સાત સ્વરોની **સપ્તક** કહેવામાં આવે છે. સામાન્ય રીતે ગાવામાં **ત્રણ સપ્તક**નો ઉપયોગ થાય છે. દરેક સપ્તકમાં **સા** (ષડ્જ), **રી** (રીષભ), **ગ** (ગંધાર),

મ (મધ્યમ), **પ** (પંચમ), **ધ** (ધૈવત), અને **ની** (નિષાદ), એવા જે સાત સ્વરો છે તે **શુદ્ધ સ્વરો** એ નામથી ઓળખાય છે.

આ સાત શુદ્ધ સ્વરોમાં **સા** અને **પ** **સ્થાયી** (અચળ-સ્થિર) કહેવાય છે કારણ કે તે એકજ સ્વરૂપે રહે છે. તે શીવાયના **રી**, **ગ**, **મ**, **ધ**, **ની**, એ પાંચ સ્વરો **અસ્થાયી** (વિકૃત) કહેવાય છે, કારણ કે તેનાં બે સ્વરૂપ બને છે. અસ્થાયી પાંચ સ્વરોમાં **રી**, **ગ**, **ધ**, **ની**, એ ચાર સ્વરો જેનું બીજું સ્વરૂપ (મૂળ કરતાં અર્ધ સ્વર ઉતરતું) થાય છે તે **કોમળ સ્વર** એ નામથી ઓળખાય છે અને બાકીનો **મ** સ્વર જેનું બીજું સ્વરૂપ (મૂળ કરતાં અર્ધ સ્વર ચઢીઆતું) થાય છે તે **તીવ્ર સ્વર** એ નામથી ઓળખાય છે.

આ સાત શુદ્ધ સ્વરોને અનુક્રમે ચડતી રીતે ગાવાની રીતને **આરોહ** અને અનુક્રમે ઉતરતી રીતે ગાવાની રીતને **અવરોહ** કહેવામાં આવે છે. આ પ્રમાણે સાત સ્વરની બનેલી જે સપ્તકમાં રાગના સ્વરો આરોહ અને અવરોહ કરતાં ગવાઇ શકતા હોય તે સપ્તકને **મધ્યમ** સપ્તક કહેવામાં આવે છે, અને જો મધ્યમ સપ્તક કરતાં આગલી સપ્તકના સ્વરો આવતા હોય તો તે આગલી સપ્તકને **તાર** સપ્તક, અને મધ્યમ સપ્તક કરતાં પાછલી સપ્તકના સ્વરો આવતા હોય તો તે પાછલી સપ્તકને **ષડ્જ** સપ્તક (અથવા **મંદ્ર**) કહેવામાં આવે છે. ગાનારે પોતાના ગળાને અનુકૂળ પડતી સપ્તક રાખવી અને તે સપ્તકને મધ્યમ ગણી ગાયન વગાડવું.

હાર્મોનિયમ વાદ્યમાં સ્વરો બરાબર બાંધેલા હોવાથી સૌથી સહેલામાં સહેલું તે વાદ્ય ગણાય છે. તે વાદ્યની સ્વરરચનામાં ઉપર જણાવ્યા પ્રમાણે સાત શુદ્ધ સ્વરોના **ધોળા પાસા** મુકેલા હોય છે અને બંનેની વચ્ચે ઉપરના ભાગમાં પાંચ અસ્થાયી સ્વરોના પાંચ **કાળા પાસા** મુકેલા હોય છે. એ પાંચ પાસામાં રી, ગ, ધ, ની, એ ચાર કોમળ સ્વર તરીકે અને મ તીવ્ર સ્વર તરીકે ઓળખાય છે. આ પ્રમાણે એકંદર બાર સ્વરો બરાબર બાંધેલા હોવાથી વગાડનારને

દિલરૂબાની માફક સ્વરો મેળવવાની તકલીફમાં કે સ્વરો મેળવવાના ઉંડા સંગીતશાસ્ત્રના જ્ઞાનમાં ઉતરવું પડતું નથી.

એ રીતે બારે સ્વરની માહીતી મેળવ્યા બાદ નોટેશન પ્રમાણે રાગ વગાડવાની સમજણ પડે છે. પણ એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે નોટેશન પ્રમાણે રાગ વગાડતાં પહેલાં તે રાગ ગાવાની ઢબ પોતાના મગજમાં રમી રહેલી હોવી જોઈએ, જેથી વાદ્ય ઉપર નોટેશનના સ્વર પ્રમાણે આંગળી ચલાવવામાં સારી સરળતા થઈ પડે.

રાગોના નોટેશનમાં ઉપર જણાવ્યા પ્રમાણે સપ્તક અને સ્વ-ાની સમજુતી માટે નીચે મુજબ સ્વરોના અક્ષર ઉપર નિશાનીઓ મુકવામાં આવી છેઃ—

મધ્યમ સપ્તકના સ્વરોના સાત અક્ષરો ઉપર કાંઇપણ નિશાની મુકેલી નથી. સાદાજ રાખેલા છે, જેમ કે સા રી ગ મ પ ધ ની

ષડ્જ સપ્તકના અક્ષરો **નીચે** ઝીણી લીટી મુકવામાં આવી છે, જેમ કે સા̱ રી̱ ગ̱ મ̱ પ̱ ધ̱ ની̱

તાર સપ્તકના અક્ષરો **ઉપર** ઝીણી લીટી મુકવામાં આવી છે, જેમ કે સા̅ રી̅ ગ̅ મ̅ પ̅ ધ̅ ની̅

કોમળ સ્વરો માટે સ્વરના અક્ષર ઉપર ˘ એવું અર્ધ ચંદ્રાકારનું ચિહ્ન મુકવામાં આવ્યું છે, જેમ કે રી̆ ગ̆ ધ̆ ની̆

તીવ્ર સ્વર મ માટે તેના ઉપર બે ઝીણી લીટીઓ મુકવામાં આવી છે, જેમ કે મ̿

વગાડવામાં ઘણી વખતે ત્રણે સપ્તકનો ઉપયોગ થાય છે માટે બીજાં ચિહ્નોની સાથે **ષડ્જ** અને **તાર** સપ્તકનાં ચિહ્નો પણ ધ્યાનમાં રાખી રાગ વગાડવો.

રાગરાગણીઓના નિયમોમાં જે રાગમાં આરોહ અને અવરોહમાં **સાતે સ્વર** આવતા હોય તેને **સંપૂર્ણ** જાતિ, છ સ્વરો આવતા હોય તેને **ષાડવ** જાતિ અને **પાંચ સ્વરો** આવતા હોય તેને **ઔડવ**

જાતિ કહેવામાં આવે છે. તદુપરાંત કેટલા રાગો ઉપર જણાવેલી **મિશ્ર** જાતિના બનેલા હોય છે, જેમ કે આરોહમાં પાંચ સ્વરો અને અવરોહમાં ૭ સ્વરો, એટલે તેને **ઔડવ ષાડવ મિશ્ર** જાતિ કહેવામાં આવે છે. વિશેષ નોટેશનના રાગો જોવાથી સમજાશે,

વળી દરેક રાગના સ્વરોમાં એક મુખ્ય સ્વર હોય છે જેને **વાદી સ્વર** કહેવામાં આવે છે. રાગ ગાતાં આ વાદી સ્વર ઉપર રાગના સ્વરોના આરોહ અને અવરોહ કરતાં ભાર મુકવામાં આવે છે. તેનાથી ઉતરતા સ્વરને **સંવાદી** અને તેથી ઉતરતા સ્વરને **અનુવાદી** કહેવામાં આવે છે. અને કુશળ ગાયકો કેટલાક રાગોમાં નિયત કરેલા સ્વરો ઉપરાંત પોતાની કુશળતા બતાવવાની ખાતર કોઇ જગોએ અપવાદ રૂપે બીજો સ્વર દાખલ કરે છે તેને **વિવાદી** સ્વર કહેવામાં આવે છે.

કવાલિ ગઝલનાં નોટેશન.

કવાલિ ગઝલ જે જે રાગોમાં ગવાય છે તેમાંના કેટલાક રાગોનું નોટેશન નીચે પ્રમાણે છે. દરેક રાગના નોટેશનમાં આ પુસ્તકના તરંગ ૫ વાળા કાવ્યનાં નીચેનાં ચાર ચરણો મુકવામાં આવ્યાં છે—

ચલાવા રાજ તંત્રોને નિમે રાજા દિવાનોને,
સિધાં તંત્રો ન ચાલે તો થયા દીવાન તેથી શું ?
અભણ જો હોય રાજા તો ભણાવી કેળવો તેને,
અબુધ જો રાખિ મૂકો તો થયા દીવાન તેથી શું ?

૧ રાગ-ભૈરવી. (જાતિ સંપૂર્ણ)

આરોહ		અવરોહ
સા રીઁ ગઁ મ પ ધઁ નીઁ	**સા**	નીઁ ધઁ પ મ ગઁ રીઁ સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર **સા** છે અને **સંવાદી** સ્વર **મ** છે. આ રાગમાં કોઇ સ્થળે શુદ્ધ **ગ** અને

રી સ્વરો પણ આવે છે. તદુપરાંત કુશળ ગાયકો ભૈરવીમાં બારે સ્વરોનો ઉપયોગ કરે છે. ગાવાનો સમય સવારનો છે.

ગાયનની શરૂઆતના પહેલા ભાગને **સ્થાયી** અને બીજો ભાગ જે સામાન્ય રીતે ઉંચા સ્વરે ગવાય છે તેને **અંતરો** કહે છે.

તાલ–ત્રિતાલ લાવણી. (તાલ સંબંધી તેની માત્રા મેળ સાથેની સમજુતી રાગોનાં નોટેશન પૂર્ણ થયા પછી મુકવામાં આવી છે તે વાંચવાથી સમજાશે.) ગાયનના શબ્દોના કેટલાક અક્ષરોમાં એકથી વધુ સ્વરો સમાયેલા હોવાથી તે અક્ષરોની આગળ તે સ્વરો માટે મીંડાની (અવગ્રહ) નિશાની મુકી છે.

(સ્થાયી)—ચ લા ૦ વા ૦ રા ૦ જ તં ત્રો ૦ ને ૦ ૦
સા સા રૉ નીં સા સા મ મ મ મ ગૅ ગૅ મ પ
નિ મે ૦ રા ૦ ૦ જા દિ વા ૦ ૦ નો ૦ ને
મ ગૅ મ ગૅ રી નીં સા રી ગૅ રી ગૅ સા રૉ સા
"સિધાં તંત્રો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

(અંતરો)—અ ભ ણ જે હો ૦ ય રા જા ૦ તો ૦ ૦
સા સા પ પ ગૅ પ પ પ પ મ મ પ ધૅ
ભ ણા ૦ વી કે ળ વો તે ને
પ મ પ ગ મ પ ધૅ પ મ
"અબુધ જે"—"ચલાવા" ચરણ પ્રમાણે.

---

૨ રાગ–ભીમપલાસી ધુન. (જાતિ મિશ્ર–ઔડવ સંપૂર્ણ)

આરોહ — અવરોહ

<u>સા ગૅ મ પ નીં</u> **સા** <u>નીં ધ પ મ ગૅ રી સા</u>

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, આ ઉપરાંત કેટલાક ગાયકો

શુદ્ધ **ની** સ્વરનો પણ ઉપયોગ કરે છે. તેમાં **વાદી** સ્વર **મ** છે અને **સંવાદી** સ્વર **ની** છે. ગાવાનો સમય મધ્યાહ્ન પછીનો છે.

(સ્થાયી)— **તાલ-દીપચંદી.**

ચ લા વા ૦ રા જ તં ત્રો ને નિ મે રા ૦ જા દી વા ૦ નો ૦ ને
સા સા ગૅ મ પ મ પ સાં નીં પ પ મ પ ગૅ મ પ મ ગૅ રી સા

"સિધાં તંત્રો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

(અંતરો)—અ ભ ણુ જો હો ય રા જા તો
સાં ની ની ની સાં રીં ગૅ રીં સાં

ભ ણા ૦ વી ૦ કે ળ વો ૦ તે ૦ ને
નીં નીં ધ પ ધ નીં સાં રીં સાં નીં ધ પ

"અણુધ જો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

---

૩ રાગ-માઢ. (જાતિ સંપૂર્ણ.)

આરોહ અવરોહ
સા રી ગ મ પ ધ ની **સા** ની ધ પ મ ગ રી સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે. તેમાં **વાદી** સ્વર **સા** છે અને **સંવાદી** સ્વર **મ** છે. ગાવાનો સમય અર્ધ રાત્રી પછીનો છે.

(સ્થાયી)— **તાલ-દીપચંદી.**

ચ લા વા રા જ તં ૦ ત્રો ૦ ને નિ મે ૦ રા ૦ જા દિ વા ૦ નો ૦ ને
સાં સાં સાં સાં સાં સાં રીં સાં ની ધ પ ધ પ મ ગ રી સા રી સા ગ રી સા
નિ મે રા જા દિ વા નો ૦ ને નિ મે ૦ રા ૦ જા દિ વા ૦ નો ૦ ને
મ મ મ મ રી રી મ પ ધ પ ધ પ મ ગ રી સા રી સા ગ રી સા

"સીધાં તંત્રો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

(અંતરો)—અ ભ ણુ જો હો ય રા જા તો
સાં સાં સાં સાં સાં ની ધ ની સાં

ભણાવી કેળવો૦ તે૦ને
ધધસાં રીંસાંગરીં સાંનીધ
"અબુધ જો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

---

૪ રાગ-સોરઠ. (જાતિ મિશ્ર-ઔડવ સંપૂર્ણ.)

આરોહ — અવરોહ

સા રી મ પ ની **સા** નીં ધ પ મ ગ રી સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર રી અને **સંવાદી** સ્વર **પ** છે. ગાવાનો સમય પાછલી રાત્રીનો છે.

(સ્થાયી)— **તાલ-ત્રિતાલ લાવણી.**

ચલા૦ વા રા૦જ તં ત્રો ને નિ મે૦રા૦જા દિ વા૦નો૦
મરીગસા રીમમ પનીસાં રીંનીંધ પધમ પ પધમગ:
"સિધાં તંત્રો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

(અંતરો)—અભણ જો હોય રાજા૦ તો
મમમ પ નીની નીસાંની સાં
ભણાવી કેળવો ૦૦ તે૦ને
પનીસાં નીસાંની સાંરીં નીંધપ
"અબુધ જો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

---

૫ રાગ-આશાવરી. (જાતિ મિશ્ર-ઔડવ સંપૂર્ણ.)

આરોહ — અવરોહ

સા રી મ પ ધ઼ **સા** નીં ધ઼ પ મ ગ઼ રી સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર **પ** અને **સંવાદી** સ્વર **સા** છે. ગાવાનો સમય દિવસનો પહેલો પ્રહર છે.

(સ્થાયી)— **તાલ-ત્રિતાળ લાવણી.**

ચ લા ૦ વા રા ૦ જ તં ત્રો ૦ ને નિ મે ૦ રા ૦ ૦ જા હિવા નો ૦ ને

ગૅ રી ગૅ સા રી મ મ પ ધૅ પ સાં રીં સાં નીં ધૅ પ ધૅ મ પ ધૅ મ પ ગૅ

"સિધાં તંત્રો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

(અંતરો)—અભણ જો હોય રા૦ જા તો
મમમ પ ધૅધૅ પધૅ સાં સાં
ભ ણા ૦ વી કે ળ વો ૦ તે ૦ ને
ધૅ પ ધૅ સાં સાં સાં રીં સાં નીં ધૅ પ

"અબુધ જો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

---

૬ રાગ-ઈમન કલ્યાણ. (જાતિ સંપૂર્ણ.)

આરોહ — અવરોહ

સા રી ગ મેં પ ધ ની **સા** ની ધ પ મેં ગ રી સા.

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, વળી કોઈ સ્થળે શુદ્ધ **મ** પણ આવી શકે છે. તેમાં **વાદી** સ્વર **સા** અને **સંવાદી** સ્વર **પ** છે. ગાવાનો સમય રાત્રીનો પહેલો પ્રહર છે.

તાલ-દીપચંદી.

(સ્થાયી)—ચ લા ૦ વા૦ રા જ તં ત્રો ૦ ને
સાસાની ધની સાની સા ગ રી ગ
નિમે૦ રા ૦જા દિવા૦ નો ૦ ને ૦
મગરી સાનીધ નીસારી ગ રી સાની

"સિધાં તંત્રો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

ચલાવા ૦ રાજ (આટલું ચરણ લીધા પછી અંતરો)
ધ પ ધ ની સા

(અંતરો)—અભણ જો હોય રાજા તો ભણાવી કેળવો ૦ તે ૦ ને
પપપ પ પમંગમં પ ગ ગ પ ધ પ ની ધ પ મંગ

"અબુધ જો"—"ચલાવા" ચરણ પ્રમાણે

---

૭ રાગ-કાનડો-સીયાનો (જાતિ મિશ્ર-ઓડવ ષાડવ)

આરોહ — અવરોહ

સા રી મ પ ની **સા** — ની પ મ ગૅ રી સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર **સા** અને **સંવાદી** સ્વર **પ** છે. ગાવાનો સમય પાછલી રાત્રીનો છે.

(સ્થાયી)— **તાલ-ત્રિતાળ લાવણી.**

ચ લા વા ૦ રા જ તં ૦ ત્રો ૦ ને નિમે રા ૦ જા દિવા ૦ નો ૦ ને
સાસા નીસા રીસા રીમ મ પ ગૅ ગૅગૅ ગૅમ રી રીરીગૅ રીગૅસા

"સિધાં તંત્રો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

(અંતરો)— અ ભ ણ જો હો ૦ ય રા ૦ જા ૦ તો
સાસાસા સા સારીરી રીમ રીમ પ
ભણાવી કે ળ વો તે ૦ ને
પ પ પ મ મ પ ધ પ ગૅ

"અબુધ જો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

---

૮ રાગ-બાગેસરી. (જાતિ મિશ્ર-આડવ ષાડવ)

આરોહ — અવરોહ

સા ગૅ મ ધ નીૅ **સા** — નીૅ ધ મ ગૅ રી સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તદુપરાંત **પ** સ્વરનો પણ વક્રપણે ઉપયોગ થાય છે. તેમાં **વાદી** સ્વર **મ** અને **સંવાદી** સ્વર **સા** છે. ગાવાનો સમય પાછલી રાત્રીનો છે.

(સ્થાયી)— **તાલ-ત્રિતાળ લાવણી.**

ચ લાવા રા ૦ જ તંત્રોને નિમે રાજા દિવાનોને
મ ધ ધ મ ધ ધ ધધનીં નીંધ મ ધ મગૅરીસા

"સિધાં તંત્રો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

(અંતરો)— અભણ જો હો ૦ ય રા ૦ જા ૦ તો
ગૅ ગૅ ગૅ ગૅ મ ધ ધ ધ નીં સાં નીં સાં
ભ ણા વી કે ળ વો તે ને
ધ ધ ધ નીં રીં સાં નીં ધ

"અબુધ જો"—"ચલાવા" ચરણ પ્રમાણે.

હરિગીત રાહની ગઝલનાં નોટેશન.

હરિગીત રાહની ગઝલ જે જે રાગોમાં ગવાય છે તેમાંના કેટલાક રાગોનું નોટેશન નીચે પ્રમાણે છે. દરેક રાગના નોટેશનમાં તરંગ ૧૯ વાળા કાવ્યનાં નીચેનાં ચાર ચરણો લેવામાં આવ્યાં છેઃ—

અંકાય કીંમત બોલની જામે પ્રતિષ્ઠા તે થકી,
જો કીર્ત્તિ લેવી હોય તો બોલ્યું વચન ફરશો નહીં.
જો બોલ બોલી મૂખથી કદિ કોલ કીધો કોઈથી,
તો કોલ નિશ્ચે પાળવા બોલ્યું વચન ફરશો નહીં.

૧ રાગ-શુદ્ધ કલ્યાણ. (જાતિ મિશ્ર-ઔડવ સંપૂર્ણ)

આરોહ.	અવરોહ.
સા રી ગ પ ધ **સા**	નીં ધ પ મઁ ગ રી સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, વળી શુદ્ધ **મ** નો પણ ઉપયોગ કરવામાં આવે છે. તેમાં **વાદી** સ્વર **સા** અને **સંવાદી** સ્વર **પ** છે. ગાવાનો સમય રાત્રીનો પહેલો પ્રહર છે.

(સ્થાયી)— **તાલ-રૂપક.**

અં૦ કા ય કીંમત બોલની જા૦મે પ્રતિ ષ્ટા૦ તે થકી
સાધ્રસારી સાસાધ સારીસા સાધ્રસા રીસા સાધ્ર સા રીગ
જો કીર્ત્તિ લે૦વી હોયતો બોલ્યું વચન ફ ર શો ૦ ન હીં
ગ ગ રી ગધપ ગગ રી ની સા રીગમ ગરીસાની રીસા

(અંતરો)—

જો બોલ બોલી મૂ ખ થી ક દિ કોલ કીધો ૦ કોઈથી
ગ ગ ગ પ ધ સાંસાંસાં સાંસાં નીની ધ પ ધ નીધ પ
તો કોલ ની૦ શ્રે૦ પાળવા બોલ્યું વચન ફ રશો ૦ નહીં
ગ ગ રી ગધ પપ ગગરી નીસા રીગમ ગરીસાની રીસા

---

૨ રાગ-માલકોષ (જાતિ ઔડવ)

આરોહ અવરોહ

સા ગૅ મ ધૅ નીં **સા** નીં ધૅ મ ગૅ સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર **મ** અને **સંવાદી** સ્વર **સા** છે. ગાવાનો સમય રાત્રીનો પાછલો પ્રહર છે.

(સ્થાયી)— **તાલ રૂપક.**

અંકાય કીં ૦ મ ત બો૦લની જામે પ્રતિષ્ટા૦ તે૦૦ થકી૦
ગૅમસા નીંસાધૅનીં સામમમ મ ગૅ ગૅમધૅનીં ધૅનીંસાં નીંધૅમ

"જો કીર્ત્તિ લેવી"—"અંકાય" ચરણ પ્રમાણે.

(અંતરો)—

જો બોલ બોલી૦ મૂ ખ થી ક દિ કોલ કીધો કો૦ઈ થી૦
મ ગૅગ મ ધૅનીં સાંસાંસાં સાંસાં નીંનીં સાંસાં નીંગૅસાં નીંધૅ
તો કોલ નિશ્ચે૦ પા૦ ળ વા બોલ્યું વચન ફ રશો૦ ૦ નહીં૦
સા સામ મમગૅ ગૅસાંસાંસાં નીં ધૅ મગૅમ ધૅનીંધૅનીંસાં નીંધૅમ

---

૩ રાગ-સોહિણી. (જાતિ મિશ્ર-ઔડવષાડવ)

આરોહ — અવરોહ

સા ગ મ ધ ની **સા** ની ધ મ ગ રી સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર **ધ** અને **સંવાદી** સ્વર **ગ** છે. આ રાગ ગાવાનો સમય રાત્રિનો ત્રીજો પ્રહર છે.

(સ્થાયી)— **તાલ-રૂપક.**

અંકાય કીંમત બોલની જામે પ્રતિ૦ ષ્ઠા૦ તે૦ થકી

ગગગ મધની સાસાસા સાની ધમધ નીસા નીધ નીધ

“જો કીર્ત્તિ લેવી”—“અંકાય” ચરણ પ્રમાણે.

(અંતરો)—

જો બોલ બોલી૦ મૂખથી કદિ કોલ કીધો૦ કો૦૦ઈથી

ગ ગ ગ મ ધની સાસાસા સાસા સાસા સાસાની ધનીસાનીધ

તો કોલ નિશ્ચે૦ પાળવા બોલ્યું વચન ફરશો૦ નહીં

ની સાગ ગમગ રીરીસા સાની ધમધ નીસાનીધ નીધ

---

૪ રાગ-તિલકકામોદ. (જાતિ વક્ર-અવરોહમાં મ પ નો વક્ર-ઉલટો ક્રમ આવે છે.)

આરોહ — અવરોહ

સા રી મ પ ની **સા** ની ધ મ પ ધ મ ગ

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર **ગ** અને **સંવાદી** સ્વર **ની** છે. ગાવાનો સમય રાત્રિનો પહેલો પ્રહર છે.

(સ્થાયી)— **તાલ-રૂપક.**

અંકા ય કીંમત બોલની જામે પ્રતિષ્ઠા૦ તે થકી

સારીસા નીપધ સાસારી પ મ ગસારીગ ગરીસા

"જો કીર્ત્તિ લેવી"—"અંકાય" ચરણ પ્રમાણે.

(અંતરો)—

જો બોલ બોલી મૂખથી કદિ કોલ કીધો કો૦ઈ૦થી

સા રીરી મ મ પ પ પ પપ રીરી મ પ ધપમગરી

તો કોલ નિશ્ચે ૦ પાળવા બો ૦ લ્યું વ ચ ન ફરશો નહીં

રી પ પ મ મ ગ ગરીસા સા રી ની નીસાસા રારીગ રીસા

---

૫ રાગ-બિહાગ (જાતિ મિશ્ર-ઔડવ સંપૂર્ણ.)

આરોહ — અવરોહ

સા ગ મ પ ની **સા** ની ધ પ મ ગ રી સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે. તેમજ **તીવ્ર મ** નો ઉપયોગ પણ **પ** ની સંગતિમાં વક્રપણે કરવામાં આવે છે. તેમાં **વાદી** સ્વર ગ અને **સંવાદી** સ્વર **ની** છે. ગાવાનો સમય રાત્રીનો ત્રીજો પ્રહર છે.

(સ્થાયી)— **તાલ-રૂપક.**

અંકાય કીંમત બોલની૦ જામે૦ પ્રતિ૦ ષ્ટા૦ તે૦ થકી

સાગમ પનીની સાંનીધની પગમ ગગમ પમ ગરી નીસા

"જો કીર્ત્તિ લેવી"—"અંકાય" ચરણ પ્રમાણે.

(અંતરો)—

જો બોલ બોલી૦ મૂ ખથી ક દિ કોલ કીધો કો૦ઈથી

પ પ પ નીધની સાંસાંસાં સાંસાં નીધ પની સાંધનીપ

"તો કોલ"—"અંકાય" ચરણ પ્રમાણે.

---

૬ રાગ-ભીમપલાસી. (જાતિ મિશ્ર-ઔડવ સંપૂર્ણ.)

આરોહ — અવરોહ

સા ગॅ મ પ નીॅ **સા** નીॅ ધ પ મ ગॅ રી સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર **મ** અને **સંવાદી** સ્વર **સા** છે. ગાવાનો સમય દિવસનો ત્રીજો પ્રહર છે.

(સ્થાયી)— **તાલ–રૂપક.**

અં૦કાય કીં ૦ મ ત બોલની જામે પ્રતિષ્ટા૦ તે થ કી
મપગ઼ રી સારીનુ઼સા ગ઼ મ પ પ મ ગ઼ગ઼ મપ ગ઼ રીસા

"જો કીર્ત્તિ લેવી"—"અંકાય" ચરણ પ્રમાણે.

(અંતરો)—

જો બોલ બોલી૦ મૂ ખ થી ક દિ કો લ કી ધો કો ૦ ૦ ઇથી૦૦
ની઼ ની઼ની઼ ની઼પ ની઼ સા઼ની઼સા઼ સા઼સા઼ ની઼ની઼ સા઼સા઼ ની઼સા઼રી઼સા઼ની઼ધપ

"તો કોલ"—"અંકાય" ચરણ પ્રમાણે.

---

૭ રાગ–કાલિંગડો. (જાતિ સંપૂર્ણ.)

આરોહ — અવરોહ

સા રી઼ ગ મ પ ધ઼ ની **સા** ની ધ઼ પ મ ગ રી઼ સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર **ગ** અને **સંવાદી** સ્વર **ની** છે. ગાવાનો સમય રાત્રીનો ત્રીજો પ્રહર છે.

(સ્થાયી)— **તાલ–રૂપક.**

અં૦ કા ૦ ય કીંમ ત બો ૦ લ ની જા મે પ્ર તિ ૦ ષ્ટા ૦ તે૦ થ કી
ગ મ પ ધ઼ ધ઼ ધ઼પ ધ઼ મ પ મ ગ મ ગ રી઼ સા નુી સા રી઼ ગ મ ગ મ

"જો કીર્ત્તિ લેવી"—"અંકાય" ચરણ પ્રમાણે.

(અંતરો)—

જો બોલ બોલી૦ મૂ ૦ખથી કદિ કો ૦ લ કીધો કોઈથી
મ મ મ મ ગ મ પ ધ઼ પ પ ગ મ પ ધ઼ ધ઼ ધ઼ ધ઼ પ મ પ

"તો કોલ"—અંકાય ચરણ પ્રમાણે.

---

૮ રાગ-ભૈરવી. (જાતિ સંપૂર્ણ.)

આરોહ　　　　　　　અવરોહ

સા રીૅ ગૅ મ પ ધૅ નીૅ **સા** નીૅ ધૅ પ મ ગૅ રીૅ સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર **મ** અને **સંવાદી** સ્વર **સા** છે. આ ગાયનમાં શુદ્ધ **રી** સ્વર પણ આવે છે. આ ઉપરાંત ભૈરવી રાગમાં ગાયક લોકો બારે સ્વરનો ઉપયોગ કરે છે. ગાવાનો સમય દિવસનો પ્રથમ પ્રહર છે.

(સ્થાયી)—　　　　　**તાલ-રૂપક.**

અંકા ૦ ય કીં મત બો ૦ લની જામે ૦ પ્રતિ ૦ ષ્ટા ૦ તે થકી

સાસારીૅસા નીૅધૅનીૅ સાગૅરીગૅ ગૅસારીૅ નીૅસારી ગૅમ ગૅરીૅસા

"જો કીર્ત્તિ લેવી"—"અંકાય" ચરણ પ્રમાણે.

(અંતરો)—

જો બોલ બોલી મૂખથી ક હિ કો લ કાંધો ૦ કો ૦ ઇથી

ધૅ ધૅ મ ધૅ નીૅ સાનીૅસા સાસા નીનીૅ સાસરીૅ સાનીૅધૅ પ

તો કોલ નિશ્ચે ૦ પા ૦ ળવા ૦ બોલ્યુ ૦ વ ચ ન ફ રશો ૦ ન હીં

સા પ પ પ ધૅપ મ પમગૅરી ગૅસારીૅ નીૅસારી ગૅમરીગૅ રીૅસા

---

૯ રાગ-ખમાજ. (જાતિ મિશ્ર-ઔડવ સંપૂર્ણ.)

આરોહ　　　　　　　અવરોહ

સા ગ મ પ ની **સા** નીૅ ધ પ મ ગ રી સા

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર **ગ** અને **સંવાદી** સ્વર **ધ** છે. ગાવાનો સમય રાત્રિનો પહેલો પ્રહર છે.

(સ્થાયી)—　　　　　**તાલ-રૂપક.**

અંકાય કીં ૦ મત બો ૦ લની જામે પ્રતિ ૦ ષ્ટા ૦ તે ૦ થકી

સાગગ ગમરીગ મપપ પ ગ મ પપસાનીૅધ પધ મગ

"જો કીર્ત્તિ લેવી"–"અંકાય" ચરણ પ્રમાણે.

(અંતરો)—

જો બોલ બોલી મૂખથી કદિ કોલ કીધો ૦ કોઇથી

મ પ પ નીની સાંસાંસાં પપ નીની સાંસાંરીં નીંધ પ

"તો કોલ"—"અંકાય" ચરણ પ્રમાણે.

---

૧૦ રાગ–ગારાધુન (રાગની ધુન એટલે ગાયકના મનસ્વીપણા ઉપર ગવાતો રાગ. તેવા પ્રકારનો આ રાગ હોવાથી આરોહ અને અવરોહના સ્વરો મુકયા નથી.)

આ રાગમાં એ રીતે સ્વરો આવે છે, તેમાં **વાદી** સ્વર **સા** અને **સંવાદી** સ્વર **મ** છે. ગાવાનો સમય દિવસ રાત્રિનો કોઈ પણ વખત.

(સ્થાયી)— **તાલ–ત્રિતાળ લાવણી.**

અંકાય કીંમત બોલની ૦ જામે પ્રતિષ્ટા ૦ તે થકી

રીરીપ મગગ રીસારીગૅ રીસા નીસાધનીં રીસારીગૅ

"જો કીર્ત્તિ લેવી"—"અંકાય" ચરણ પ્રમાણે.

(અંતરો)—

જો બો લ બોલી મૂખથી કદિ કોલ કીધો કોઇથી૦

નીં નીંનીં રીગ મ મ મ મમ મમ મ મ ગપમ ગ

"તો કોલ"—"અંકાય" ચરણ પ્રમાણે.

તાલ સંબંધી હકીકત

નિયત કાળને **માત્રા** કહેવામાં આવે છે, અને અમુક માત્રા ઉપર તાળી મારવાનું કુદરતાનુસાર નક્કી કરવામાં આવેલું હોય છે તેને **તાલ** કહે છે. તાલના બે પ્રકાર છે, **ભરી** અને **ખાલી**. ભરી તાલ મુકરર કરેલી જગાએ તાળી પાડી ધ્વનિ કરવો તે, અને ખાલી

એટલે નિયત કરેલી તાલની જગાએ કોઇ પણ જાતનો ધ્વનિ ન કરવો તે. જુદી જુદી રીતના તાલોના બંધારણમાં **સમ** એ નામની એક તાલની જગો નક્કી કરવામાં આવે છે. **સમ** એટલે જ્યાં ગાયનના રાગનું ગાયનની ઝમક સાથે સુંદર રૂપ જણાય તેવી મુકરર કરેલી મુખ્ય તાલ. આ તાલનો સંબંધ રાગની સાથે જોડાયેલો હોવાથી રાગમાં જે **વાદી સ્વર** હોય છે ત્યાંજ મોટા ભાગે **સમ તાલ** આવે છે એટલે તે ધોરણે ગાવામાં જે સ્વરોની નિયમિત ગતિ હોય છે તેને **લય** કહે છે અને તે લયના માત્રાના કાળના હિસાબે જે નિયમિત રીતે ખંડિત થયેલો ભાગ થાય છે તેને **તાલ** કહેવામાં આવે છે.

ઉપરના રાગોના નોટેશનમાં ત્રણ પ્રકારના તાલ આવે છે. **૧ ત્રિતાલ લાવણી, ૨ રૂપક અને ૩ દીપચંદી.** કયા રાગમાં કઈ તાલ આવે છે તે રાગના મથાળે બતાવવામાં આવ્યું છે, અને તે તાલની સામાન્ય સમજુત નીચે પ્રમાણે છેઃ—

તાલ–ત્રિતાળ લાવણી. માત્રા આઠ, તાલ ચાર. ત્રણ ભરી એક ખાલી. બીજી તાલ ઉપર સમ. તેના તબલાના બોલ–

```
×    |    ०    |
ધા ધી ન્ ધા તીન્તા ધીન્ ધાધીન્
 ०   |   ×   |   ०   |   × ‾ |
ચલા ० વા ० ० રા ० જ તં ० ત્રો ० ને ० ०
 ०   |   ×   |   ०   |   ×   |
નિ મે ० રા ० ० જા ० દિ વા ० નો ० ને ० ०
```

અક્ષર ઉપર મુકેલી × ચોકડી એ **સમ**, ० મીંડું એ **ખાલી** અને । ઉભી લીટી એ **સામાન્ય** તાલ સમજવી. ઉપરના એક ચરણની રચના પરથી સમજાશે કે તબલાના બોલ એક ચરણમાં એક સરખી રીતે આવી ગોળ ચક્રાવો (round આવર્તન) પૂરો થાય છે.

તાલ–દીપચંદી—ચૌદ માત્રા, તાલ ચાર, ત્રણ ભરી એક ખાલી. બીજી તાલ ઉપર **સમ.** તેમાં **સમ**ની તાલ એટલે બીજી

તાલ અને ચોથી તાલ જે ખાલી છે તે ત્રણ ત્રણ માત્રાની તાલ સમજવી, અને પહેલી અને ત્રીજી એ ચાર ચાર માત્રાની તાલ સમજવી. એ પ્રમાણે ચૌદ માત્રાનું આવર્તન પૂરૂં થાય છે. તેના બોલ—

× | ० |
ધા ધીન્‌ ધા ધા ધીન્‌ તા તીન્‌ ધા ધા ધીન્‌

० | × |
ચ લો ० ० વા ० ० ० રા ० ० ० ० ०

० | × |
જ તં ० ० ત્રો ० ० ० નેં ० ० ० ० ०

० | × |
નિ મેં ० ० રા ० ० ० જા ० ० ० ० ०

० | × |
દિ વાં ० ० નો ० ० ० નેં ० ० ० ० ०

એ રીતે તબલાના બોલ એક ચરણમાં એક સરખી રીતે આવી આવર્તન પૂરૂં થાય છે.

તાલ–રૂપક—માત્રા સાત. બે ભરી એક ખાલી. ખાલી તાલ ઉપર સમ. તેના બોલ—

० | |
ક ત્તી ના ધીન્‌ ત્રક ધીના

| ० | | ० |
અં ० કા ० ય કીં ० મ ત બો ० લ ની ०

| ० | | ० |
જા ० મે ० પ્ર તિ ० ષ્ટા ० તે ० થ કો ०

એ પ્રમાણે તબલાના બોલ એક ચરણમાં એક સરખી રીતે આવી આવર્તન પૂરૂં થાય છે.

ઉપર પ્રમાણે રાગોનાં નોટેશન અને તાલની સમજ અત્રેના વતની મારા મિત્ર સંગીતકાર **રા. પ્રાણસુખલાલ માનચંદ નાયક** કે જેમણે ભારતવર્ષના સંગીતશાસ્ત્રમાં નિપુણ અને નિષ્ણાત ગણાતા સુપ્રસિદ્ધ "હિન્દુસ્થાની સંગીત પદ્ધતિ–ક્રમિક પુસ્તક માલિકા" આદિ સંગીતશાસ્ત્રનું જ્ઞાન આપનાર ગ્રંથો મરાઠી ભાષામાં લખનાર શ્રી વિષ્ણુપંથ નારાયણ ભાતખંડે બી. એ. એલએલ. બી. (તખલ્લુસ

"ચતર") પાસે શિષ્ય તરીકે સંગીતનો શાસ્ત્રીય પદ્ધતિ અનુસાર અભ્યાસ કરી આશરે ત્રીસ વર્ષથી મુંબઇમાં શિક્ષક તરીકે કામ કરેલું છે એટલુંજ નહીં પરંતુ જેમણે સંગીત પ્રેમી સજ્જનો માટે "પ્રાણ-પ્રેમ પુષ્પમાલા" નામનું નોટેશન સાથે ગાયનોનું પુસ્તક પ્રસિદ્ધ કરેલું છે એવા અનુભવી સંગીતકારની સહાયથી તૈયાર કરવામાં આવ્યાં છે. તેમના બહોળા જ્ઞાન પ્રમાણે રાગોના સ્વરોની ધુન અને પલટાની ઝીણવટમાં અને ગાયનકલાના ઉંડા ભેદમાં નહીં ઉતરતાં આમવર્ગ સમજી શકે એ હેતુથી માત્ર સાદી રીતે ગાવાની ઢબમાં નોટેશન મુકવામાં આવ્યાં છે. આ શીવાય પણ બીજા રાગોમાં ઉપ-રની ગઝલો ગાઇ શકાય છે પરંતુ અત્રે તો માત્ર કેટલાક પ્રચલિત રાગો બતાવેલા છે. ભાઇશ્રી પ્રાણસુખલાલે આ કામમાં મને જે કીંમતી સહાય આપી છે તે માટે આ સ્થળે તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

નીતિતરંગિણી અથવા બોધદાયક ગઝલશતક

સમાપ્ત

પુસ્તક અને લેખકનો પરિચય.

પરિચયકાર— રા. સા. ગીરધરલાલ દયારામ મ્હેતા.

મેનેજર—જામનગર દ્વારકા રેલવે.

"**નીતિતરંગિણી** અથવા બોધદાયક ગઝલ શતક"ના લેખક **રાજરત્ન શ્રી મહાસુખભાઈ** મારા બાળમિત્ર થાય છે. તે બાર વરસના હતા ત્યારથી કાવ્ય લખે છે. તે તેમની કુદરતી બક્ષીસ છે. હમણાં ત્રણ વર્ષ ઉપરજ **સચિત્ર કાવ્યસરિતા**નો મોટો કાવ્યનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે. તે ઉપરાંત તેમણે **અમૃતસરિતા** નામની નવલકથાનાં બે વૉલ્યુમ, વિદ્વતા ભરેલી ટીકા સાથે **અનવરકાવ્ય, કમનસીબ કુમારિકાનો નાટ્યપ્રયોગ** વીગેરે ગ્રંથો રચેલા છે.

આ નીતિતરંગિણી પુસ્તકનાં કાવ્યો વાંચી ગયો છું. વડોદરાના સાપ્તાહિક **નવગુજરાત** પત્રમાં તે બે વર્ષથી દર અઠવાડીએ પ્રસિદ્ધ થતાં હતાં ત્યારથી વાંચતો આવ્યો છું. વિસનગરમાં "**રાજરત્ન મહાસુખભાઈ ટાઉન હૉલ**ની ઉદ્ઘાટન ક્રિયા અને તેમાં તેમના મુકેલા તૈલચિત્રની અનાવરણ વિધિ કરવાના પ્રસંગે ત્યાં ગયેલો ત્યારે આ પુસ્તકનાં છાપેલાં ફૉર્મ અને લખેલી પ્રસ્તાવના વાંચી ગયેલો.

આ કાવ્યોને જન્મ આપનાર તેમનાં ધર્મપત્ની સૌ૦ શાન્તા બ્હેનના અચાનક અવસાનથી ઉદ્ભવેલી તેમની માનસિક પરિસ્થિતિ છે એમ તેમણે તેની પ્રસ્તાવનામાં જણાવ્યું છે તે વાસ્તવિક છે. તેમનાં પ્રેમાળ ધર્મપત્નીના અવસાનથી તેમના હૃદય ઉપર સખ્ત ઘા થયેલો છે તે હું સારી રીતે સમજી શકું છું. તેમના હૃદયને શાંતિ આપવા કોઈ કોઈ વખત હું તેમને મારી સાથે મુસાફરીમાં લઈ જતો. ઘણી

વાર તેમને વિચારમાં મગ્ન થયેલા જોતો હતો અને કોઈ કોઈવાર તો પેન્સીલથી નોટબુકમાં કાવ્યો લખતા જોતો હતો.

સચિત્ર કાવ્યસરિતાની પ્રસ્તાવના ગુજરાતના સુપ્રસિદ્ધ નવલકથાકાર **રા. રમણલાલ વસંતલાલ દેસાઈ એમ. એ.** ના હસ્તે લખાયેલી છે. તે પુસ્તક છપાતું હતું તે સમયમાં લેખકનાં પત્ની દેવગત થયાં હતાં, તે દિલગીરી ભરેલા બનાવની નોંધ લેતાં પ્રસ્તાવનાના અંતમાં શ્રી રમણલાલ લખે છે કે—

"શ્રી મહાસુખભાઈ હજી કવિતા લખશે. એકદમ હૃદય બંધ પડવાથી તેમનાં પત્નીના અચાનક અવસાનથી હમણાં જ ઉદ્ભવેલો તેમના જીવનનો અત્યંત કરૂણ પ્રસંગ તેમના હૃદયને દ્રવતું રાખ્યા વગર રહેજ નહીં. હૃદયવેદના કવિતા દ્વારા ઉતારતાં તેઓ જરૂર બીજી કવિતાઓનો સંગહ પ્રસિદ્ધ કરે એમ હું ઇચ્છું છું."

શ્રી રમણલાલના આ શબ્દો અક્ષરે અક્ષર ખરા પડે છે. ખિન્ન હૃદયમાંથી ઉત્પન્ન થયેલાં નવીન કાવ્યો આ નીતિતરંગિણી સ્વરૂપમાં પ્રકટ થાય છે અને તે સાથે તેમનાં પત્નીના અવસાનથી તેમનું હૃદય કેવું દ્રવતું રહે છે તેનો પુસ્તકની શરૂઆતમાં તેમનાં પત્નીને આપેલી અંજલિનાં કાવ્યો ઉપરથી સ્પષ્ટ બોધ થાય છે. તે અંજલિનાં કાવ્યો વાંચતાંજ મારી આંખો આંસુથી ભરાઈ ગઈ હતી. લેખકની મનોદશા કેવી બનેલી છે તેનો તે પૂરેપૂરો ખ્યાલ આપે છે.

અંજલિનાં કાવ્યોમાં પોતાની પત્નીને જીવનસાથી તરીકે સંબોધી જે ઉદ્દગારો વ્યક્ત કર્યા છે તે યથાર્થ છે એમ તેમની સાથેના પરિચયના અનુભવ ઉપરથી કહી શકું છું. તેમનું દામ્પત્યજીવન સુખી હતું. તેમની સામાજિક, ધાર્મિક, સાંસારિક અને સાહિત્યપ્રવૃત્તિમાં તેમનાં સદ્દગત પત્ની સૌ૦ શાન્તા બ્હેન સારી રીતે રસ લઈ સંપૂર્ણ સહકાર આપી સાથી તરીકેની બધી ફરજો અદા કરતાં હતાં. અંજલિનાં "હવે એ સ્નેહ સાલે છે" અને "દવા ભુલવાની બતલાવે"

એ કાવ્યો બંનેનાં પરસ્પર રસમય અને સુખી જીવનનું, અને આઘાત પામેલું સખેદ હૃદય આઘાતના દર્દની દવાના અભાવે નિરાશાના શ્યામ અંધકારથી કેવું ઘેરાઈ જાય છે તેનું ભાન કરાવે છે.

લેખક ગર્ભશ્રીમંત હોવા છતાં તેમનું જીવન તદન સાદું છે એટલું જ નહીં પરંતુ અત્યાર સુધી વિચાર વાણી અને વર્તન એ ત્રણેનું એક સરખી રીતે પાલન કરી સામાજિક, ધાર્મિક અને રાજકીય ક્ષેત્રમાં નિડરતાથી અને નૈતિક બળથી કામ કરી પ્રજાસેવા કરતા આવ્યા છે અને તેથીજ તે દરેક સંસ્થામાં પોતાની પ્રવૃત્તિઓની સફળતા મેળવી શકયા છે.

ધર્મ અને નીતિ સંબંધી તેમના કેવા વિચારો છે, વ્યાવહારિક દષ્ટિએ કેટલા કેટલા અને કેવા પ્રકારના સુધારાની આવશ્યક્તા છે, સુધારાના બ્હાને દંભ અને સ્વાર્થ કેટલો બધો સેવાય છે, ભોળી જનતા કેવી રીતે ઠગાય છે, કુદરતમાં બનતા બનાવોમાંથી કેટલું ગ્રહણ કરવા જેવું છે અને કેટલું ત્યાગ કરવા જેવું છે ઇત્યાદિ અનેક બાબતો તેમના કાવ્યોરૂપી તરંગિણીના વહેતા પ્રવાહના તરંગોમાં સ્પષ્ટ રીતે શુદ્ધ સ્વરૂપમાં તરી આવી દ્દષ્ટગોચર થાય છે.

જેવા તે ૬૩ વર્ષના વયોવૃદ્ધ છે તેવા તે જ્ઞાનવૃદ્ધ અને પાકટ અનુભવી છે, તેમની વાણી "પરોપદેશે પાંડિત્યમ્" સમાન નહીં હોવાથી તેમના જીવનના વર્તનમાં એકસ્વરૂપે જોડાયેલી અત્યાર સુધી જોતો આવ્યો છું અને તેજ કારણથી દરેક પ્રયત્નમાં પરમેશ્વર તેમને વિજય પ્રાપ્ત કરાવે છે.

આવી રીતે સંતોષી અને સુખી જીવન ગુજારતા શ્રી મહાસુખભાઈનો જીવનસાથી આ ક્ષાની દુનિયામાંથી ઉડી જાય—અને તે પણ માત્ર ૨૦ મીનીટમાંજ હૃદય બંધ પડવાથી અચાનક રીતે—ઉડી જાય ત્યારે તેમનું હૃદય ખિન્ન અને ઘવાયેલું રહી શાન્તિ મેળવવાને પ્રયત્ન કરે એ સ્વાભાવિક છે.

આવા ખિન્ન હૃદયવાળા મારા મિત્રે જે ૧૦૦ ગઝલો પ્રસિદ્ધ કરી છે તેને હું નીતિના વચનામૃત સમાન માનું છું. ભાષા સહેલી, સાદી અને સચોટ છે. પાદપૂર્તિનાં ચરણો અસરકારક અને બોધદાયક છે.

આ પુસ્તક આમવર્ગને, ઉછરતા વિદ્યાર્થીઓને અને યુવકોને સ્ત્રી અને પુરૂષોને ઘણુંજ ઉપયોગી છે. શાળાઓમાં આ પુસ્તકનો ઉપયોગ થાય તો વિદ્યાર્થીઓના ચારિત્ર્યના ઘડતર ઉપર ઉચ્ચ નૈતિક સંસ્કારની સારી અસર થઈ શકે તેમ છે આમવર્ગ ઉપયોગ કરી શકે તે હેતુથી કીંમત પણ નજીવી રાખી છે.

લેખકે પોતાના સખેદ હૃદયના દુઃખનું નિવારણ કરવા અને તેને બને તેટલી શાંતિ આપવા કાવ્યોની મૈત્રી સાધી સંગીત તરફ પોતાના વિચારની તરંગિણીનો પ્રવાહ વાળ્યો હોય એમ છેવટે કાવ્યોનાં આપેલાં નોટેશન ઉપરથી સમજાય છે.

જામનગર.
સંવત્ ૧૯૯૫ ધનત્રયોદશી.

ગીરધરલાલ દયારામ મ્હેતા.

જાહેર ખબર.

અમૃતસરિતા.

(પ્રથમ અને દ્વિતીય તરંગ)

વર્તમાન અને ભાવિ સમયનું ભાન કરાવનાર, હૃદયભેદક, ડીટેકટીવોના ભેદથી ભરપૂર, હાસ્યજનક, દિલ ચોંકાવનાર, અનીતિના અખાડામાં અબલાના આપઘાતનું દયાર્દ્ર દશ્ય દર્શાવી સચોટ બોધ આપનાર, હૃદયને ઉંડી લાગણી કરાવનાર, પ્રપંચી પુરૂષોના પ્રપંચોને પ્રકાશમાં લાવી સત્ય પ્રકટ કરનાર, મલીન હૃદયની મલીનતાનું પ્રદર્શન કરાવી સુલેહશાંતિ અને સુધારાનો માર્ગ સૂચવનાર, વાંચવાલાયક બોધદાયક રસભરી સામાજિક નવલકથા.

પ્રથમ તરંગ—પૃષ્ટ ૪૦૦ કીંમત રૂ. ૧-૮-૦ પોસ્ટેજ ૦-૪-૦

દ્વિતીય તરંગ—પૃષ્ટ ૪૬૪ કીંમત રૂ. ૧-૮-૦ પોસ્ટેજ ૦-૪-૦

લેખક

મહાસુખભાઇ ચુનીલાલ. વિસનગર

બંને ભાગ સાથે મંગાવનાર પાસેથી પોસ્ટેજ લેવામાં આવશે નહીં.

ત્રણ રૂપીઆમાં વી. પી. થી મોકલવામાં આવશે.

અનવર કાવ્ય.

(છઠ્ઠી આવૃત્તિ સચિત્ર)

કાજી અનવરમીયાંનાં રચેલાં સમાધિ, યોગ, બ્રહ્મજ્ઞાન, અભેદ સ્વરૂપ, ભક્તિ ને નીતિનાં ભજન, પદ, ગરબી, ગઝલ, નસીહતો વિગેરેનો સવિસ્તર ટીકા અને વિવેચન સાથેનો કાવ્યસમૂહ. ૫૦૦ પૃષ્ટનું પાકા પુઠાનું પુસ્તક.

કીંમત રૂ. ૨-૦-૦ પોસ્ટેજ ૦-૪-૦

ટીકા સાથે પ્રસિદ્ધ કરનાર,

મહાસુખભાઈ ચુનીલાલ. વિસનગર.

જાહેર ખબર

સચિત્ર કાવ્યસરિતા.

(મોટા સુધારા વધારા સાથેની ત્રીજી આવૃત્તિ.)

આ ગ્રંથમાં કાવ્યોને સૃષ્ટિસૌન્દર્ય તરંગ, નીતિ તરંગ, વૈરાગ્ય તરંગ અને કાવ્યવિનોદ તરંગ, એમ ચાર વિભાગમાં ગોઠવ્યાં છે. તે સાથે ભાવદર્શક ૬૦ ચિત્રો જાણીતા કલાકાર કલાબ્ધિના હસ્તે તૈયાર કરાવેલાં આર્ટ પેપર ઉપર છાપેલાં મુકવામાં આવ્યાં છે. ચિત્રો સાથે કાવ્યનો ગ્રંથ આ પહેલોજ પ્રસિદ્ધ થયો છે. તેની પ્રસ્તાવના ગુજરાતના સુપ્રસિદ્ધ સાક્ષર શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇએ લખી છે. સુંદર પાકા પુંઠાનો ૫૩૦ પૃષ્ટનો દળદાર ગ્રંથ છે.

કીંમત રૂ. ૪–૦–૦ પોસ્ટેજ રૂ. ૦–૮–૦

લેખક

મહાસુખભાઈ ચુનીલાલ. વિસનગર.

કમનસીબ કુમારિકા

—નો—

સામાજિક ત્રિઅંકી નાટચ પ્રયોગ.

રૂઢીચુસ્તોની જહાંગીરીનો અને સુધારકોના સંપૂર્ણ નૈતિક બળની શિથિલતાનો ભોગ થઈ પડેલી કુસુમ કુમારિકાનું કરૂણાજનક દૃશ્ય.

કીંમત રૂ. ૦–૫–૦ પોસ્ટેજ ૦–૧–૩

લેખક

મહાસુખભાઇ ચુનીલાલ. વિસનગર.

ॐ